CMYK CMYK

RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ મહા સુદ -૬ | શનિવાર, તા.૨૪-૦૧-૨૦૨૬ | અંક : ૨૨ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# ભારતનું ઈરાનને ખુલ્લું સમર્થન : નિંદા પ્રસ્તાવ નકાર્યો

## ઈરાનમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો અને માનવાધિકારના મુદ્દે પશ્ચિમી દેશો દ્વારા લાવવામાં આવેલા નિંદા પ્રસ્તાવનો ભારતે કર્યો વિરોધ

નવી દિલ્હી

ઈરાનમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો અને માનવાધિકારના મુદ્દે પશ્ચિમી દેશો દ્વારા લાવવામાં આવેલા નિંદા પ્રસ્તાવનો ભારતે સખત વિરોધ કર્યો છે. ભારત આ વખતે પ્રસ્તાવથી દૂર નથી રહ્યું પરંતુ તેની વિરુદ્ધમાં વોટ આપીને અમેરિકા અને યુરોપિયન યુનિયનને ચોંકાવી દીધા છે.

આ મતદાન પ્રસ્તાવ સંખ્યા છ/ૐઈઝ/જી-૩૯/ન.૧ પર થયું હતું. જેનો હેતુ ઈરાનમાં ડિસેમ્બર ૨૦૨૫થી શરૂ થયેલા દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો પર ઈરાન સરકારની કાર્યવાહીની નિંદા કરવાનો અને તેની આંતરરાષ્ટ્રીય તપાસ કરાવવાનો હતો. યુએન હાઈ કમિશનર વોલ્કર તુર્કે આને 'ક્રૂર દમન' ગણાવી તપાસની માંગ કરી હતી.



સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના ૩૯મા વિશેષ સત્રમાં થયેલા આ મતદાનના પરિણામોએ વૈશ્વિક સ્તરે સ્પષ્ટ વિભાજન દર્શાવ્યું છે. જેમાં ફ્રાન્સ, જર્મની, જાપાન, યુકે, મેક્સિકો અને દક્ષિણ કોરિયા જેવા ૨૫ પશ્ચિમી અને અન્ય દેશોએ પ્રસ્તાવની પક્ષમાં (YES) વોટ આપ્યો હતો. તેની સામે ભારત, ચીન, પાકિસ્તાન, ઈન્ડોનેશિયા, ઈરાક, વિયેતનામ અને ક્યુબા સહિતના ૦૭ દેશોએ પ્રસ્તાવનો સખત વિરોધ કરતા વિરોધમાં (ર્ના) મતદાન કર્યું હતું. જ્યારે બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા અને બાંગ્લાદેશ જેવા ૧૪ દેશો આ પ્રક્રિયાથી અલિપ્ત રહીને તટસ્થ રહ્યા હતા.સામાન્ય રીતે ભારત આંતરરાષ્ટ્રીય મંચ પર આવા મુદ્દાઓ પર 'તટસ્થ' રહેવાની નીતિ અપનાવતું હોય છે, પરંતુ આ વખતે ઈરાનના મુદ્દે સીધો વિરોધ કરવા પાછળ ભારતની મજબૂત રણનીતિ રહેલી છે. ભારતે આ પગલા દ્વારા સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તેની વિદેશ નીતિ સંપૂર્ણપણે સ્વતંત્ર છે અને તે પશ્ચિમી દેશોના કોઈ પણ પ્રકારના દબાણ વગર પોતાના રાષ્ટ્રીય હિતોના આધારે નિર્ણય લેશે.

# તેહરાન પરના કોઈપણ હુમલાને પૂર્ણ યુદ્ધ ગણવામાં આવશે : ઈરાન

## અમેરિકાએ યુદ્ધ જહાજો રવાના કરતા ઈરાનની ટ્રમ્પને કડક ભાષામાં ચેતવણી

તેહરાન

ઈરાને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને કડક ચેતવણી આપી કહ્યું છે કે, તે તેહરાન પરના કોઈપણ હુમલાને "પૂર્ણ યુદ્ધ" ગણશે. ઈરાને એમ પણ કહ્યું છે કે આવી સ્થિતિમાં, તે શક્ય તેટલો મજબૂત જવાબ આપશે. આ ચેતવણી એવા સમયે આવી છે જ્યારે ટ્રમ્પે જાહેરાત કરી છે કે હિંસાગ્રસ્ત મધ્ય પૂર્વીય દેશમાં યુએસ યુદ્ધ જહાજોનો મોટો કાફલો મોકલવામાં આવી રહ્યો છે.

એક વરિષ્ઠ ઈરાની અધિકારીએ જણાવ્યું હતું કે આયાતુલ્લા અલી ખામેનીના નેતૃત્વ હેઠળની સરકાર અમેરિકા તરફથી સતત લશ્કરી ધમકીઓનો તમામ શક્ય માધ્યમોથી જવાબ આપશે. અધિકારીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે હુમલો મર્યાદિત હોય, વ્યાપક હોય કે કોઈપણ નામ હેઠળ કરવામાં આવે, ઈરાન તેને સંપૂર્ણ યુદ્ધ ગણશે. ઈરાની અધિકારીએ કહ્યું, આ વખતે અમે કોઈપણ હુમલાને અમારી સામે સંપૂર્ણ યુદ્ધ ગણીશું અને શક્ય તેટલો મજબૂત જવાબ આપીશું.મીડિયા અહેવાલો અનુસાર, યુએસ એરક્રાફ્ટ કેરિયર અબ્રાહમ લિંકન અને ટોમાહોક મિસાઈલોથી સજ્જ ત્રણ વિનાશક જહાજો મધ્ય પૂર્વમાં મોકલવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, યુએસ એરફોર્સે આ પ્રદેશમાં એક ડઝન ફાઈટર જેટ પણ તૈનાત કર્યા છે.અગાઉ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ધમકી આપતા કહ્યું હતું કે યુએસ ઈરાન પર નજીકથી નજર રાખી રહ્યું છે.

# આઠમાં પગારપંચના અમલ પહેલા નાણાકીય ક્ષેત્રના કર્મચારીઓના પગારમાં કરાયો વધારો

## પબ્લિક સેક્ટર જનરલ ઈન્શ્યોરન્સ કંપનીઓ, નાબાર્ડ અને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના કર્મચારીઓ તેમજ પેન્શનર્સ માટે પગાર અને પેન્શન વધારાને નાણાં મંત્રાલયની મંજૂરી

નવી દિલ્હી

કેન્દ્ર સરકારે પબ્લિક સેક્ટર જનરલ ઈન્શ્યોરન્સ કંપનીઓ, નાબાર્ડ અને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના કર્મચારીઓ તેમજ પેન્શનર્સ માટે પગાર અને પેન્શન વધારાને મંજૂરી આપી દીધી છે. નાણા મંત્રાલયના નિર્ણયથી નાણાકીય ક્ષેત્રના કર્મચારીઓના મનોબળમાં વધારો થશે અને નિવૃત્ત લોકોની સામાજિક સુરક્ષા વધુ મજબૂત બનશે.કેન્દ્ર સરકાર દ્વારા પબ્લિક સેક્ટર જનરલ ઈન્શ્યોરન્સ કંપનીઓના કર્મચારીઓના હિતમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે, જે અંતર્ગત તેમના પગારમાં કરવામાં આવેલો ફેરફાર ૧ ઓગસ્ટ, ૨૦૨૨થી અમલી ગણાશે. આ સુધારાના પરિણામે કંપનીઓના કુલ પગાર બિલમાં ૧૨.૪૧%નો વધારો થશે, જેમાં ખાસ કરીને મૂળ પગાર અને મોંઘવારી ભથ્થામાં ૧૪% સુધીનો વધારો સામેલ છે. સરકારના આ પગલાથી આશરે ૪૩,૨૪૭ કર્મચારીઓને સીધો આર્થિક ફાયદો થશે.કેન્દ્ર સરકાર દ્વારા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના નિવૃત્ત કર્મચારીઓ માટે પેન્શન અને ફેમિલી પેન્શનમાં નોંધપાત્ર સુધારો કરવામાં આવ્યો છે, જે ૧ નવેમ્બર ૨૦૨૨થી અમલી બનશે. આ ફેરફાર હેઠળ બેઝિક પેન્શન અને મોંઘવારી રાહત પર ૧૦%નો વધારો મંજૂર કરવામાં આવ્યો છે, જેના કારણે નિવૃત્ત કર્મચારીઓના મૂળ પેન્શનમાં ૧.૪૩ ગણો વધારો જોવા મળશે. આ નિર્ણયથી કુલ ૩૦,૭૬૯ લોકોને ફાયદો થશે. આ વધારા પાછળ સરકાર અંદાજે ૨,૬૯૬.૮૨ કરોડ રૂપિયાનો કુલ નાણાકીય ખર્ચ કરશે, જેમાં કર્મચારીઓને બાકી નીકળતા એરિયર્સ પેટે ૨,૪૮૫.૦૨ કરોડ રૂપિયાની એકીસાથે ચૂકવણી કરવામાં આવશે.નાબાર્ડના કર્મચારીઓ અને પેન્શનર્સ માટે સરકારે ખુશીના સમાચાર આપતા પગારમાં ૨૦% સુધીનો મોટો વધારો મંજૂર કર્યો છે, જે ૧ નવેમ્બર, ૨૦૨૨થી અમલી ગણાશે. આ નિર્ણય હેઠળ બેન્કના ગ્રુપ એ.,બી.,અને સી. કેટેગરીના તમામ કર્મચારીઓના પગાર અને ભથ્થામાં વધારો કરવામાં આવશે. આ ઉપરાંત, પેન્શનર્સ માટે પણ મહત્ત્વનો સુધારો કરતા જણાવાયું છે કે, જે કર્મચારીઓ ૧ નવેમ્બર, ૨૦૧૭ પહેલા નિવૃત્ત થયા હતા, તેમના પેન્શનમાં ફેરફાર કરીને હવે તેમને પૂર્વ-આર.બી.આઈ. નાબાર્ડ નિવૃત્ત કર્મચારીઓની સમકક્ષ લાવવામાં આવ્યા છે. આ પગલાથી વર્તમાન કર્મચારીઓની સાથે હજારો નિવૃત્ત લોકોને પણ મોટો આર્થિક લાભ મળશે.

# પાકિસ્તાનમાં લગ્ન પ્રસંગમાં થયેલા આત્મઘાતી હુમલામાં પાંચ લોકોના મોત

## ખૈબર પખ્તુનખ્વામાં શાંતિ સમિતિ સદસ્યના ઘરે લગ્ન સમારંભ દરમિયાન થયેલા હુમલામાં ૧૦ લોકોને ઈજા

ખૈબર પખ્તુનખ્વા

પાકિસ્તાનના ઉતર પશ્ચિમી વિસ્તાર ખૈબર પખ્તુનખ્વામાં એક શાંતિ સમિતિ સદસ્યના ઘરે લગ્ન સમારંભ દરમિયાન એક આત્મઘાતી હુમલો થયો, આ હુમલામાં ૫ લોકોના મોત થયા જ્યારે ૧૦થી વધુ લોકો ઘાયલ થયા, ડેરા ઈસ્માઈલ ખાન જિલ્લાના પોલીસ અધિકારીએ પુષ્ટિ કરી કે, આ એક આત્મઘાતી બોમ્બ હુમલો હતો, જે કુરેશી મોડ પાસે શાંતિ સમિતિના પ્રમુખ નૂર આલમ મહેસુદના ઘરે લગ્ન પ્રસંગ દરમિયાન થયો. હુમલા સમયે મહેમાનો નાચગાન કરી રહ્યા હતા. વિસ્ફોટ એટલો ભયાનક હતો કે રૂમની છત તૂટી પડી હતી, જેના કારણે બચાવકાર્ય મુશ્કેલ બન્યું હતું. ઘણા લોકો તેની નીચે દબાયેલા હતા. જિલ્લાની મુખ્ય હોસ્પિટલમાં ઈમરજન્સીની ઘોષણા કરી દેવામાં આવી હતી.'મહિનાની શરૂઆતમાં ખૈબર પખ્તુનખ્વામાં હથિયારધારી હુમલાખોરોએ શાંતિ સમિતિના ચાર સભ્યોની હત્યા કરી હતી, નવેમ્બર ૨૦૨૫માં ખૈબર પખ્તુનખ્વાના બન્નું જિલ્લામાં એક શાંતિ સમિતિના કાર્યાલય પર હુમલો કરવામાં આવ્યો હતો જેમાં સાત લોકો માર્યા ગયા હતા.

ખૈબર પખ્તુનખ્વા રેસ્ક્યૂ ૧૧૨૨ના પ્રવક્તાએ કહ્યું છે કે ૫ મૃતદેહ અને ૧૦ ઘાયલોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે ઘટનાની સૂચના મળતા જ સાત એમ્બ્યુલન્સ અને એક ફાયર વિભાગની ટીમ રવાના કરી દેવામાં આવી હતી. બચાવકાર્ય હાલ પ્રગતિ પર છે. અધિકારીઓએ વિસ્તારને ઘેરી લીધો છે તેમજ ગહન તપાસ શરૂ કરી દેવામાં આવી છે. પ્રાથમિક તપાસ મુજબ શાંતિ સમિતિના નેતા મૃતકોમાં વહિદુલ્લા મહેસૂદ ઉર્ફે જીગરી મહેસૂદનો પણ સમાવેશ થાય છે.

# ભારત અને અમેરિકા વચ્ચે હકારાત્મક વાતચીત દ્વારા ટેરિફમાં ઘટાડો થઈ શકે : સ્કોટ બેસન્ટ

## ભારત પર દ્વિસ્તરીય ટેરિફ માળખાથી અમેરિકાને ફાયદો થયો હોવાનો દાવો

વોશિંગ્ટન

ભારત પર લડવામાં આવેલ ટેરિફ અંગે સ્કોટ બેસેન્ટે સંકેત આપ્યો છે કે આગામી સમયમાં ભારત પર લાદવામાં આવેલ ૨૫% ટેરિફ પાછો ખેંચાઈ શકે છે.અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે ભારત પર લાદવામાં આવેલા ૨૫% ટેરિફને લઈને એક મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે આ ટેરિફ વ્યૂહરચનાને અમેરિકા માટે 'અત્યંત સફળ' ગણાવી છે, કારણ કે આ દબાણ બાદ ભારત દ્વારા રશિયા પાસેથી કરવામાં આવતી તેલની ખરીદીમાં મોટો ઘટાડો નોંધાયો છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, બેસેન્ટે હવે આ ટેરિફ હટાવવા તરફ ઈશારો કર્યો છે.અમેરિકાએ હાલમાં ભારત પર દ્વિ-સ્તરીય ટેરિફ માળખું અમલમાં મૂક્યું છે, જેના કારણે ભારતીય નિકાસકારો પર મોટો આર્થિક બોજ પડ્યો છે. આ અંતર્ગત સૌપ્રથમ ૨૫% સામાન્ય ટેરિફ લાદવામાં આવ્યો છે, જે ભારતની કુલ નિકાસના અંદાજે ૫૫% હિસ્સાને અસર કરે છે. આ ઉપરાંત, રશિયા પાસેથી તેલની ખરીદી ઘટાડવા માટે ભારત પર દબાણ લાવવાના હેતુથી ઓગસ્ટ ૨૦૨૫થી વધારાનું ૨૫% 'ઓઈલ પેનલ્ટી ટેરિફ' અમલી બનાવવામાં આવ્યું છે. આમ, આ બંને ટેરિફના સંયોજનને કારણે ભારતથી અમેરિકા મોકલવામાં આવતી ઘણી મહત્ત્વની વસ્તુઓ પર અત્યારે કુલ મળીને ૫૦% જેટલો જંગી ટેરિફ લાગુ છે.

# કોઈએ અમને રાષ્ટ્રવાદ પર વ્યાખ્યાન આપવાની જરૂર નથી : સ્ટાલિન

## વિધાનસભામાં રાષ્ટ્રગીત વગાડવા મામલે રાજ્યપાલ સાથેના વિવાદ પર સીએમ સ્ટાલિને આકરા પ્રહારો કર્યા

ચેન્નાઈ

તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને આજે જણાવ્યું હતું કે, રાજ્યપાલ આરએન રવિ વિધાનસભાના સંયુક્ત સત્રમાં કેબિનેટ દ્વારા મંજૂર કરાયેલ ભાષણ વાંચીને રાજ્યપાલના પદનો અનાદર કરી રહ્યા છે. સીએમ સ્ટાલિને તમિલનાડુ વિધાનસભામાં રાજ્યપાલની ટીકા કરી હતી. તાજેતરમાં, જ્યારે તમિલનાડુ વિધાનસભાના સંયુક્ત સત્રની શરૂઆતમાં રાષ્ટ્રગીત વગાડવામાં આવ્યું ન હતું, ત્યારે રાજ્યપાલ સત્રને સંબોધિત કર્યા વિના ગૃહ છોડી ગયા હતા, જેનાથી મોટો વિવાદ થયો હતો.

આ મુદ્દા પર બોલતા સીએમ સ્ટાલિને કહ્યું, રાજ્યપાલ સરકાર વિરુદ્ધ કામ કરી રહ્યા છે. તેઓ વારંવાર એક જ મુદ્દા પર વાંધો ઉઠાવે છે અને પછી ગૃહ છોડી દે છે. મને દેશ અને રાષ્ટ્રગીત પ્રત્યે ઊંડો આદર છે. કોઈને રાષ્ટ્રવાદ પર આપણને વ્યાખ્યાન આપવાની જરૂર નથી. વિધાનસભા સત્રની શરૂઆતમાં તમિલ થાઈ વઝ્ઝાથુ અને અંતે રાષ્ટ્રગીત ગાવાની પરંપરા રહી છે. મુખ્યમંત્રીએ કહ્યું, દ્રવિડ મોડેલ સરકારની સિદ્ધિઓને કારણે તમિલનાડુ પોતાનું માથું ઉંચુ રાખે છે. તમિલનાડુએ અન્ય રાજ્યો કરતાં વધુ વિકાસ કર્યો છે. તેનું કારણ અમારી યોજનાઓ છે. એક પછી એક સફળતા મેળવવી એ ડીએમકે સરકારની ઓળખ છે.

રાજ્યપાલ અંગે મુખ્યમંત્રીએ કહ્યું, હું આ સંકટનો સામનો કરી રહ્યો છું, પરંતુ મારા પુરોગામી, સીએન અન્નાદુરાઈ, એમ કરુણાનિધિ, એમજી રામચંદ્રન અને જે જયલલિતાએ આ સંકટનો સામનો કર્યો ન હતો.

# મુંબઈના ઓશિવારા હાઈ પ્રોફાઈલ ફાયરિંગ કેસમાં અભિનેતા કમાલ આર ખાનની કરાઈ ધરપકડ

મુંબઈ,

મુંબઈના ઓશિવારા વિસ્તારમાં થયેલા ફાયરિંગના હાઈ-પ્રોફાઈલ કેસમાં અભિનેતા કમાલ આર ખાનની ઓશિવારા પોલીસે સત્તાવાર રીતે ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, કમાલ આર ખાનને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

કમાલ આર ખાનનું નિવેદન નોંધવામાં આવ્યું છે, જેમાં તેણે કબૂલ્યું છે કે ફાયરિંગ તેના જ હથિયારથી થયું હતું. જોકે, ખાને દાવો કર્યો છે કે આ હથિયાર લાયસન્સવાળું છે. પોલીસ હાલ આ દાવાની ચકાસણી કરી રહી છે. શંકાસ્પદ હથિયારને ઓશિવારા પોલીસે જપ્ત કરી લીધું છે અને તેનાથી સંબંધિત દસ્તાવેજોની તપાસ કરવામાં આવી રહી છે.

આ કેસની તપાસ માટે ઓશિવારા પોલીસ સ્ટેશનની ૧૮ સભ્યોની ટીમની સાથે ક્રાઈમ બ્રાન્ચની ઘણી ટીમો પણ લાગેલી હતી. શરૂઆતમાં, પોલીસને સીસીટીવી ફૂટેજમાંથી કોઈ નક્કર પુરાવા મળ્યા ન હતા. આ પછી, ફોરેન્સિક ટીમની મદદથી પોલીસ એ નિષ્કર્ષ પર પહોંચી કે ગોળીઓ સંભવતઃ કમાલ આર ખાનના બંગલાની દિશામાંથી ચલાવવામાં આવી હોઈ શકે છે. તપાસ દરમિયાન, પોલીસે નજીકની નાલંદા સોસાયટીમાંથી બે ગોળીઓ પણ જપ્ત કરી છે, જેમાં એક ગોળી બીજા માળેથી અને બીજી ગોળી ચોથા માળેથી મળી આવી હતી.ઓશિવારા પોલીસના જણાવ્યા અનુસાર, શુક્રવારે મોડી સાંજે કમાલ આર ખાનને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો.




CMYK CMYK

# બિટકોઈન હેરાફેરીમાં ૪૪ કરોડનું ક્રિપ્ટો ટ્રાન્ઝેક્શન : ૧૯ કરોડની મિલકત જપ્ત

## ઈડીએ અપહરણ બાદ બિટકોઈનની હેરાફેરી કયા રૂટથી કરવામાં આવી હતી તે અંગેના સ્પષ્ટ પુરાવા એકત્ર કરી કરોડોની મિલકતો ટાંચમાં લીધી

અમદાવાદ,

ગુજરાતના બહુચર્ચિત અપહરણ અને બિટકોઈન હેરાફેરી કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને મોટી સફળતા મળી છે. ઈડીએ મુખ્ય આરોપી શૈલેષ ભટ્ટના ભત્રીજા નિકુંજ ભટ્ટ તેમજ પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાના સંબંધી સંજય કનુભાઈ કોટડિયાના રિમાન્ડ દરમિયાન મહત્ત્વના અને ચોંકાવનારા પુરાવા એકત્ર કર્યા છે. ઈડીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ તપાસ કરતાં તા. ૯-૧-૨૦૨૬ના રોજ પાંચ અલગ-અલગ સ્થળોએ દરોડા પાડ્યા હતા, જેમાં અનેક ડિજિટલ ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા હતા. આ ઉપકરણોની



ફોરેન્સિક તપાસ દરમિયાન મ્યુચ્યુઅલ ફંડમાં કરાયેલા રોકાણ સંબંધિત દસ્તાવેજો મળી આવ્યા છે. ઉપરાંત ક્રિપ્ટો કરન્સી અને ભારતીય ચલણ રૂપે કુલ રૂ. ૧૯ કરોડની મિલકત જપ્ત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ CID ક્રાઈમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી, પરંતુ તે દરમિયાન એકપણ બિટકોઈન કબજે કરી શકાયું નહોતું. જ્યારે ઈડીએ અપહરણ બાદ બિટકોઈનની હેરાફેરી કયા રૂટથી કરવામાં આવી હતી તે અંગેના સ્પષ્ટ પુરાવા એકત્ર કરી કરોડોની મિલકતો ટાંચમાં લીધી છે.

સુરતમાં ૨૨૫૪ બિટકોઈન, ૧૧ હજાર લાઈટ કોઈન અને ૧૪.૫૦ કરોડ રોકડા અપહરણ કરીને પડાવી લેવાના મામલે સીઆઈડી ક્રાઈમ, સુરતમાં ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદના આધારે ઈડીએ પીએમએલએ હેઠળ કેસ નોંધીને તપાસ શરૂ કરી હતી.

# ગુજરાતમાં રૂ.૧૨,૦૦૦ કરોડની ટેકાના ભાવે ખરીદી

## અતિવૃષ્ટિ બાદ રાજ્ય સરકારે ખેડૂતો પાસેથી મગફળી, અડદ અને સોયાબીન ખરીદી આર્થિક ટેકો આપ્યો

ગાંધીનગર

ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં એક ઐતિહાસિક નિર્ણય લેતા ખરીફ સીઝનના પાકોની અંદાજે ૧૨,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના મૂલ્યે ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. આ નિર્ણયને ખેડૂતો માટે અત્યંત લાભદાયી ગણાવતા પ્રદેશ કિસાન મોરચાના અધ્યક્ષ હિરેન હિરપરાએ જણાવ્યું હતું કે, અતિવૃષ્ટિના કારણે ખેડૂતોને થયેલા ભારે નુકસાન સામે સરકારનો આ નિર્ણય આશીર્વાદરૂપ સાબિત થયો છે.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ આપેલી માહિતી મુજબ, અત્યાર સુધીમાં ૬,૩૩,૧૪૯ લાભાર્થી ખેડૂતોને ૯,૯૦૭.૮૬ કરોડ રૂપિયાની ચૂકવણી સફળતાપૂર્વક કરી દેવામાં આવી છે. આ વર્ષે મગફળી, અડદ અને સોયાબીન જેવા મહત્વના ખરીફ પાકો માટે ૨૦ જાન્યુઆરી સુધીમાં કુલ ૧૦.૧૧ લાખ જેટલા ખેડૂતોએ નોંધણી કરાવી હતી. ખેડૂતોને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે સરકાર દ્વારા કરવામાં આવેલી આ કામગીરીથી ગ્રામીણ અર્થતંત્રને મોટો વેગ મળશે.

ચાલુ વર્ષે મગફળીના પાકમાં ગત વર્ષની સરખામણીએ વધુ ખેડૂતોએ રસ દાખવ્યો છે. કુલ ૯.૩૧ લાખ ખેડૂતોએ ટેકાના ભાવે વેચાણ માટે નોંધણી કરાવી છે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકારે ગુજરાત માટે ૨૦.૧૦ લાખ મેટ્રિક ટન મગફળી ખરીદવાની મંજૂરી આપી છે. હિરેન હિરપરાએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ચાલુ ખરીફ સીઝનમાં કુલ ખરીદીનું મૂલ્ય ૧૫,૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી શકે છે, જે ખેડૂતોની આવકમાં મોટો ઉછાળો લાવશે.

તુવેર પાકની વાત કરીએ તો, ૨૨ ડિસેમ્બરથી ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં e-Samruddhi પોર્ટલ પર ૧,૩૦,૬૪૦ ખેડૂતોની નોંધણી થઈ ચૂકી છે. આ વખતે પ્રથમવાર NAFED ના પોર્ટલ પર આધાર આધારિત 'Thumb Impression' અથવા 'Face Recognition' જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને વિનામૂલ્યે નોંધણી કરવામાં આવી રહી છે. ભારત સરકારના માર્ગદર્શન મુજબ, તુવેર, અડદ અને મસૂર પાકની ખરીદી રાજ્યના કુલ ઉત્પાદનના ૧૦૦ ટકા સુધી પહોંચવાની શક્યતા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્ય સરકાર આધુનિક ટેકનોલોજીના માધ્યમથી ખેતીને વધુ નફાકારક બનાવવા પ્રયત્નશીલ છે. સરકારના આ પ્રોત્સાહનથી ખેડૂતો નવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી રહ્યા છે. અતિવૃષ્ટિ સમયે હેક્ટર દીઠ સહાય અને ત્યારબાદ મોટા પાયે ટેકાના ભાવે ખરીદીના નિર્ણયોએ સાબિત કર્યું છે કે સરકાર ધરતીપુત્રોની પડખે મજબૂતીથી ઊભી છે. આવનારા દિવસોમાં કૃષિ મંત્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાતનો ખેડૂત વધુ સમૃદ્ધ અને આત્મનિર્ભર બનશે તેવો દ્રઢ વિશ્વાસ મીડિયા વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે.

# MLA ક્વાર્ટ્સમાં સોલારથી દર મહિને ૧૨ હજાર યુનિટ વીજળીનું ઉત્પાદન થશે

ગાંધીનગર

શહેરના સેક્ટર-૧૭માં ધારાસભ્યો માટે બનાવવામાં આવેલા આધુનિક સદસ્ય નિવાસ પરિસરમાં ૨૦૦ કિલોવોટ ક્ષમતાની સોલાર રૂફટોપ સિસ્ટમ કાર્યરત કરવામાં આવી રહી છે. પૂનઃ પ્રાપ્ય ઊર્જાના વપરાશને પ્રોત્સાહન આપવા માટે અને સંકૂલના વીજ ખર્ચમાં બચતના ભાગરૂપે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી છે. સદસ્ય નિવાસ સંકુલમાં સોલાર રૂફટોપથી દર મહિને ૧૨ હજાર યુનિટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવશે.

હાલ આ પ્રોજેક્ટ હેઠળ સોલાર પેનલ્સ લગાવવાની કામગીરી ચાલી રહી છે. જે માર્ચ મહિના સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે. આ સમગ્ર સંકુલ ૨૮,૫૭૬ ચોરસમીટરમાં તૈયાર કરવામાં આવ્યું છે અને ૩૨૫ કરોડના ખર્ચે ધારાસભ્યો માટે આલિશાન ફ્લેટ તૈયાર કરવામાં આવ્યા છે. ધારાસભ્યોને ૩ બેડરૂમ, લિવિંગ, ઓફિસ રૂમ, કિચન અને સર્વન્ટ રૂમ સાથેનો ફ્લેટ ઉપરાંત આધુનિક ફર્નિચરની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

ગત નવેમ્બર મહિનામાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સંકુલમાં વિશાળ ગાર્ડન, ૩૦૦ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતો મલ્ટીપર્પઝ હોલ, સ્વિમિંગ પૂલ, હાઈ-ટેક જીમ અને ઈન્ડોર સ્પોર્ટ્સ એરિયા પણ છે.

# ગાંધીનગર જિલ્લાની ગ્રામ પંચાયતોમાં ડિજિટલ સેવાઓ ઠપ થવાની શક્યતા

## જિલ્લાની ગ્રામ પંચાયતોના તાલુકા લેવલ એક્ઝિક્યુટીવ ને ફેબ્રુઆરીથી છૂટા કરાશે

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાની ગ્રામ પંચાયતોમાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના હેઠળ કાર્યરત તમામ તાલુકા લેવલ એક્ઝિક્યુટીવ (ટીએલઈ) તથા અન્ય કર્મચારીઓને તેમની નોકરીમાંથી દૂર કરવાની કાર્યવાહી શરૂ થઈ છે, જેને લઈને કર્મચારીઓના પ્રતિનિધિ મંડળે ગુરુવારે ડીડીઓને પત્ર લખી બરતરફીના આદેશને તરત રદ કરવાની માંગણી કરી છે.

પત્ર મુજબ, કુલ ૭૦ કર્મચારીઓને ૧ ફેબ્રુઆરીથી ફરજમાંથી મુક્ત કરવા જણાવવામાં આવ્યું છે. આમાં રાજ્ય અને જિલ્લા સ્તરના એક્ઝિક્યુટિવ, આધાર કોઓર્ડિનેટર, સહાયક, પ્રોજેક્ટ કોઓર્ડિનેટર અને મેનેજરોનો સમાવેશ થાય છે. કર્મચારીઓએ જણાવ્યું છે કે અચાનક લેવાયેલો આ નિર્ણય તેમની રોજગાર સુરક્ષા માટે ગંભીર ચિંતા ઊભી કરે છે. પત્રમાં વધુમાં જણાવાયું છે કે વિકાસ કમિશનરે આ માટેની એજન્સી આર્મી ઈન્ફોટેકને પત્ર લખી માનવ સંસાધનનો ઉપયોગ સીમિત કરવા સૂચના આપી છે. આ સૂચના બાદ કંપનીએ ગાંધીનગર જિલ્લામાં કામ કરતા કર્મચારીઓને ફરજમાંથી દૂર



કરવાની પ્રક્રિયા શરૂ કરી હોવાનું જણાવાયું છે.

કર્મચારીઓએ જણાવ્યું છે કે ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના ગામડાંમાં ડિજિટલ સેવાઓ પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. અનુભવી કર્મચારીઓને દૂર કરવાથી ગ્રામ પંચાયતોમાં નાગરિકોને મળતી સેવાઓ પર ખરાબ અસર પડશે. કર્મચારીઓએ જિલ્લા તંત્રને અપીલ કરી છે કે નિર્ણયની ફરી સમીક્ષા કરી ન્યાય આપવો જોઈએ. હાલ સમગ્ર મામલો જિલ્લા તંત્રના જવાબની રાહ જોઈ રહ્યો છે. જો સત્વરે નિર્ણય નહીં લેવાય તો આ કર્મચારીઓને રોજગારી ગુમાવવી પડે તેવી સ્થિતિ સર્જાશે. આ કર્મચારીઓ મારફતે જ ગ્રામ્ય વિસ્તારના લોકો અને ખેડૂતોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળતો હોય છે. તેમને છૂટા કરવાથી તે કામગીરીમાં પણ અવરોધ ઉભો થશે.

# સ્પેસ ટેક્નોલોજીમાં નવો યુગ સાણંદમાં દેશની પ્રથમ પ્રાઈવેટ સેટેલાઈટ ફેક્ટરી બનશ

નવી દિલ્હી,

ઓટોમોબાઈલ અને ફાર્મા હબ તરીકે જાણીતું સાણંદ હવે સ્પેસ ટેકનોલોજીનું કેન્દ્ર બનશે. અહીંના ખોરજ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં અઝિસ્ટા સ્પેસ દ્વારા ?૫૦૦ કરોડના રોકાણ સાથે દેશની પ્રથમ પ્રાઈવેટ 'ઈલેક્ટ્રો-ઓપ્ટિકલ પેલોડ ફેક્ટરી'નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે, જ્યાં સંપૂર્ણ સ્વદેશી ટેકનોલોજીથી સેટેલાઈટનું નિર્માણ કરવામાં આવશે.


ઓટોમોબાઈલ અને ફાર્મા હબ તરીકે પ્રખ્યાત સાણંદના ખોરજ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં અઝિસ્ટા સ્પેસની અત્યાધુનિક 'ઈલેક્ટ્રો-ઓપ્ટિકલ પેલોડ ફેક્ટરી'નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ દેશનો પ્રથમ ઈન્ટિગ્રેટેડ પ્રાઈવેટ સેટેલાઈટ પ્લાન્ટ બનશે, જ્યાં સંપૂર્ણ સ્વદેશી ટેકનોલોજીના ઉપયોગથી સેટેલાઈટનું નિર્માણ કરવામાં આવશે.

આ ફેક્ટરીમાં સેટેલાઈટના ડિઝાઈનિંગથી લઈને તેના ફાઈનલ ટેસ્ટિંગ સુધીની તમામ પ્રક્રિયાઓ એક જ છત નીચે સંપન્ન કરવામાં આવશે, જે ભારતની રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યુહાત્મક સજ્જતામાં પાયાનું યોગદાન આપશે. સાણંદની પસંદગી અંગે અઝિસ્ટા સ્પેસના એમ.ડી. શ્રીનિવાસ રેડ્ડીએ જણાવ્યું હતું કે, 'અમદાવાદ એ સેટેલાઈટના હૃદય સમાન ગણાતા પેલોડનું મુખ્ય કેન્દ્ર હોવાથી અમે આ વિસ્તારની પસંદગી કરી છે.

# ગુજરાતી તખ્તા તથા ટેલિવિઝનના પ્રખ્યાત અભિનેતા રાજુ બારોટનું ૭૫ વર્ષની વયે નિધન

અમદાવાદ

રંગભૂમિને વફાદાર રંગકર્મીના અવસાનથી સમગ્ર કલાજગતમાં શોકનો માહોલ સર્જાયો છે. ઉત્તમ કલાકાર અને ઉમદા માનવી એવા રંગકર્મી રાજુ બારોટ હવે આપણી વચ્ચે નથી રહ્યાં, તેમણે આ દુનિયાને અલવિદા કહીં દીધું છે. ગુજરાતી તખ્તા તથા ટેલિવિઝન ના પ્રખ્યાત અભિનેતા, દિગ્દર્શક, ગાયક, સ્વરકાર અને એટલા જ ઉમદા વ્યક્તિત્વ રાજુ બારોટનું ૭૬ વર્ષની વયે હાર્ટ એટેકથી નિધન થયું છે. તેઓ ઉત્તરાખંડના પ્રવાસ પર હતા ત્યારે હૃદયરોગના હુમલાથી નિધન થયું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.



રાજુ બારોટના પાર્થિવ દેહને આવતીકાલે સાંજે અમદાવાદ લાવવામાં આવે તેવી શક્યતાઓ છે. રંગકર્મી રાજુ બારોટે નાટક અને સાથી તજજ્ઞ તરીકે કરેલી રંગભૂમિની વિલક્ષણ ચર્ચા હંમેશા યાદ રહેવાની છે. દાયકાઓ સુધી રંગમંચને જીવંત રાખનાર આ દિગ્ગજ કલાકારના જવાથી ગુજરાતી નાટ્ય જગતે એક અનમોલ રત્ન ગુમાવી દીધું છે. જેથી રંગકર્મીઓમાં પણ શોકની લહેર ફરી વળી છે.

રાજુ બારોટે વર્ષ ૧૯૭૭માં ભારતની પ્રતિષ્ઠિત નેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાંથી અભ્યાસ પૂર્ણ કર્યો હતો. અભ્યાસ બાદ તેઓ NSD રિપર્ટરી કંપનીના સભ્ય પણ રહ્યા હતા. રાષ્ટ્રીય સ્તરે ઉજ્જવળ કારકિર્દીની તકો હોવા છતાં તેમણે પોતાની માતૃભૂમિ ગુજરાત પરત ફરવાનું પસંદ કર્યું હતું. રાજુ બારોટે પોતાનું આખું જીવન ગુજરાતી રંગભૂમિના ઉત્થાન માટે સમર્પિત કરી દીધું છે. તેમની આ સમર્પણને પણ ગુજરાતી રંગભૂમિ હંમેશા યાદ રાખશે.

# ધોળકાના કૌકા ગામે લગ્ન પ્રસંગમાં મીઠાઈ ખાધા બાદ ફૂડ પોઈઝનિંગથી ૫૦થી વધુ લોકોની તબિયત બગડી

અમદાવાદ

જિલ્લાના ધોળકા તાલુકાના કૌકા ગામથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગત રાત્રિએ અહીં એક લગ્ન પ્રસંગમાં ભોજન લીધા બાદ મોટા પાયે ફૂડ પોઈઝનિંગની ઘટના બની છે. વ્હોરા મુસ્લિમ સમાજના એક લગ્ન પ્રસંગમાં પીરસાયેલી મીઠાઈ ખાવાથી અચાનક લોકોની તબિયત લથડતા સમગ્ર પંથકમાં દોડધામ મચી ગઈ છે.

કૌકા ગામે આયોજિત લગ્ન પ્રસંગમાં પરંપરાગત 'સામસામે મીઠાની રસમ' હતી. ગ્રામજનોમાં ચર્ચા છે કે આ મીઠાઈ ખાધા બાદ જ લોકોને ઉલ્ટી અને ઉબકા આવવાની શરૂઆત થઈ હતી. જોતજોતામાં બીમાર લોકોનો આંકડો ૫૦ને પાર કરી ગયો હતો. પરિસ્થિતિ એટલી ગંભીર હતી કે તાત્કાલિક ધોળકા અને વટામણ સહિતના વિસ્તારોમાંથી ૫ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે બોલાવવી પડી હતી.દર્દીઓની સંખ્યા વધારે હોવાથી ગામની નૂર હાઈસ્કૂલ ખાતે જ તમામ લોકોને ખસેડવામાં આવ્યા હતા



અને ત્યાં જ કામચલાઉ હોસ્પિટલ જેવું વાતાવરણ ઉભું કરી સારવાર શરૂ કરી દેવામાં આવી હતી. ?આરોગ્ય વિભાગની ટીમ દોડતી થઈ ગઈ હતી.જે પૈકી ૫ લોકોની હાલત વધુ નાજુક જણાતા તેમને તાત્કાલિક ધોળકાની હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા.ઘટનાની જાણ થતા જ આરોગ્ય વિભાગની ટીમ કાફલા સાથે કૌકા ગામે પહોંચી હતી. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ખાણી-પીણીના નમૂના લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. હાલમાં તમામ દર્દીઓની તબિયત સ્થિર હોવાનું જાણવા મળી રહ્યું છે.

# સિંગતેલના ભાવમાં એક જ દિવસમાં ૪૦ રુપિયાનો ધરખમ વધારો, એક મહિનામાં ૨૦૦ રુપિયા વધ્યા

અમદાવાદ,

સિંગતેલમાં એક જ દિવસમાં ૪૦ રૂપિયાનો ધરખમ વધારો નોંધાયો છે. આ સાથે એક મહિનામાં સિંગતેલના ડબ્બામાં રૂપિયા ૨૦૦નો વધારો થયો છે. ત્યારે આ ભાવ વધારાને લઈને સૌરાષ્ટ્ર ઓઈલ મીલ એસો.ના પ્રમુખનું નિવેદન આપ્યું છે. મળતી માહિતી મુજબ "માવઠાના કારણે મગફળીના પાકને નુકસાન થયું છે જેના લીધે મગફળીના તેલના ભાવમાં વધારો નોંધાયો છે. સરકાર દ્વારા પણ ૧૭ લાખ ટન મગફળીની ખરીદી કરી હતી, જે બાદ "પિલાણ લાયક મગફળીનો જથ્થો ઓછો હોવાના કારણે તેલના ભાવમાં વધારો થયો છે.એક મહિના પહેલા સિંગતેલના ડબ્બાના ભાવ ૨૫૯૦ હતા જ્યારે હાલમાં સીંગતેલના ડબ્બાનો ભાવ ૨૭૮૫ થયા છે.

# રાજ્યના ગામડાઓ ઈકોનોમી હબ બનશે ત્યારે જ વિકસિત ભારત વિઝન સાકાર થશે: ગ્રામ વિકાસ મંત્રી

## ગ્રામ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતામાં વિવિધ યોજનાઓની વ્યાપક સમીક્ષા અંગે બેઠક યોજાઈ

ગાંધીનગર,

ગ્રામ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતામાં તાજેતરમાં ગાંધીનગર ખાતે ગ્રામ વિકાસ અંતર્ગત અમલીકૃત યોજનાઓની કામગીરી અંગે વ્યાપક સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં મંત્રીએ પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ(PMAY-G), સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ(SBM-G), મહાત્મા ગાંધી નરેગા(MGNREGA) અંતર્ગત કરવામાં આવતી વિવિધ કામગીરીની વિસ્તૃત માહિતી મેળવી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત@૨૦૪૭ના વિઝન પર ભાર મુકતાં ગ્રામ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ



જણાવ્યું હતું કે, રાજ્યના ગામડાઓ ઈકોનોમી હબ બનશે ત્યારે જ વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થશે. જેથી ગામોને શહેર જેવા વિકસિત બનાવવા "Innovative of life" સુનિશ્ચિત કરવી ખૂબ જરૂરી છે.

તેમણે કહ્યું હતું કે, રાજ્યના તમામ ગામોમાં શહેર જેવી સુવિધાઓ ઉભી કરવી તેમજ ગ્રામ્ય કક્ષાના કામો ઝડપી, ગુણવત્તાયુક્ત અને નક્કર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. મંત્રીએ ઉપસ્થિત અધિકારીઓને રાજ્યના છેવાડાના નાગરિકો વિકાસથી વંચિત ન રહે તે માટે સરકારી ભૌતિક તથા નાણાકીય લક્ષ્યો સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે સુચારું આયોજન કરવાના નિર્દેશો આપ્યા હતા.

આ સમીક્ષા બેઠકમાં ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવ ધનંજય દ્વિવેદી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અધિક કમિશનર બી.એમ પ્રજાપતિ સહિત રાજ્યના તમામ જિલ્લાના નિયમકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૨૬ જાન્યુઆરીએ રાજ્યપાલ અને મુખ્યમંત્રીના હસ્તે ૪૩ જવાનોનું સન્માન

## બોર્ડર વિંગ-નાગરિક સુરક્ષા-ગ્રામ રક્ષક દળના જવાનો થશે ગૌરવભેર નવાજિત

ગાંધીનગર

૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના પ્રજાસત્તાક દિન નિમિત્તે હોમગાર્ડ–બોર્ડર વિંગ હોમગાર્ડ, નાગરિક સંરક્ષણ તેમજ ગ્રામ રક્ષક દળના ૪૩ અધિકારી-સદસ્યોને રાજ્યપાલ અને મુખ્યમંત્રીના હાથે ચંદ્રક એનાયત કરવામાં આવશે.

ડાયરેક્ટર જનરલ (સિવિલ ડિફેન્સ) અને હોમગાર્ડ-ગુજરાતના નિયંત્રણ હેઠળ કાર્યરત હોમગાર્ડ, નાગરિક સંરક્ષણ તથા ગ્રામ રક્ષક દળ દ્વારા આપેલી ઉત્કૃષ્ટ સેવા, પ્રશંસનીય કામગીરી અને વિશિષ્ટ યોગદાન બદલ આ સન્માન આપવામાં આવશે.

આ ચંદ્રક માટે કુલ ૪૩



અધિકારી-સદસ્યોની પસંદગી કરવામાં આવી છે, જેમાં ૨૫ હોમગાર્ડ, ૩ બોર્ડર વિંગ હોમગાર્ડ, ૫ નાગરિક સંરક્ષણ અને ૧૦ ગ્રામ રક્ષક દળ/સાગર રક્ષક દળના અધિકારી-સદસ્યોનો સમાવેશ થાય છે. પ્રજાસત્તાક દિને યોજાનારા કાર્યક્રમમાં આ તમામ જવાનોને રાજ્યસ્તરે ગૌરવભેર સન્માનિત કરવામાં આવશે.

# જામનગર મહાપાલિકા દ્વારા પીએમ સ્વનિધિ યોજના અન્વયે લાભાર્થીઓને ચેક વિતરણ






તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકાના કમિશનર ડી.એન. મોદી માર્ગદર્શન હેઠળ ભારત સરકારની પીએમ સ્વનિધી યોજના અન્વયે એક લાખ લાભાર્થીઓને લોન વિતરણ અને ક્રેડિટ કાર્ડ શુભ આરંભ કરાયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને તીરૂવનંતપુરમ કેરળ ખાતે યોજનાર કાર્યક્રમનું લાઇવ પ્રસારણ કાર્યક્રમનું આયોજન એમ.પી. શાહ મ્યુનીસીપલ ટાઉન હોલ (સેલાર) ખાતે રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, કમિશ્નર ડી.એન.મોદી, ડેપ્યુટી કમિશ્નર ડી. એ. ઝાલા, શાસક પક્ષનાં નેતા આશિષભાઈ જોષી, શહેર ભાજપ અધ્યક્ષ બીનાબેન કોઠારી તથા અન્ય પદાધિકારીઓ, અધિકારીઓ અને સ્ટાફગણ તથા બહોળી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ યોજના હેઠળ પ્રથમ લોન રૂ. ૧૫૦૦૦ ના ૫, બીજી લોન રૂ. ૨૫૦૦૦ નાં ૫ તથા ત્રીજી લોન રૂ. ૫૦૦૦૦ નાં ૫ લાભાર્થીઓને લોનસહાય ચેક અપાયા હતા. ગ્રામીણ બેંકનાં ચીફ મેનેજર સંદીપ તન્ના દ્વારા લાભાર્થીઓને રૂ.૩૦૦૦૦ ના કેશ ક્રેડિટ કાર્ડ વિશે તેમજ યોજના વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

## જામનગરમાં જીએસટી નોંધણી પ્રક્રિયા સરળ બનાવવા માટે સેવા કેન્દ્ર શરૂ કરાશે

જામનગર : સંસદ પૂનમબેન માડમ, ધારાસભ્યઓની રજૂઆત, કરદાતાઓની સમસ્યાઓ અંગે વિવિધ વેપારી સંગઠનોની રજૂઆત, સરકારનો કરદાતાલક્ષી અભિગમ તથા ìEase of Doing Businessî નો હેતુ તેમજ મુખ્ય રાજ્ય વેરા કમિશનર, ગુજરાત રાજ્યના સકારાત્મક અને જનહિતકારી અભિગમને અનુસરી, જામનગર જિલ્લાના વેપારીઓ અને ઉદ્યોગકારોને નવા GST નોંધણી સંબંધિત પ્રક્રિયામાં સહેલાઈ અને પારદર્શક સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુસર જામનગર ખાતે ય્જી સેવાકેન્દ્ર શરૂ કરવામાં આવશે. નવા GST નોંધણી માટે અરજી કરનાર કરદાતાઓના દસ્તાવેજોની ચકાસણી તથા આધાર ઓથેન્ટિકેશનની પ્રક્રિયા સરળ અને સમયસર રીતે પૂર્ણ થાય તે હેતુસર તા.૨૬ જાન્યુઆરી થી GST સેવાકેન્દ્ર જિલ્લા સેવા સદન–૨, બીજો માળ, લાલ બંગલો કેમ્પસ, જામનગર ખાતે દર ગુરુવાર અને શુક્રવારના રોજ સવારે ૧૦:૩૦ થી ૬:૧૦ સુધી કાર્યરત રહેશે.

GST નોંધણી માટે દરેક નવી અરજીઓમાં સિસ્ટમ મુજબ સ્લોટ સિલેક્શન થોડા સમય માટે હાલ પુરતું જુનાગઢ દર્શાવવામાં આવી શકે છે તેમ છતાં આવી અરજીઓ માટે અરજદારોએ આધાર ઓથેન્ટિકેશન તથા દસ્તાવેજ ચકાસણી માટે નિર્ધારિત દિવસોમાં એટલે કે દર અઠવાડિયે ગુરુવાર અને શુક્રવારે જામનગર ખાતે આવેલ GST સેવાકેન્દ્ર પર હાજર રહેવાનું રહેશે.

આ કેન્દ્ર ખાતે નવા GSTનોંધણી માટે ઓનલાઈન અરજી કરનાર કરદાતાઓને અરજી બાદ તેમના આધાર કાર્ડની ઓથેન્ટિકેશન પ્રક્રિયા તથા સંબંધિત દસ્તાવેજોની ચકાસણીની કાર્યવાહી કરવામાં આવશે, જેથી નોંધણી પ્રક્રિયામાં વિલંબ ટાળી શકાય અને ખોટી નોંધણી અટકાવી શકાય.

આ સુવિધા દ્વારા વેપારીઓ, ઉદ્યોગકારો તથા સામાન્ય જનતાને માર્ગદર્શન અને સહાય ઉપલબ્ધ થશે અને GST નોંધણી પ્રક્રિયા વધુ સુગમ બનશે. તમામ પાત્ર વ્યક્તિઓને આ સુવિધાનો લાભ લેવા તેમજ પૂછપરછ અથવા માર્ગદર્શન માટે ધારા પરીખ, સ્ટેટ ટેક્સ ઈન્સ્પેક્ટરનો સંપર્ક (નં. ૯૭૧૪૫૦૬૫૬૦) કરવા નાયબ રાજ્ય વેરા કમિશનર, વર્તુળ-૨૪, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ભાણવડના કસારીયા નેસ વિસ્તારમાં દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ,સંચાલક ફરાર



ભાણવડ : ભાણવડ તાલુકાના કસારીયા નેસ વિસ્તારમાં ભાણવડ પોલીસે દરોડો પાડી દેશી દારૂની ચાલુ ભઠ્ઠી ઝડપી પાડી હતી અને સ્થળપરથી રૂપિયા ૫૬ હજારની સામગ્રી કબ્જે લઈ સંચાલક નાસી જતા તેની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાણવડ પંથકના કસારીયા નેસ વિસ્તારમાં બાતમીના આધારે સ્થાનિક પોલીસે દરોડો પાડ્યો હતો દરમિયાન અહીથી રૂ.૩૫ હજારની કિંમતનો ૧૪૦૦ લીટર કાચો આથો અને રૂ. ૨૦ હજારની કિંમતનો ૧૦૦ લીટર દેશી દારૂ મળી આવતા સાધન સામગ્રી સહિત રૂપિયા ૫૬ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો દરોડા દરમિયાન સંચાલક અમરાભાઇ દાનાભાઈ મોરી નામનો શખ્સ હાજર નહીં મળી આવતા તેને ફરાર જાહેર કરી ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## દ્વારકાધીશ જગતમંદિરમાં વસંતપંચમીએ ઠાકોરજીને સોના ચાંદીના હિરાજડીત આભુષણનો શિંગાર

### વસંતઋતુથી લઈ ફાગણ હોળાષ્ટક સુધી દ્વારકાધીશને ગાલના ભાગે અબીલ ગુલાલથી ખેલાવાશે



દ્વારકા : દ્વારકાધીશ જગત મંદિરમાં ગઈકાલે વસંત પંચમી ઉત્સવ પૂજારી પરિવાર અને ભાવિકો દ્વારા ધામધૂમ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો. ઉત્સવ નિમીતે શ્રીજીને સફેદ કલરના વસ્ત્રો સાથે સોના ચાંદીથી હિરાજડીત આભુષણનો અલૌકિક શિંગાર કરાયો હતો.

જગત મંદિર બપોરે ડોઢથી અઢી વાગ્યા સુધી ભાવિકો માટે મંદિર ખુલ્લું રાખવામાં આવ્યું હતું.

વર્ષમાં એક જ ઉત્સવ છે જે વસંત પંચમી ઉત્સવના ભગવાન દ્વારકાધીશના દર્શન ભક્તો માટે મધ્યાનકાલે એક કલાક પૂરતો ખુલ્લા રાખવામાં આવે છે. વસંત પંચમીના ઉત્સવ દરમ્યાન ભગવાન દ્વારકાધીશજીને મંદિરમાં ગર્ભ ગૃહમા પૂજારી પરિવાર દ્વારા એક આંબાનું વૃક્ષને રોપવામાં આવે છે.

આજના દિવસે વસંત ઋતુનું આગમન થાય છે. આજથી દ્વારકાધીશજીને શિંગાર આરતી તેમજ સંધ્યા આરતી સમયે ફુલડોલ ઉત્સવ સુધી શ્રીજીના ગાલના ભાગમાં પુજારી દ્વારા અબીલ ગુલાલથી ઠાકોરજીને ખેલાવામાં આવે છે. વસંતઋતુથી લઈ ફાગણ હોળાષ્ટક સુધી ભગવાન દ્વારકાધીશને અબીલ ગુલાલથી પૂજારી પરિવાર દ્વારા ખેલાવતા હોય છે. વસંત પંચમી ઉત્સવ નિમિત્તે ભગવાન દ્વારકાધીશને ધાણી દાળિયા ખજૂરનો ભોગ ધરાવવામાં આવે છે. વસંત પંચમી નિમીતે ડોઢ વાગ્યે પૂજારી પરિવાર દ્વારા શ્રીજીને વિશેષ શણગાર સાથે મહાઆરતી કરવામાં આવી હતી. ઉત્સવ દર્શનો મોટી સંખ્યામાં ભાવિકોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## ખંભાળિયામાં બે જગ્યાએ તસ્કરી, હેન્ડલ અને એ.સી.નુ કમ્પ્રેસર ચોરી ગયા

ખંભાળિયા : ખંભાળિયા શહેરમાં બે જગ્યાએ તસ્કરો હાથફેરો કરી દરવાજાના હેન્ડલ અને એસીનું કમ્પ્રેસર ચોરી કરી લઈ ગયાની સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે જેથી પોલીસે ચોરીના બનાવના સ્થળે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી હતી.

ખંભાળિયા શહેરમાં શારદા સિનેમા રોડ પર આવેલ એક બાંધકામ સાઇટની જગ્યાએથી દરવાજાના બ્રાસના ૪ નંગ હેન્ડલની કોઈ ચોરી કરી લઈ ગયાની રીતુલ વિઠ્ઠલદાસ દાવડાએ ફરિયાદ નોંધાવી છે.

ઉપરાંત અત્રે રામ લાઈટિંગ નામની દુકાનમાંથી એસીના બે નંગ કમ્પ્રેસરની પણ ઉઠાંતરી કરી તસ્કરો પોબારા ભણી ગયાની દુકાન માલિક વિમલભાઈ આંબલીયા દ્વારા સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ફરિયાદ નોંધાવતા પોલીસે સીસી ટીવી કેમેરા સહિત હ્યુમન સોર્સ અને ટેકનોલોજીની મદદથી ભેદ ઉકેલવા કમ્મર કસી છે.

## જામનગરમાં દારૂની નાની મોટી ચાર બાટલી સાથે ત્રણ શખ્સ ઝડપાયા

જામનગર : જામનગર શહેરમાં જુના રેલવે સ્ટેશન અને શંકરટેકરી વિસ્તારમાંથી સ્થાનિક પોલીસે તલાસી દરમિયાન ત્રણ શખ્સને ઈંગ્લિશ દારૂની નાની મોટી ચાર બાટલી સાથે ઝડપી લઇ આગળની કાર્યવાહી આરંભી હતી.

જામનગરમાં નવાગામ ગેટ વિસ્તારમાં રહેતો ભરતભાઈ રામદેવભાઈ વરવારિયા અને ભરતભાઈ ભીમજીભાઇ મકવાણા નામના બન્ને શખ્સ જુના રેલ્વે સ્ટેશન પાછળ, ગીતા લૉજ પાસેથી પસાર થતા હોય દરમિયાન સીટી બી ડિવિઝન પોલીસે અટકાવી તલાસી લેતા બન્ને પાસેથી ઈંગ્લિશ દારૂની બાટલી મળી આવતા રૂપિયા ૩૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ ધરપકડ કરી છે.

ઉપરાંત જામનગરમાં શંકર ટેકરી વિસ્તારમાં શાસ્ત્રીનગર ખાતે રહેતો નટવરિયા કુલસિંહ કૈલાશસિંહ નામનો શખ્સ પોતાના ઘર નજીકથી પસાર થતો હોય આ વેળાએ તેને સીટી સી ડિવિઝન પોલીસે અટકાવી તલાસી લેતા ઈંગ્લિશ દારૂના બે નંગ ચપલા સાથે ઝડપી લઇ રૂપિયા ૧૬૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

## જામનગરમાં વંદે માતરમ્ ફાઉન્ડેશન દ્વારા રાષ્ટ્રગીતની ૫૦૦૦ પત્રિકાઓનું વિતરણ

જામનગર : ભારતના રાષ્ટ્રગીત વંદે માતરમ્ને ૧૫૦ વર્ષ પૂર્ણ થયા હોય જે નિમિત્તે જામનગર શહેરમાં વંદે માતરમ્ ફાઉન્ડેશન દ્વારા રાષ્ટ્રગીતની ૫,૦૦૦ પત્રિકા તેના મૂળસ્વરૂપે તા. ૨૨ થી ૨૬મી જાન્યુઆરી (પ્રજાસતાક દિવસ) સુધી વિતરણ ચાલુ રાખવામાં આવશે. જેનો ગત ૨૨ મી જાન્યુઆરીથી ડીકેવી સર્કલ પાસેથી પ્રારંભ કરવામાં આવ્યો હતો, આજે તા.૨૪ના રોજ ત્રીજો દિવસ છે. જયારે ગઈકાલે દિગ્વિજય પ્લોટ વિસ્તારમા પત્રિકા વિતરણ કરવામા આવ્યું હતું. આ તકે જામનગર જિલ્લા તથા શહેર સમસ્ત બ્રહ્મસમાજ (સૌરાષ્ટ્ર કચ્છ) ના જિલ્લા મહિલા પ્રમુખ મનીષાબેન સૂમ્બડ અને જિલ્લા મહામંત્રી વૈશાલીબેન જોષી પણ પત્રિકા વિતરણમાં જોડાયા હતા.



તસવીર: સુનિલ ચુડાસમા

## જામનગર પૂર્વ શહેર ભાજપ પ્રમુખનો મોબાઈલ નંબર હેક કરાયો



જામનગર : જામનગર પૂર્વ શહેર ભાજપ પ્રમુખનો મોબાઈલ નંબર કોઈ દ્વારા હેક કરી નાખવામાં આવ્યો છે અને તેઓને માલુમ પડતા આ બાબતે સાયબર ક્રાઇમ પોલીસને જાણ કરી ફરિયાદ અંગેની તજવીજ પણ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જામનગર શહેર ભાજપના પૂર્વ પ્રમુખ હસમુખભાઈ હિંડોચાનો મોબાઈલ નંબર કોઈ તત્વોએ હેક કરી નાખતા ખળભળાટ મચી ગયો છે. તેઓએ જણાવેલ છે,કે તેઓના મોબાઈલ ફોન નંબર ૭૦૧૬૯૩૧૭૬૮ ઉપર કોઈપણ લોકોએ વ્હોટ્સ એપ લિંક ખોલવી નહીં તેવી અપીલ કરી છે. આ ઉપરાંત તેઓએ સાયબર ક્રાઇમ પોલીસમાં જાણ કરવાની તજવીજ હાથ ધરી છે.


### પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ

**રાજકોટ મંડળ ખાતે મુસાફરોને માર્ગદર્શન આપતી અને ATVM દ્વારા અનરિઝર્વ્ડ ટિકિટો જારી કરવા માટે ફેસિલિટેટર્સની નિમણૂક માટેની જાહેરાત સૂચના નં.C548/ATVM/Facilitator/RJT/2026 તા. /1/2026.**

૧. ભારતના રાષ્ટ્રપતિ વતી, પશ્ચિમ રેલવે, રાજકોટ મંડળના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, અરજીઓ આમંત્રિત કરે છે. **૧] પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝન ઓફિસ અને સ્ટેશનોમાંથી નિવૃત્ત કર્મચારીઓ (ગ્રુપ સી અને ડી) અને તેમના/તેણીના જીવનસાથી ૨] જો નિવૃત્ત કર્મચારી પાત્ર/ભાગીદાર નહીં હોય તો ખાનગી પક્ષોની અરજી સ્વીકારવામાં આવશે. (ઉપરોક્ત ૧ અને ૨ માટેની શરતો અને શરતો અરજી ફોર્મ સાથે અલગથી તૈયાર કરવામાં આવી છે)** રાજકોટ મંડળ પર નીચેના સ્ટેશનો પર ૦૮ ફેસિલિટેટર્સને જોડવા માટે મુસાફરોને ATVM નો ઉપયોગ કરવામાં મદદ/શિક્ષિત કરવા અને ATVM દ્વારા અનરિઝર્વ્ડ ટિકિટ જારી કરવા માટે. પસંદ કરાયેલા અરજદારોને ૦૨ (બે) વર્ષના સમયગાળા માટે ATVM દ્વારા ટિકિટિંગ કરવાની મંજૂરી આપવામાં આવશે, જે યોજનાના વિસ્તરણ અને સક્ષમ અધિકારી એટલે કે ડિવિઝનલ રેલવે મેનેજર (C) રાજકોટ W-Rly ની સંતોષને આધીન એક વર્ષ સુધી લંબાવી શકાય છે. ફેસિલિટેટર તરીકે જોડાવા બદલ રેલવે દ્વારા કોઈ મહેનતાણું ચૂકવવામાં આવશે નહીં, સિવાય કે સ્માર્ટ કાર્ડ રિચાર્જ પર બોનસ ૧૫૦ કિમી સુધીની ટિકિટ માટે 3% ના દરે મળશે. ૧૫૧ કિમીથી ૫૦૦ કિમી સુધીની ટિકિટ માટે ૨% બોનસ મળશે અને ત્યારબાદ, ૫૦૦ કિમીથી વધુ અંતર માટે NSG-૧, NSG-૨ અને NSG-3 શ્રેણીના સ્ટેશનો માટે જારી કરાયેલી ટિકિટ માટે ૧% બોનસ મળશે. અન્ય શ્રેણીના સ્ટેશનો માટે, સ્માર્ટ કાર્ડ રિચાર્જ પર 3% બોનસ ફક્ત ૧૫૦ કિમી સુધીના અંતર સુધીની ટિકિટ માટે જ માન્ય કરવામાં આવ્યો છે, જે રેલવે બોર્ડના પત્ર નંબર ૨૦૨૪/TG-૧/૧૦/ATVM/સ્માર્ટ કાર્ડ રિચાર્જ પર બોનસ તારીખ ૨૦/03/૨૦૨૫ મુજબ માન્ય છે.

૨. રાજકોટ મંડળ પર મુસાફરી કરતી જનતાને ટિકિટ આપવા અને મુસાફરોને ATVM નો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે શિક્ષિત કરવા માટે ઓટોમેટિક ટિકિટ વેન્ડિંગ મશીનો (ATVM) પર સુવિધા આપનારાઓની જરૂર હોય તેવા સ્ટેશનોની યાદી નીચે મુજબ છે.

| ક્રમાંક | સ્ટેશનનું નામ | સ્ટેશનની શ્રેણી | સ્થાપિત ATVM ની સંખ્યા | જરૂરી ફેસિલિટેટર ની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | NSG-૨ | ૦૧ | ૦૧ |
| ૨ | ભક્તિનગર | NSG-૫ | ૦૧ | ૦૧ |
| 3 | હાપા | NSG-૪ | ૦૧ | ૦૧ |
| ૪ | જામનગર | NSG-3 | ૦૧ | ૦૧ |
| ૫ | દ્વારકા | NSG-3 | ૦૧ | ૦૧ |
| ૬ | ઓખા | NSG-૪ | ૦૧ | ૦૧ |
| ૭ | વાંકાનેર | NSG-૪ | ૦૧ | ૦૧ |
| ૮ | સુરેન્દ્રનગર | NSG-3 | ૦૧ | ૦૧ |

3 અરજી સબમિટ કરવાની વિગતો:

| | | |
|---|---|---|
| ૧ | ભરેલું અરજી ફોર્મ આ કચેરી દ્વારા પ્રાપ્ત થશે | **૧૨.૦૦ કલાકથી તા. ૨૪.૨.૨૬ સુધી** |
| ૨ | અરજી સબમિટ કરવાનું સ્થળ | સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, ઓફિસ કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ ડિવિઝન, રાજકોટ |
| 3 | જાહેરાત સૂચના અને અરજી ફોર્મ વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે | **www.wr.indianrailways.gov.in** |
| ૪ | અરજી ખુલવાની તારીખ | **૨૫.૦૨.૨૬ ના રોજ** |

૪. પોસ્ટ દ્વારા પ્રાપ્ત અરજી સ્વીકારવામાં આવશે નહીં, એક અરજદાર ફક્ત એક જ ATVM સ્થાન માટે અરજી કરી શકે છે. બધી જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા પછી અરજીની ચકાસણી માટે પ્રક્રિયા કરવામાં આવશે અને બધી શરતો પૂર્ણ થયા પછી ધ્યાનમાં લેવામાં આવશે.

અરજી ફોર્મમાં નિર્ધારિત બધી શરતો અને સામાન્ય શરતો પૂર્ણ કર્યા વિના પ્રાપ્ત અરજીઓ નામંજૂર થવાને પાત્ર છે.

**૫. સક્ષમ અધિકારીની મંજૂરી પછી ATVM સુવિધા આપનાર તરીકે કાર્ય કરવાની પરવાનગી આપવામાં આવશે.**

RJT 190

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


## જામનગર વિસા શ્રીમાળી સુવર્ણકાર મંડળ દ્વારા આવતીકાલે રશોત્સવ

જામનગર : બ્રહ્મલીન મહંતશ્રી રામપ્રસાદજી મહારાજશ્રીની પૂણ્ય સ્મૃતિમાં અને આણદાબાવા સેવા સંસ્થાના પ.પૂ. મહંતશ્રી દેવપ્રસાદજી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી શ્રી જામનગર વિસા શ્રીમાળી સુવર્ણકાર સેવા મંડળ દ્વારા સોની સમાજના જ્ઞાતિજનો માટે રમતોત્સવનું તા. ૨૫-૧-૨૦૨૬, રવિવારના શ્રી આણંદાબાવા સેવા સંસ્થાના પટાંગણ, લીમડાલાઈન, જામનગરમાં કરવામાં આવ્યું છે.

આ રમતોત્સવ પ્રસંગે સમાજ પ્રમુખ નિતીનભાઈ વારિયા તેમજ વિવિધ સંસ્થાના પ્રમુખ, મંત્રી અને સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં સવારે ૯.૩૦ કલાકે દિપ પ્રાગટ્ય જયભાઈ રજનીકાંત પારેખ, ઉદ્ઘાટન શ્રીમાન યોગેશભાઈ રસિકભાઈ વજાણી દ્વારા કરવામાં આવશે.વિવિધ શ્રેણીઓમાં આયોજીત આ રમતોત્સવમાં બાળકો તથા અબાલવૃદ્ધ સૌ જ્ઞાતિજનો માટે અલગ-અલગ રમતોનું આયોજન કરવામાં આવેલ છે. કોઈપણ સ્પર્ધામાં ભાગ લેવા માટેના નામ સ્થળ પરજ નોંધવામાં આવશે. તો સર્વે જ્ઞાતિજનોએ બાળકો સાથે ઉપસ્થિત રહી રમતોત્સવનો આનંદ માણવા સુવર્ણકાર સેવા મંડળના મંત્રી હિતેશભાઈ ભુવાએ જણાવ્યું છે.

## જામનગરમાં વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ બંધ કરાવવા સ્થાનિકન રહેવાસીઓ મીટીંગ મળશે

જામનગર : જામનગર શહેરમાં અને ખાસ કરીને ગાંધીનગર સહિતના આસપાસના વિસ્તારમાં પર્યાવરણ અને માનવ આરોગ્ય સામે ગંભીર ખતરા રૂપ એબલોન કંપનીનો વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ તાત્કાલિક બંધ કરાવવા માટે આસપાસના વિસ્તારમાં વસવાટ કરતા તમામ નાગરિકો માટેની અગત્યની મિટિંગ તા. ૨૬ જાન્યુઆરીના રોજ સાંજે ૪ થી ૫ દરમિયાન મચ્છર નગર વિસ્તારમાં આવેલા આશાપુરા મંદિરે યોજવામાં આવી છે.

જામનગર શહેરના ગાંધીનગર, પુનિતનગર, રામેશ્વર તથા આસપાસના વિસ્તારોમાં એબલોન કંપની દ્વારા ચલાવવામાં આવી રહેલ "વેસ્ટ ટુ એનર્જી" પાવર પ્લાન્ટ હાલમાં સ્થાનિક નાગરિકો, પર્યાવરણ પ્રેમીઓ તથા દરિયાઈ જીવસૃષ્ટિ માટે ગંભીર ખતરો બની ગયો છે. આ પ્લાન્ટ માટે સમગ્ર જામનગર જિલ્લાનો કચરો અહીં ઠાલવવામાં આવે છે, જેના કારણે પ્લાન્ટની આસપાસ બે થી ત્રણ કિલોમીટર સુધી અસહ્ય દુર્ગંધ ફેલાયેલી રહે છે. પરિણામે આસપાસના વિસ્તારોમાં રહેતા અસંખ્ય નાગરિકોને ઉલ્ટી, આંખોમાં બળતરા, માથાનો દુખાવો જેવી ગંભીર આરોગ્ય સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને સગર્ભા સ્ત્રીઓમાં રોગચાળો ફેલાતો હોવાની ભીતિ ઊભી થઈ છે.

ચિંતાજનક બાબત એ છે કે આ પ્લાન્ટ દરિયાની અતિ નજીક આવેલ હોવાથી દરિયાઈ જીવોના અસ્તિત્વ માટે પણ મોટું જોખમ સર્જાઈ રહ્યું છે. આ ઉપરાંત, પ્લાન્ટની નજીક વિશ્વવિખ્યાત ખીજડીયા પક્ષી અભ્યારણ આવેલ છે, જેને થોડા સમય પહેલાં જ રામસર સાઈટ તરીકે માન્યતા આપવામાં આવી છે. શિયાળાની ઋતુમાં અહી અનેક વિદેશી પક્ષીઓ આવે છે તેમજ દુનિયામાં અત્યંત દુર્લભ એવા કાળી ડોક ઢાંક પક્ષી અહી માળા બાંધી ઈંડા મૂકે છે. આ અમૂલ્ય પક્ષીપ્રજાતિ અને સમગ્ર જૈવ વૈવિધ્ય માટે આ પ્લાન્ટ ગંભીર ખતરો સાબિત થઈ રહ્યો છે.

આ સમગ્ર મુદ્દે નવાનગર નેચર કલબ દ્વારા જિલ્લા વહીવટી તંત્ર તથા ચૂંટાયેલા જનપ્રતિનિધિઓને વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં આજદિન સુધી કોઈ અસરકારક પગલા લેવામાં આવ્યા નથી, જે અત્યંત દુર્ભાગ્યજનક અને ચિંતાજનક બાબત છે.

આથી, જામનગરના પર્યાવરણ પ્રેમીઓ તથા આ કંપનીના આસપાસના વિસ્તારોના રહેવાસીઓ માટે તા. ૨૬ જાન્યુઆરીના સાંજે આશાપુરા મંદિર, મચ્છર નગરમાં બેઠક યોજાઈ છે. આ બેઠકમાં એબલોન કંપની વિરુદ્ધની આગામી રણનીતિ તથા કાનૂની અને લોકઆંદોલનની કાર્યવાહી અંગે નિર્ણય લેવામાં આવશે. નવાનગર નેચર કલબ તમામ જાગૃત નાગરિકો, પર્યાવરણ પ્રેમીઓ, સામાજિક સંસ્થાઓને અપીલ કરે છે કે તેઓ મોટી સંખ્યામાં હાજરી આપી પર્યાવરણ અને માનવ આરોગ્ય બચાવવાના આ સંઘર્ષમાં જોડાય તેવો સંસ્થાના પ્રમુખ દ્વારા અનુરોધ કરાયો છે. વધુ વિગત માટે (૯૯૨૫૫ ૬૦૧૯૯)નો સંપર્ક કરવા પણ અનુરોધ કરાયો છે.

## કાલાવડના શિશાંગ ગામ પાસે બાઈક હડફેટે બે ભાઈ ઘવાયા

જામનગર : કાલાવડ તાલુકાના શીશાંગ ગામના રોડ પર પૂરઝડપે નીકળેલા બાઈક ચાલકે બે સગાભાઈને હડફેટે લઈ નાની મોટી ઈજા પહોંચાડતા બાઈક ચાલક સામે કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટ જિલ્લાના ગોંડલમાં રહેતા અજીજભાઈ અલીભાઈ પતાણી અને જુમાભાઇ અલી ભાઈ પતાણી નામના બન્ને ભાઈ કાલાવડ તાલુકાના શીશાંગ ગામના રોડ પરથી ચાલીને જતા હોય દરમિયાન ત્યાંથી પૂરઝડપે પસાર થતા પ્રકાશ જીતરા નામના બાઈક ચાલકે બન્નેને હડફેટે લઈ શરીરે નાની મોટી ઈજા પહોંચાડતા સારવારમાં ખસેડાયા છે. આ બનાવની કાલાવડ ગ્રામ્ય પોલીસમાં એજાજભાઈ અજીજભાઈ પતાણીએ બાઈક ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.


### જૂની ઉતરવહીઓના નિકાલ અંગે

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં આવેલ જૂની ઉતરવહીના નિકાલ માટે સબંધિત વેપારીઓ પાસેથી હરિફાઈયુક્ત ભાવો મંગાવવામાં આવે છે. જૂની ઉતરવહીઓ પરીક્ષા વિભાગમાં રજાના દિવસો સિવાય ઓફીસ સમય દરમ્યાન તા.૦૭/૦૨/૨૦૨૬ સુધીમાં જોઈ શકાશે. ઉતરવહીઓ જોવામાં આવ્યા બાદ અત્રેથી નિયત નમૂનાનું ભાવપત્રક તથા શરતો મેળવીને તે નમૂનામાં જ સમયમર્યાદામાં ભાવો આપવાના રહેશે.

માહિતી-જામ.-વ.જા.ખ/૮૯૮/૨૦૨૬


સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)


સૌરાષ્ટ્ર આસપાસ

## સડક સુરક્ષા એટલે સામૂહિક જવાબદારીનો સુમેળ

સડકો પર સુરક્ષા હવે માત્ર વ્યક્તિગત જવાબદારી નહીં, પરંતુ સામૂહિક અવેરનેસ બનવી જોઈએ. ભારતમાં ટ્રાફિક નિયમોની સતત અવગણના સડકોને જોખમી બનાવે છે. હેલમેટ અથવા સીટબેલ્ટની અવગણના, સિગ્નલ ભંગ અને ડ્રાઈવિંગ દરમિયાન ફોન વપરાશ જેવી ભૂલો ગંભીર પરિણામો આપે છે. આ પરિસ્થિતિમાં કેન્દ્ર સરકારનો નવો નિયમ, જે મુજબ એક વર્ષમાં પાંચ અથવા વધુ નિયમભંગ કરનાર ડ્રાઈવરનું લાયસન્સ સસ્પેન્ડ અથવા રદ કરી શકાય છે, એક સ્વાગત યોગ્ય પગલું છે. આ વસ્તુ ડ્રાઈવરોને માત્ર દંડથી જ નહીં, પરંતુ સુધારવાની તક પણ આપે છે. ચાર વખત ભૂલ માફ કર્યા પછી પાંચમી વખત એ જ ભૂલ થાય તો તેને લાઇસન્સ રદ કરવાનો દંડ થાય છે.આ નિયમની સફળતા તેની પારદર્શી અને નિષ્પક્ષ અમલીકરણ પર આધારિત છે. લાયસન્સ રદ કરવાનું અધિકાર આરટીઓ પાસે છે, પરંતુ નિર્ણય પહેલાં ડ્રાઈવરનો પક્ષ સાંભળવો ફરજિયાત છે. આથી મનમાની અટકે છે. વધુમાં, નવા વર્ષે ગણતરી ફરીથી શરૂ થાય છે, જે વ્યક્તિને વધુ સાવધાન રહેવાની પ્રેરણા આપે છે.

ભારતીય સડકો પર દર વર્ષે હજારો લોકો કમોતે મરી જાય છે. આ આંકડો માત્ર એક સંખ્યા નથી, પરિવારોમાં પડતો દુઃખનો પહાડ છે. આ સમસ્યાનું નિરાકરણ ફક્ત કાયદો ઘડવાથી જ નહીં, પરંતુ સમગ્ર સમાજમાં સડક સંસ્કૃતિમાં મૂળભૂત પરિવર્તન લાવવાથી જ શક્ય છે. કેન્દ્ર સરકારનો નવો નિયમ, જે મુજબ એક વર્ષમાં પાંચ અથવા વધુ વાર ટ્રાફિક નિયમો ભંગ કરનારનું ડ્રાઈવિંગ લાઇસન્સ સસ્પેન્ડ અથવા રદ કરી શકાય છે, એ આ દિશામાં ઉઠાવવામાં આવેલું એક નિર્ણાયક પગલું છે. તેનો હેતુ માત્ર દંડ ભરાવવાનો નથી, પરંતુ વર્તનમાં સ્થાયી સુધારો લાવવાનો છે.

આ નિયમની ખાસિયત એ છે કે તે ડ્રાઈવરને સુધારાનો સતત મોકો આપે છે. દરેક નવા વર્ષે ગણતરી ફરીથી શૂન્યથી શરૂ થાય છે, જે એવો સંકેત છે કે ભૂલ કરવી માનવીય છે, પરંતુ તેને પુનરાવર્તિત કરવી ગંભીર લાપરવાઈ છે. પરંપરાગત રીતે, લાઇસન્સ રદ બાતલ મોટા ગુનાઓ સુધી જ સીમિત હતી, પરંતુ નવો ચોખ્ખો સંદેશ એ છે કે હેલમેટ ન પહેરવું, સીટબેલ્ટ ન બાંધવી, ગતિમર્યાદા ઓળંગવી અથવા લાલ બત્તી તોડવી જેવી "નાની" ભૂલો પણ જીવનલેણાં પરિણામ આપી શકે છે.



# માબાપ થવું આકરું છે. -૮

- સાંજનો એક કલાક તમે તમારો વ્યવસાય કે હોદ્દો ભૂલી જઈ પિતા બની જ જાઓ.
- પિતાનું જીવન સફળ બનાવવા પિતૃત્વના ધંધાને લગતું ઘણું પરચુરણ કામ જાણી લેવું જરૂરી છે.
- બાળક ઈનામ નથી માગતું; તે માત્ર કદર અને સ્વીકાર માગે છે. પ્રેમથી બોલાવવું, હેતથી જવાબ આપવો- એ જ અમી દૃષ્ટિ છે.
- બાળકોના મન પર એવી છાપ પડવા દ્યો કે "અમારા બાપા ખરેખર બાપા છે."

ગીજુભાઈ કહે છે કે; તમે જે કોઈ વ્યવસાય કરતા હો પણ આખરે પિતા છો, તો પિતા તો બનો જ.

તમે દાકતર (ડોક્ટર) હોવાથી અત્યંત પ્રવૃત્તિશીલ રહેતા હો, તમને પાણી પીવા જેટલી પણ ફુરસદ ન મળતી હોય. સવારથી સાંજ સુધી દર્દીઓની વચ્ચે જ જીવતા હો; પરંતુ સાંજ પડતાં જ નિશ્ચિત રીતે ઘેર આવો. સાંજનો એક કલાક તમે ડોક્ટર મટી જઈ પિતા બની જ જાઓ. સાંજનો એક કલાક તમે તમારો વ્યવસાય કે હોદ્દો ભૂલી જઈ પિતા બની જ જાઓ.

દાક્તરના ધંધાની જેમ ડાહપણથી પિતૃત્વને પણ ધંધા સમાન નિયમિત અપનાવો. દાકતર તરીકે જેમ તે આપેલો સમય કદી ચૂકતા નથી, તેમ બાળકો સાથે બેસવાનો કે ફરવાનો સાંજનો સમય પણ કદી ચૂકો નહી. દર્દીને જેમ કાળજીપૂર્વક સાચવો છો, તેમ જ બાળકોના પિતા તરીકે સફળ થવા સતત અભ્યાસ અને અનુભવ વધારો. તેવી જ રીતે બાળકોના પિતા તરીકે સફળ થવા કામનો અભ્યાસ અને અનુભવ વધારો, બેદરકારીથી દર્દી ગુમાવી દેવાશે અને ધંધાને ધક્કો લાગે, તેમ બાળકો પ્રત્યે બેદરકારી રાખાશો તો પ્રેમ ગુમાવી બેસશો અને પિતૃત્વના દરજ્જાને કલંક લાગશે.

દર સાંજે તેમો ક્યારેક છોકરાઓ સાથે ફરવા જઓ. બાગમાં જાવ ત્યારે ઝાડો અને ફૂલોના નામ બાળકોને જાતે કહી બતાવો. ક્યારેક બેન્ડ-સ્ટેન્ડ પાસે બેસી છોકરાઓને પાસે જ રાખો. ઘરની ગાડીમાં બેસાડી માત્ર છોડી દેવું તે શોભતું નથી. મિત્રો સાથે ગપસપ કરતાં બાળકોને અવગણીને બાગ જોવા મોકલી દેશો નહી. તે સમયે ઉત્તમ પિતા બનવા ભારે કાળજી રાખો.

બીજી સાંજે એકાદ તળાવે બાળકોને લઈ જઓ. ત્યાં તેમને પાણીમાં દોડાઓ, પાણી ઉછાળવાની મજા આપો. પાણીના વહેણો, પવનથી થતી લહેરો બતાવો. સ્થિર પાણીમાં પડતા ઝાડ-ટેકરાના પ્રતિબિંબો તરફ તેમનું ધ્યાન ખેંચો. સંધ્યા સમયે આથમતો સૂર્ય ટેકરી પાછળ કે દૂર ક્ષિતિજમાં અદશ્ય થતો જાય છે અને તળાવના પાણી પર કેવી રંગબેરંગી છાયાઓ પાડે છે, તે બતાવી હર્ષ પામો. કુદરતની શોભા અને સમૃદ્ધિ વચ્ચે બાળકોના અંતરમાં તેની ભવ્ય અને ગંભીર છાપ પડવા દો.

ક્યારેક બાળકોને જનસમૂહના દર્શન કરાવો. રેલવે એન્જિન પાસે ઊભા રાખી એન્જિન અને તેના સંચા બતાવો, એન્જિન કેવી રીતે ચાલે છે તે સમજાવો. ક્યારેક તમારા બાળકોને તમારા શહેરમાં આવેલ કોઈ ફેક્ટરી જોવા લઈ જાઓ. તેની કાર્ય પધ્ધતિ વિશે સમાજ આપો અથવા અપાવો. તે ભૂલી જઓ કે પોતે ડોક્ટર છો; ભલે તમો એન્જિનિયર કે ઉદ્યોગપતિ ન હો, પરંતુ પિતા જરૂર છો. પિતાનું જીવન સફળ બનાવવા પિતૃત્વના ધંધાને લગતું ઘણું પરચુરણ કામ જાણી લેવું જરૂરી છે.

છોકરાઓને પિતા પ્રત્યે ખૂબ આદર હોય છે. જે પિતા બાળકોના જીવનમાં નિત્ય નવી નવી અનુભૂતિઓ ભરે છે, તે જ સાચો પિતા લાગે છે. ઘણા બાળકોને પિતા ફોજદાર લાગે છે, કેટલાકને દાતર, ઉધોગપતિ, દુકાનદાર કે વાણિયો લાગે છે; પરંતુ ભાગ્યે જ કેટલાક બાળકોને પિતા સાચે જ પિતા લાગે છે. બાળકોને પિતા પિતા લાગે તે બહુજ જરૂરી છે.

તમારા વર્તન અને વ્યવહારથી પોતાના બાળકોને જુદા-જુદા સમયે જુદા જુદા લાગો- ક્યારેક બાગવાન, ક્યારેક સુથાર કે લુહાર, ક્યારેક કવિ કે ચિત્રકાર. છતાં એકંદરે તે પિતા જ લાગો. બાળકોના મન પર એવી છાપ પડવા દ્યો કે "અમારા બાપા ખરેખર બાપા છે." તમારા બાળકોને તે ભાગ્યશાળી છે તેમ અનુભવ થવા દયો. કારણ કે તે પિતાને સાચે અનુભવે છે. અને તમે પોતે પણ સાચા પિતા બની ભાગ્યશાળી બનો.

એક જૂની વાત વર્ણવાય છે. એક રાજા ફરવા નીકળ્યો. રસ્તામાં તારસ લાગી. રસ્તે શેરડીનો વાડ આવ્યો. તે તરત અંદર ગયો. ખેડૂતે મીઠો, અમૃત સમાન શેરડીના રસનો પ્યાલો ભરી રાજાને ધર્યો. રાજાએ એક સ્વાસે પ્યાલો ખાલી કરી દીધો. ઠંડક લાગી, કાળજું ઠર્યું. રાજાએ વિવેકથી કહ્યું, "એક બીજો પ્યાલો મળી શકે?"

ખેડૂત ફરી શેરડીના વાડમાં ગયો, શેરડી કાપી પ્યાલો ભરવા લાગ્યો, પરંતુ હવે રસ જ ન નીકળે. ઘણી મહેનત પછી માંડ માંડ બે-ચાર ટીપાં પડે. રાજા ઉતાવળથી ત્યાં આવ્યો. રાજાને જોઈ ખેડૂત ગભરાઈ ગયો; શેરડી કાપે, છતાં પ્યાલો ભરાય નહી.

ખેડૂતે કહ્યું; "આ નથી સમજાતું, આમ કેમ થાય છે."

રાજાએ કહ્યું, "આનું કારણ હું જ છું. જ્યારે મેં રસ પીધો, ત્યારે મનમાં વિચાર આવ્યો કે આ ખેડૂત કેટલો ધનવાન હશે! હવે તેની પાસેથી કર બમણો-ચોગડો લેવો જોઈએ. આ વિચાર આવતા જ મારી અમી દૃષ્ટિ બગડી; તેમાં ઝેર ભળ્યું અને અમૃત વહેવું બંધ થઈ ગયું."

## ભાવનગર ૩૦૦

- બળદેવસિંહ ગોહિલ

પાક ખેડૂતની મહેનત, ખાતર અને પાણીથી થાય છે, પણ ખેતરના શેઢે બેઠેલો ખેડૂત જ્યારે પોતાના લીલા હરિયાળા ખેતરને જોઈ મલકાય છે, તે આનંદ આખા પાકને પોષે છે. માળી પોતાના ફૂલઝાડો સામે ઊભો રહી મીઠી નજર કરે છે; તેની દૃષ્ટિથી ફૂલો ખીલે છે, વેલીઓ પાંગરતી હોય છે.

ગાય દૂધ આપે છે, પરંતુ ગોવાળની અમી દૃષ્ટિથી દૂધ વધુ ઊભરે છે. માતા બાળકને ધવરાવે છે ત્યારે તે માત્ર દૂધ નહીં, પ્રેમનું અમૃત આપે છે. આ કાવ્ય નથી; આ માતાના હૃદયમાં વસેલા ભાવો છે.

પ્રજા રાજાની અમી દૃષ્ટિમાં વિકસે છે, ખેતર ખેડૂતની અમી દૃષ્ટિમાં, બાગ માળીની અમી દૃષ્ટિમાં અને બાળક માતા-પિતાની અમી દૃષ્ટિમાં મોટું થાય છે. અમી દૃષ્ટિ એટલે વિકાસનો અનિવાર્ય નિયમ. જ્યાં આ દૃષ્ટિ નથી, ત્યાં વિકાસ અટકે છે, સંકોચ આવે છે અને સડવું શરૂ થાય છે.

બાળકો આપણા ઉછેરેલા છોડ જેવા છે. તેઓ આપણા બનાવેલા વાતાવરણમાં અને આપણી દૃષ્ટિ હેઠળ ઉછરે છે. આપણી દૃષ્ટિ જેવી મીઠી કે કડવી હશે, તેની સીધી અસર બાળકો પર પડશે. બાળકો પણ તેવા બનશે.

બાળક ઈનામ નથી માગતું; તે માત્ર કદર અને સ્વીકાર માગે છે. પ્રેમથી બોલાવવું, હેતથી જવાબ આપવો—એ જ અમી દૃષ્ટિ છે. કડવી દૃષ્ટિ બાળકને દુઃખ આપે છે, જ્યારે અમી દૃષ્ટિ તેને ખીલવા દે છે.

અતેઃ આપણે આપણા ઘરમાં, આસપાસ અને આપણા હૃદયમાં કડવી દૃષ્ટિ દૂર કરી સર્વત્ર અમી દૃષ્ટિ પાથરીએ. તેમાં જ આપણું અને બાળકોનું સાચું, ઉષ્માભર્યું કલ્યાણ છે.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું





**મેષ - (અ, લ, ઈ) :-** આ અઠવાડિયે તમને પરિવારના સભ્યોના નબળા સ્વાસ્થ્ય સંબંધિત કોઈ સમાચાર પ્રાપ્ત થશે. આને કારણે તમે માનસિક તાણનો પણ ભોગ બની શકો છો. આ અઠવાડિયે, મોટાભાગના, તમારે તમારા ખર્ચોને રોકવાની જરૂર રહેશે. આ માટે, ઘરની ખરીદી કરતી વખતે, તમારા હાથ ખોલીને પૈસા ખર્ચવાનું ટાળો નહીં, નહીં તો ભવિષ્યમાં તમને વિશાળ આર્થિક સંકટને કારણે સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. તમારા બાળકના ઇનામ વિતરણ સમારોહ ના બુલાવા, તમારા અને પરિવાર માટે આનંદની લાગણી હશે. તે તમારી અપેક્ષાઓ પર જીવશે અને તમે તેના દ્વારા તેના સપના સાકાર થતા જોશો, જેથી તમારી આંખોમાં ભેજ સ્પષ્ટ દેખાશે. આ અઠવાડિયે તમારામાં ઉર્જામાં વધારો જોવા મળશે, જેના કારણે તમે ઓફિસથી ઘરે પાછા આવ્યા પછી પણ ક્ષેત્રમાં કામ કરવાનું પસંદ કરશો. જો કે, તમે આમ કરીને તમારા પરિવારને ગુસ્સો કરી શકો છો. જેમણે તુરંત જ તેમનું શિક્ષણ પૂરું કર્યું છે અને આ અઠવાડિયામાં નોકરી મેળવવાની સારી તક જોશે. વળી, જે વિદ્યાર્થીઓ વિદેશમાં ભણવાની ઇચ્છા રાખે છે, તેમની ઇચ્છાઓ પણ આ સમયગાળા દરમિયાન પૂર્ણ થાય તેવી સંભાવના છે.કારણકે શનિ દેવ તમારા બારમા ભાવમાં હાજર હશે,રાહુ દેવ તમારી ચંદ્ર રાશિના અગિયારમા ભાવમાં સ્થિત હોવાના કારણે તમારી અંદર ની ઉર્જા ની વૃદ્ધિ જોવામાં આવશે,જેના કારણે તમે ઓફિસ માંથી ઘર ફરીથી આવીને કાર્યક્ષેત્ર નું કામજ કરવાનું પસંદ કરશે.



**વૃષભ - (બ, વ, ઉ)** આ અઠવાડિયે તમને પરિવારના સભ્યોના નબળા સ્વાસ્થ્ય સંબંધિત કોઈ સમાચાર પ્રાપ્ત થશે. આને કારણે તમે માનસિક તાણનો પણ ભોગ બની શકો છો. ભૂતકાળમાં તમારા દ્વારા કરાયેલા તમામ પ્રકારની સંપત્તિ સંબંધિત વ્યવહાર આ અઠવાડિયામાં પૂર્ણ થવાની સંભાવના છે. જેનો તમને ફાયદો થશે, સાથે જ તમે તેનાથી તમારું ભવિષ્ય સુરક્ષિત કરવામાં પણ તમે મોટા પ્રમાણમાં સફળ થશો. આ વિશિષ્ટ વ્યક્તિ કે જેની સાથે તમે ભાવનાત્મક રૂપે જોડાયેલા છો તે તમારી બેદરકારી અને અસ્પષ્ટ વર્તનને લીધે આ અઠવાડિયે તમને બળતરા કરી શકે છે. તેથી, તેમની પ્રકૃતિમાં સુધારો કરતી વખતે, તેમની સાથે સારી રીતે વર્તવું વધુ સારું રહેશે.આવી સ્થિતિમાં તમારી ટેવમાં સુધારો લાવો. આ સમય ખૂબ સારો સાબિત થશે કારણ કે આ સમય દરમિયાન, તમે કેટલાક નવા ઉત્પાદનો શરૂ કરી શકો છો. આ સાથે, તમે આ અઠવાડિયે કેટલાક નવા જોખમો લઈને તમે નિરાશ નહીં થશો, જે તમને આ સમયમાં ચોક્કસપણે લાભ કરશે. આ અઠવાડિયા દરમિયાન, તમારી રાશિમાં ઘણા શુભ ગ્રહોની હાજરી અને પ્રભાવ તમને તમારી મહેનત મુજબ પરીક્ષામાં ગુણ મેળવશે. આવી સ્થિતિમાં, સખત મહેનત કરો અને જરૂર પડે તો તમારા શિક્ષકોની મદદ પણ લો.તમારી ચંદ્ર રાશિના ચોથા ભાવમાં કેતુ ગ્રહ બિરાજમાન હશે અને એવા માં,કારણકે રાહુ ગ્રહ તમારી ચંદ્ર રાશિના અગિયારમા ભાવમાં સ્થિત હશે.



**મિથુન - (ક, છ, ઘ) :-** આ રાશિ ના સ્ત્રીઓ માટે, આ અઠવાડિયે એરોબિક્સ કરવાથી તેમના સ્વાસ્થ્યમાં અનુકૂળ ફેરફારો લાવવામાં મદદ મળશે. તમારે આ અઠવાડિયાની સાથે તમારા ઘરના લોકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને બહારનું ખાવાનું ટાળવું પડશે. તેથી, તમે ઘરે વિવિધ સ્વાદિષ્ટ ખોરાક બનાવીને સ્વાદોનો આનંદ માણી શકો છો. આ અઠવાડિયે, તમારી રાશિના જાતકનું નાણાકીય જીવન સામાન્ય કરતાં વધુ સારું રહેશે. કારણ કે એક તરફ, જ્યાં અનિચ્છનીય ખર્ચ તમને થોડી મુશ્કેલી આપે છે, તો બીજી તરફ, ઘણા ોતોમાંથી પૈસા પ્રાપ્ત થવાને કારણે, તમે આ બધા ખર્ચમાંથી છૂટકારો મેળવી શકો છો. જેના કારણે તમારા ચહેરા પર એક અલગ સ્મિત પણ આવી શકે છે, તો આ શુભ સમયનો લાભ લો. આ અઠવાડિયે, પરિવારના બાળકો અને વૃદ્ધ લોકો તેમના માટે વધુ સમય માંગી શકે છે. પરંતુ તેમની માંગને પૂર્ણ કરવામાં સંપૂર્ણપણે અસફળ સાબિત થતાં, તમે તેમને હેરાન કરી શકો છો. જો તમે હજી પણ સિંગલ છો અને લાંબા સમયથી કોઈ વિશેષની રાહ જોતા હોવ તો તમારે આ અઠવાડિયામાં થોડી વધારે રાહ જોવી પડશે.



**કર્ક - (ડ, હ) :-** આ અઠવાડિયા દરમિયાન તમારું સ્વાસ્થ્ય સામાન્ય રીતે સારું રહેશે. કારણ કે ઘણા ગ્રહોની શુભ દ્રષ્ટિ તમારા સ્વાસ્થ્યને મજબુત બનાવશે અને તે જ સમયે તમને ક્રોનિક રોગોથી મુક્તિ આપશે. તેથી, આ અઠવાડિયે તમારું મન પ્રસન્ન રહેશે. આ અઠવાડિયે, આ રાશિના વતનીઓ, ખાસ કરીને સ્ત્રી વતનીઓએ કંઈપણ બોલતા અને આર્થિક વ્યવહાર કરતી વખતે વિશેષ કાળજી લેવી જરૂરી છે. કારણ કે શક્ય છે કે તમારી નિર્દોષતાને લીધે, ઘરે કોઈ તમારી પાસેથી આર્થિક સહાયની માંગ કરી શકે, અને તમે ઇચ્છો નહીં તો પણ તેનો ઇનકાર કરી શકતા નથી. આ અઠવાડિયે તમારા પ્રત્યેના તમારા પિતાનું વર્તન તમને ખૂબ જ અસ્વસ્થ કરી શકે છે. કારણ કે શક્ય છે કે તમે કહો તે કંઇક વિશે તેઓ તમને નિંદા કરશે. આવી સ્થિતિમાં, શક્ય તેટલું કૌટુંબિક શાંતિ જાળવવા, તેમની સામે પ્રતિક્રિયા આપવાનું ટાળો, નહીં તો વિવાદ વધી શકે છે. આ અઠવાડિયામાં કાર્યસ્થળ પર કામ ઓછું થવાને કારણે તમને કંટાળાને અનુભવાય છે. આવી સ્થિતિમાં, તમારા મફત સમયનો ઉપયોગ કરીને, તમે તમારા બધા કાર્યોને પૂર્ણ કરવાનો પ્રયાસ કરી શકો છો જે ભૂતકાળમાં પૂર્ણ થયા ન હતા.



**સિંહ - (મ, ટ) :-** તમારા ઘરના જીવનસાથીનું નબળું સ્વાસ્થ્ય એ તમારા તાણ અને ચિંતાનું મુખ્ય કારણ હશે. આને કારણે, તમારું મન કોઈ પણ કાર્યમાં ઓછું લાગશે અને તમે કાર્યસ્થળથી ઝડપી રજા લઈને ઘરે જવા માટે બેચેન દેખાઈ શકો છો. તમને આ અઠવાડિયે પૈસા મળશે, પરંતુ તમે તમારા મનોરંજન પાછળ વધુ પૈસા ખર્ચતા જોશો. જેના કારણે તમારા હાથમાંથી પૈસા છૂટી જશે, જ્યારે તમને કોઈ ખ્યાલ આવે, તો સંભવ છે કે તે મોડું થશે. તેથી તમારા માટે આ સમયે તમારા નાણાં બચાવવા સૌથી મહત્વપૂર્ણ રહેશે. આ અઠવાડિયે, જ્યારે પણ તમને જરૂર પડે ત્યારે એકલતાની અનુભૂતિ થાય છે, ત્યારે તમારા માતાપિતા તમને આશીર્વાદ આપતી વખતે તમારું મનોબળ વધારવાનું કામ કરશે. આ તમારા કૌટુંબિક જીવનને સરળ રીતે ચલાવશે.આ અઠવાડિયે ઓફિસમાં તમે કંઈક શોધી શકો છો જે તમે હંમેશા કરવા માંગતા હતા. પરંતુ ઉતાવળ અને ઉત્સાહમાં, સંવેદના ગુમાવવાનું ટાળો અને કોઈ પણ બેદરકારી વિના તે કાર્ય અકાળે પૂર્ણ કરવાનો પ્રયાસ કરો.



**કન્યા - (પ, ઠ, ણ) :-** આ અઠવાડિયે તમને પરિવારના સભ્યોના નબળા સ્વાસ્થ્ય સંબંધિત કોઈ સમાચાર પ્રાપ્ત થશે. આને કારણે તમે માનસિક તાણનો પણ ભોગ બની શકો છો. જે નોકરી ધંધામાં કોઈ પણ કારણોસર હજી સુધી પગાર લેવામાં આવ્યો ન હતો, તેઓ આ અઠવાડિયામાં ધનના અભાવને કારણે ખૂબ જ પરેશાન થઈ શકે છે. આ માટે, શક્ય છે કે તેઓએ તેમની અને તેમના પરિવારની આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે બેંક અથવા અન્ય સંસ્થા પાસેથી ઊંચા દરે લોન લેવી પડશે. આજુબાજુના લોકો, ખાસ કરીને પરિવારના સભ્યોના વર્તનથી તમે આ અઠવાડિયે થોડું પરેશાન થશો. આનાથી તમારું માનસિક તાણ પણ વધશે, સાથે જ તમે તેમની સાથે વિવાદ પણ કરી શકો છો.તમને આ અઠવાડિયે તમારી કારકિર્દીમાં ઇચ્છિત પરિણામો મળવાની દરેક આશા છે. પરંતુ આ માટે તમારે તમારી રચનાત્મક ક્ષમતામાં વધારો કરવાની જરૂર પડશે. આ અઠવાડિયે ભગવાનનું જ્ઞાન ઘણા વિદ્યાર્થીઓને સખત મહેનતનું ફળ આપીને સફળતા પ્રાપ્ત કરવાનું કામ કરશે. તે જ સમયે, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ પણ નસીબ મેળવશે. વિવાહિત લોકો માટે આ સપ્તાહ અનુકૂળ રહેશે.કેતુ ગ્રહ તમારી ચંદ્ર રાશિના બારમા ભાવમાં સ્થિત હશે અને એના પરિણામસ્વરૂપ,રાહુ ગ્રહ નું તમારી ચંદ્ર રાશિના છઠા ભાવમાં બિરાજમાન હોવાના કારણે કારકિર્દી માં તમને,મનપસંદ ફળ મળવાની પુરી ઉમ્મીદ છે.



**તુલા - (ર, ત) :-** આ સપ્તાહ સ્વાસ્થ્ય માટે સારો છે, પરંતુ કોઈ પણ બાબતમાં વધારે વિચાર કરવો તમને માનસિક તાણ આપી શકે છે. તેથી, તમે આ ટેવમાં કંઈક સુધારવાનો પ્રયાસ કરશો, જેમાં તમે અઠવાડિયાના અંત સુધીમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. આ અઠવાડિયે તમારે જમીન, સ્થાવર મિલકત અથવા સાંસ્કૃતિક પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. કારણ કે આ સમય આ યોજનાઓમાં રોકાણ માટે શ્રેષ્ઠ સંયોજન બનાવી રહ્યું છે. આવી સ્થિતિમાં, આ તકોને તમારા હાથથી ન જવા દો, તેનો શ્રેષ્ઠ લાભ લો. જો તમે અથવા ઘરના કોઈ સભ્ય વિદેશમાં સ્થાયી થવા તૈયાર છે અને આ માટે કુંડળીમાં યોગ પણ હાજર છે, તો તમને આ અઠવાડિયામાં આ કાર્યમાં સંપૂર્ણ સફળતા મળી શકે છે. કારણ કે આ સમયગાળા દરમિયાન, ખાસ અનુકૂળ યોગો જોવામાં આવે છે. આવી સ્થિતિમાં, જો તમે સામાન્ય કરતાં વધુ પ્રયાસ કરો છો, તો પછી વિદેશ સ્થાયી થવાનું આ સ્વપ્ન પૂર્ણ થઈ શકે છે. તમારી કરિયર ની કુંડળી મુજબ આ રાશિના વેપારીઓ આખા અઠવાડિયામાં અંધાધૂંધીથી છૂટકારો મેળવીને પ્રશંસા અને પ્રગતિ પ્રાપ્ત કરશે કારણ કે આ સમય તમને ભાગ્યનો સાથ આપશે, જેના કારણે તમે ઓછી મહેનત પછી પણ શુભ પરિણામ પ્રાપ્ત કરી શકશો.




**વૃશ્ચિક - (ન, ય) :-** આ અઠવાડિયે તમને પરિવારના સભ્યોના નબળા સ્વાસ્થ્ય સંબંધિત કોઈ સમાચાર પ્રાપ્ત થશે. આને કારણે તમે માનસિક તાણનો પણ ભોગ બની શકો છો. આ અઠવાડિયે કોઈ નજીકના સંબંધીઓના ઘરે જવું તમારી આર્થિક સ્થિતિને બગાડે છે. કારણ કે શક્ય છે કે તેઓ તમારી પાસેથી કોઈ પ્રકારની આર્થિક સહાયની અપેક્ષા રાખે. કૌટુંબિક ફેરફારો તમને તમારા ડ્રેસ અથવા દેખાવમાં તમારા ફેરફારોથી ગુસ્સો કરી શકે છે. આને ધ્યાનમાં લીધા વિના, તમારું ધ્યાનમાં વાત કરવામાં વ્યસ્ત દેખાશે, જેની આડઅસર તમારી છબીને બગાડે છે. તમે હંમેશાં તમારા મિત્રોની જરૂરિયાત કરતા વધારે કરતા જોશો.આ સપ્તાહ, તમે કારકિર્દીની ગતિ મેળવવા કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિને અપનાવવાનું ટાળશો નહીં, પરંતુ આવું કરવાથી તમને થોડો સમય સંતોષ મળશે, પરંતુ ભવિષ્યમાં તમે તમારી જાતને કોઈ મોટી મુશ્કેલીમાં જોશો. તેથી કોઈ પણ ખોટી ક્રિયાઓ કરવાનું ટાળો. તમારી સાપ્તાહિક કુંડળી સૂચવે છે કે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓ માટે આ સમય ખાસ સારો રહેશે.



**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** આ અઠવાડિયે તમારા મગજમાં નકારાત્મક વિચારો પ્રભાવિત થશે. જેના કારણે ભલે તમારું કંઈક સારું થાય, તો પણ તમે તેને નકારાત્મક દૃષ્ટિકોણથી જોશો. પરિણામે, તમે તમારી જાતને ઘણી સારી અને લાભકારક તકોથી વંચિત કરી શકો છો. તેથી, તમારા સ્વભાવમાં સુધારો. આ માટે, તમે યોગ અને ધ્યાનનો આશરો પણ લઈ શકો છો. આર્થિક દ્રષ્ટિએ, આ અઠવાડિયા તમારી રાશિના લોકો માટે ખૂબ જ શુભ ફળદાયી બનશે. આવી સ્થિતિમાં, તમારા પ્રયત્નોને થોડુંક ઘટવા ન દો, કારણ કે ગ્રહ ગ્રહણકારી સ્થિતિ તમને આ સમયે તમારી સંપત્તિમાં વધારો કરવાની શ્રેષ્ઠ તક પ્રદાન કરી શકે છે. આ અઠવાડિયામાં દારૂ જેવી નશીલી ચીજોનું સેવન કરવાથી તમારા પારિવારિક શાંતિમાં ખલેલ પડી શકે છે. તેથી, ઘરમાં શાંતિ જાળવવા માટે, તમામ પ્રકારની ખરાબ ટેવોમાં સુધારો કરો, નહીં તો તમારા ઘરના સભ્યો સાથેના સંબંધ પર ખરાબ અસર દેખાશે. જો કે, આ માટે તમે ઓછા પ્રયત્નો કર્યા પછી પણ સફળતા મેળવી શકશો. તમારા સાહેબના ખરાબ મૂડને લીધે, તમને તેની સાથે આ વિશે વાત કરવાની તક મળી, આ અઠવાડિયે તમને તે તક મળશે. કારણ કે આ સમય દરમિયાન તેનો સારો મૂડ આખા ઓફિસનું વાતાવરણ સારો કરશે. જેના કારણે હવે તમે તેમની સાથે ખુલ્લેઆમ વાત કરતા અને તેમની સાથે વાતચીત કરતા પણ જોશો.



**મકર - (ખ, જ) :-** આ અઠવાડિયે, તમે ઘણી હદ સુધી સ્વસ્થ અનુભવો છો. કારણ કે આ દરમિયાન, તમે તમારા કુટુંબ અને ક્ષેત્રમાં યોગ્ય સંતુલન જાળવવામાં અને તે દરમિયાન તમારા સ્વાસ્થ્યને જાળવવામાં સફળ થશો. આ અઠવાડિયે, તમારે તમારા બધા રોકાણો અને તેની સાથે સંબંધિત તમામ ભાવિ યોજનાઓને ગુપ્ત રાખવાની જરૂર રહેશે. નહિંતર, તમારી નજીકનું કોઈ પણ વ્યક્તિ આ યોજનાઓનો લાભ લઈ શકે છે અને તમને પૈસા આપી શકે છે. જો તમારા સંબંધીઓ સાથે કોઈ જમીન અથવા સંપત્તિને લગતા તમને વિવાદ થઈ રહ્યો છે, તો આ અઠવાડિયામાં તમે તે જમીનને મળવાથી પારિવારિક વાતાવરણમાં ખુશીની લહેર જોવા મળશે. આવી સ્થિતિમાં, તમે કોઈ ધાર્મિક સ્થળે જઇને પ્રાર્થના કરી અને પ્રાર્થના કરી શકો છો. આ અઠવાડિયે, તમે થોડી સુસ્તી અનુભવી શકો છો અથવા પીડિત-સંકુલનો ભોગ બની શકો છો, પરંતુ આ હોવા છતાં, તમે જે કંઈ કરો છો તેના માટે વખાણ કરવા માટે પણ આતુર છો. જેના કારણે તમને કારકિર્દીમાં આગળ વધવાની કોઈ શુભ તક મળવાની યોગ મળશે. આ અઠવાડિયે, ઉચ્ચ શિક્ષણ મેળવનારા વિદ્યાર્થીઓ તેમના મનમાં બિનજરૂરી રીતે શંકા પેદા કરવાનું ટાળશે. કારણ કે આ કરવાથી, તમારા અભ્યાસ વિશે તમારા મનમાં ઉદ્ભવતા પ્રશ્નોનું સમાધાન કરવું વધુ સારું છે, અને જો જરૂરી હોય તો, વ્યવસાયિક અભ્યાસક્રમમાં જોડાઈને તમારી લાયકાત વધારવી જોઈએ.



**કુંભ- (ગ, શ, ષ, સ) :-** આ અઠવાડિયે, મીઠી વસ્તુઓ ખાવાની ઇચ્છા તમારા મગજમાં જાગૃત થઈ શકે છે. જેને તમે પૂર્ણ કરતા પણ જોશો. પરંતુ આ સમય દરમિયાન, તમારે ભૂલવું ન જોઈએ કે તમારી ઇચ્છા તમને લાંબા ગાળાની ડાયાબિટીઝ અથવા વજન વધારવાની સમસ્યા આપી શકે છે. આ અઠવાડિયે, યોગ ચાલુ છે કે તમારું કોઈપણ ઉપકરણ અથવા ઇલેક્ટ્રોનિક માલ અથવા કોઈપણ પ્રકારનું ગેજેટ ખરાબ થઈ શકે છે. જેના પર તમારે તમારી નાણાકીય યોજના કરતા પણ વધારે ખર્ચ કરવો પડી શકે છે. આવી સ્થિતિમાં, શરૂઆતથી જ તમારા સામાનની સંભાળ રાખવી તમારા માટે વધુ સારું રહેશે. આ અઠવાડિયે તમારા મિત્ર અથવા નજીકના મિત્ર તમારી વાતો અથવા સૂચનોને વધારે મહત્વ આપશે નહીં. જેના કારણે, મિત્રો સાથે કંઈક કરતી વખતે, તમારી રુચિ અવગણશે. તમને આમાંથી માનસિક તણાવ પણ થવાની અપેક્ષા છે.આ અઠવાડિયે ઓફિસમાં તમને મરજીથી સારા પરિણામ મળશે નહીં. કારણ કે શક્ય છે કે તમારી નજીકના કોઈને તમારા ફાયદા માટે દગો આપી શકે. જેના કારણે તમને થોડી સમસ્યાઓ થશે. જો તમારી કારકિર્દીની પસંદગી આ અઠવાડિયામાં તમારે દ્વારા થવાની છે, તો તમારે કોઈ પણ પ્રકારના દબાણમાં આવવું અને તેનાથી સંબંધિત કોઈપણ નિર્ણય લેવાનું ટાળવું પડશે. તેથી કોઈ પણ નિર્ણય ન લો કે જેના વિશે તમારું મન અને તમારું હૃદય સહમત ન હોય.



**મીન-(દ, ચ, ઝ, થ) :-** આ અઠવાડિયામાં તમને કામની સાથે સાથે તમારા સ્વાસ્થ્યને સુધારવા માટે થોડો સમય લેવાની સલાહ આપવામાં આવે છે. કારણ કે આ સમય તમારા સ્વાસ્થ્ય માટે વધુ સારો લાગે છે. આ સાથે, આ અઠવાડિયાના મધ્યમાં તમારા પર વર્કલોડ વધી શકે છે. પરંતુ તમે આ ક્ષેત્રના દબાણને તમારા મગજમાં દબાવવા નહીં દે. તમે આ અઠવાડિયે તમારા માતા પિતાના સ્વાસ્થ્ય માટે જેટલુ ખર્ચ કરી રહ્યા છો તે આવકનો મોટો જથ્થો એકત્રિત કરી શકશો. કારણ કે તમારા માતા પિતાની તબિયત લથડશે, જેથી તમે તમારા પૈસા પણ બચાવી શકશો. તેથી શરૂઆતથી જ તેમની સારી સંભાળ રાખો. આ અઠવાડિયે, કૌટુંબિક મુદ્દાઓને લગતા તમારા સ્વાર્થી ચુકાદાથી પરિવારના સભ્યો તમારી વિરુદ્ધ થઈ શકે છે. તેથી, તમારા માટે તે વધુ સારું રહેશે કે, કુટુંબ સાથે સંબંધિત કોઈપણ નિર્ણય લેતી વખતે, ઘરના સભ્યો સાથે વાત કરવાની ખાતરી કરો અને તેમના વિચારોને પણ મહત્વપૂર્ણ મહત્વ આપશો.આ અઠવાડિયે, આ રાશિના જાતકોના વતનીઓ ક્ષેત્રમાં તેમની પ્રતિભાનો ઉપયોગ કરી શકશે નહીં. જેના કારણે તમારે કારકિર્દીમાં આગળ વધવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આ સમયે, વિદ્યાર્થીઓને ઘણી સફળતા મળશે. ઉપરાંત, ઘણા શુભ ગ્રહોનો પ્રભાવ તમને સારા પરિણામ આપવા માટે પણ કામ કરશે.

# બોલિવૂડના એક્ટર્સને લોકો અભણ માને છે : સુનિલ શેટ્ટી



### સુનિલ શેટ્ટી દિકરા અહાન શેટ્ટીએ તડપ ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું, જેમાં તેની સાથે તારા સુતારિયા હતી

મુંબઈ,

જે લોકો હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કલાકારોને અભણ સમજે છે એવા લોકોનો સુનીલ શેટ્ટીએ ખુલ્લેઆમ ઉધડો લીધો છે. સુનિલ શેટ્ટીએ કહ્યું કે આજે પણ લોકો એવું માને છે કે બોલિવૂડના કલાકારોને કંઈ જ ખબર પડતી નથી. જે સંપૂર્ણપણે ખોટું છે. સાથે જ તેમણે ઉદ્યોગમાં નિષ્ફળતાને કેવી રીતે ઉજવવામાં આવે છે, તે મુદ્દે પણ વાત કરી હતી.તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં સુનીલ શેટ્ટીએ પોતાના પુત્ર અહાન શેટ્ટીની પહેલી ફિલ્મ બોક્સ ઑફિસ પર નિષ્ફળ જવાના અનુભવની વાત કરી હતી, તેમજ નેપોટિઝમ મુદ્દે ટીકાનો સામનો કરવો પડ્યો તે વિશે પણ વાત કરી હતી. સુનિલે જણાવ્યું, ‘‘આપણે હંમેશા ઈચ્છીએ છીએ કે આપણા બાળકો ખુશ રહે અને હું અહીં સફળતાની વાત નથી કરતો. મને ઈન્ડસ્ટ્રીમાં નિષ્ફળતાનો ડર છે, સફળતાનો નહીં. અન્ય ક્ષેત્રોમાં તમે નિષ્ફળ જાઓ તો ફરી ઊભા થઈને આગળ વધો છો. અહીં જ્યારે તમે નિષ્ફળ જાઓ છો, ત્યારે આખી દુનિયા તમને જુએ છે અને તમને એવો અહેસાસ કરાવે છે કે તમે કશું નથી.

# ચહલ અને આરજે મહવશની મિત્રતા વચ્ચે તિરાડના સંકેત



મુંબઈ,

અભિનેત્રી RJ મહવશ છેલ્લા કેટલાક દિવસોથી ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ સાથેના તેના રૂમર્ડ રિલેશનશિપ કારણે હેડલાઈન્સમાં છે. ચહલે તેની પત્ની ધનશ્રી વર્માને છૂટાછેડા આપી દીધા. આ પછી, RJ મહવશ સાથેની તેની મિત્રતા ઘણીવાર ગાઢ બનતી જોવા મળી છે. બંનેના પ્રેમ સંબંધોની અફવાઓ પણ સામે આવી છે. ચાહકોએ તેમના ડેટિંગ વિશે અનુમાન લગાવ્યું. RJ મહવશે પણ ચહલને પોતાનો સારો મિત્ર બતાવ્યો છે અને ઈન્ટરવ્યુમાં ઘણી વખત તેની પ્રશંસા કરી છે.

# મને આઘાત લાગ્યો અને થયું કે હું એક્ટિંગ કરી શકીશ? : ભૂમિ

### મારી અંદર એવા વાસ્તવિક અનુભવ જ નહોતા બચ્યા, જેનો હું મારી એક્ટિંગમાં ઉપયોગ કરી શકુ



મુંબઈ,

મે ૨૦૨૫માં રિલીઝ થયેલી ભૂમિ પેડનેકર અને ઈશાન ખટ્ટરની સિરીઝ ધ રોયલ્સમાં પોતાના અભિનય માટે ભૂમિ પેડનેકરને ભારે ટીકાનો સામનો કરવો પડ્યો હતો. તેની માનસિક સ્થિતિ પર એટલી ઉંડી અસર થઈ કે તેણે આ સિરીઝની નિષ્ફળતા પછી લાંબા સમયનો બ્રેક લેવો પડ્યો. લગભગ નવ મહિના સુધી ભૂમિ જોવા મળી નહોતી. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં ભૂમિએ જણાવ્યું કે આ આકરી ટીકા બાદ તે અંદરથી ભાંગી પડી હતી અને તેને આઘાત લાગી ગયો હતો. તેથી જ તેમણે અભિનયમાંથી નવ મહીનાનો બ્રેક લીધો.સિરીઝ હિટ હોવા છતાં તેને મળેલા પ્રતિસાદ વિશે વાત કરતાં ભૂમિએ સ્વીકાર્યું કે તેઓ અંદરથી ખાલી થઈ ગઈ હતી. તેમણે કહ્યું કે ઘણું ટ્રોલિંગ થયું, તો સાથે કેટલીક ટીકાને હકારાત્મકતાથી પણ લીધી હતી. આ સમગ્ર અનુભવને કારણે ૨૦૨૫માં તેણે કેટલાક અઘરા નિર્ણયો લેવા પડ્યા હતા.ભૂમિએ કહ્યું, ‘‘એમાંનો એક નિર્ણય બ્રેક લેવાનો હતો. મેં તેની જાહેરાત કરી નહોતી, કારણ કે હું તેને મોટું સ્વરૂપ આપવા નહોતી માગતી. હું ભાવનાત્મક રીતે સંપૂર્ણપણે થાકી ગઈ હતી. એક એક્ટર તરીકે, એક વ્યક્તિ તરીકે હું કોણ છું—‘ભૂમિ કોણ છે?’ એનો દૃષ્ટિકોણ જ ગુમાવી બેઠી હતી. એટલે મારે થોડું પાછળ હટવું પડ્યું. બધી જ ટીકાઓમાંથી મારે ખરો અવાજ શોધવાનો હતો, કે ખરેખર મારું હિતેચ્છુ કોણ છે. એટલે મેં બ્રેક લીધો. જૂન પછી હું કોઈ સેટ પર ગઈ નથી.’’ભૂમિએ જણાવ્યું કે આ બ્રેક તેણે પોતાની મરજીથી લીધો હતો અને પોતાને માટેનો આ શ્રેષ્ઠ નિર્ણય સાબિત થયો. આ સમયગાળા દરમિયાન તેણે ફિલ્મો જોઈ, પુસ્તકો વાંચ્યા, હાર્વર્ડમાં એક કોર્સ કર્યો અને જીવનના અનુભવ મેળવવા માટે પ્રવાસ કર્યો.



# નેગેટિવ PRથી કલાકારોની માનસિક સ્થિતિને અસર થાય છે : નિધિ

### તાજેતરમાં, મારી વિરુદ્ધ પણ એક-બે નેગેટિવ કેમ્પેઈન શરૂ થયાં હતાં, પરંતુ અમે તેને તરત જ બંધ કરાવી દીધાં

મુંબઈ,

છેલ્લાં કેટલાંક સમયથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નેગેટીવ પીઆર ચર્ચાનો મુદ્દો છે. કેટલાંક વખત પહેલાં તાપસી પન્નુએ પણ આ મુદ્દે વાત કરી હતી. ધુરંધર ફિલ્મ પહેલાં યામી ગૌતમે પણ નેગેટિવ પીઆરનો મુદ્દો ઉઠાવ્યો હતો. હવે રાજાસાબની હિરોઈન નિધિ અગ્રવાલે પણ આ મુદ્દે વાત કરી છે. તેણે નેગેટિવ પીઆર કઈ રીતે સ્ટાર્સની માનસિક સ્થિતિ પર અસર કરે છે અને તે આ સ્થિતિનો સામનો કઈ રીતે કરે છે, તે અંગે વાત કરી હતી.નિધિ ગ્રવાલે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નેગેટિવ઼ ઈ અને પેઈડ ઑનલાઈન કેમ્પેઈન્સનાં વધતા ટ્રેન્ડની આકરી ટીકા કરી છે. નિધિએ તેને નુકસાનકારક અને કલાકારો માટે અત્યંત અયોગ્ય ગણાવ્યું છે. નિધિએ કહ્યું કે ઈન્ડસ્ટ્રીમાં ઘણી વખત ખરી પ્રતિભાને પ્રોત્સાહન આપવાને બદલે લોકોને નીચે પાડવા માટે પૈસા ખર્ચવામાં આવે છે.નિધિએ એક પોડકાસ્ટમાં વાતચીત દરમિયાન, ખુલાસો કર્યો કે તેને પણ નેગેટિવ઼ ઈનો સામનો કરવો પડ્યો હતો. નિધિએ જણાવ્યું, ‘‘એટલું બધું નેગેટિવ઼ ઈ ચાલે છે! બૂક માય શો રેટિંગ્સ અને આઈએમડીબી રેટિંગ્સ જેવી બાબતોમાં પણ ઘણા લોકો નેગેટિવ એટેક કરે છે. પેઈડ રિવ્યુઝનો એક ખાસ વર્ગ છે. લોકો બીજાને નીચે ખેંચવા માટે ઘણો પૈસો ચૂકવે છે અને ક્યારેક મને લાગે છે કે લોકો પોતાને ઊંચા ઉઠાવવા કરતાં બીજાને નીચે પાડવા માટે વધુ પૈસા ખર્ચે છે. તાજેતરમાં, મારી વિરુદ્ધ પણ એક-બે નેગેટિવ કેમ્પેઈન શરૂ થયાં હતાં, પરંતુ અમે તેને તરત જ બંધ કરાવી દીધાં. કારણ કે મને થયું કે, યાર, હું મારી રીતે સારું કામ કરીને યોગ્ય દિશામાં આગળ વધી રહી છું. પરંતુ જો તમે કંઈ નેગેટિવ કરો, તો હું પણ તેનો યોગ્ય જવાબ આપીશ.’’તેણે વરુણ ધવન અને કાર્તિક આર્યન વિરુદ્ધ તાજેતરમાં થયેલાં નેગેટિવ પીઆર એટેક્સ વિશે પણ વાત કરી અને કહ્યું, ‘‘આ બહુ જ ખરાબ બાબત છે. લોકો આ માટે ઘણો પૈસો ચૂકવે છે, મને લાગે છે કે આ ભયાનક છે. કારણ કે કલાકારો ખૂબ જ સંવેદનશીલ અને લાગણીશીલ હોય છે.

# આમિર ખાને નવી ગર્લફ્રેન્ડ અંગે કર્યો મોટો ખુલાસો

### રીના દત્તા સાથે છૂટાછેડા લીધા બાદ ૨૦૦૫માં આમિર ખાને કિરણ રાવ સાથે લગ્ન કર્યા હતા

મુંબઈ,

વર્ષ ૨૦૨૫માં પરફેક્ટનિસ્ટ ગણતો અભિનેતા આમિર ખાન ૬૦ વર્ષનો થયો હતો. પોતાના ૬૦માં બર્થ ડે પર આમિર ખાને તેની નવી ગર્લફ્રેન્ડને ઈન્ટ્રોડ્યુસ કરી હતી. જેનું નામ ગૌરી છે. આ ક્ષણે આમિર ખાને કહ્યું હતું કે, ‘‘અમે એક્સિડન્ટલી મળ્યા હતા. ટચમાં રહ્યા હતા અને આ આપમેળે થઈ ગયું.’’ આમિર ખાનની નવી ગર્લફ્રેન્ડ સામે આવ્યા બાદ તેઓ લગ્ન ક્યારે કરશે, એવી ચર્ચા શરૂ થઈ હતી. ત્યારે હવે આમિર ખાને ગૌરી સાથેના લગ્ન અંગે મહત્ત્વની વાત કરી છે. મીડિયા સાથે વાત કરતા આમિર ખાને જણાવ્યું કે, ‘‘એકબીજાને લઈને ગૌરી અને હું ઘણા સીરિયસ છીએ. અમે એકમેક માટે કમિટેડ છીએ. અમે પાર્ટનર છીએ. અમે સાથે છીએ.

# અનન્યા પાંડેના લગ્નની તૈયારી : માતા ભાવના પાંડેએ પુત્રીના ભવ્ય લગ્નની યોજનાઓ જાહેર કરી

મુંબઈ,

અનન્યા પાંડે હાલમાં તેની આગામી ફિલ્મ ’ચાંદ મેરા દિન’ માટે સમાચારમાં છે. તેના કામની સાથે, તેનું અંગત જીવન પણ ચર્ચાનો વિષય છે. ખાસ કરીને, તેના લગ્ન વિશેના સમાચાર ચાહકોને ખૂબ જ ઉત્સુક રાખે છે. તાજેતરમાં, અનન્યાની માતા ભાવનાએ પુત્રીના લગ્નની યોજનાઓ જાહેર કરી. અનન્યાના માતાપિતા, ચંકી પાંડે ભાવના પાંડે, તાજેતરમાં એક (માસ્ટરશેફ ઇન્ડિયા) માં તેઓએ તેમના પરિવાર, પુત્રીઓ, અનન્યા અને વાત કરી. જ્યારે તેમને અનન્યાના લગ્નમાં શું ભાવનાએ ખચકાટ કે લગ્નનું મેનુ ભવ્ય

તેમની

અ ન ે

રસોઈ શો

દેખાયા હતા. ત્યાં, લગ્ન અને તેમની રાયસા વિશે સ્પષ્ટપણે પૂછવામાં આવ્યું કે તેઓ ખાવા માંગે છે, ત્યારે વિના કહ્યું. તેણીએ કહ્યું

હશે, જેમાં શાકાહારી અને માંસાહારી બંને પ્રકારની વાનગીઓની વિશાળ વિવિધતા હશે. તેણીના કેટલાક મનપસંદમાં મટન કરી, ભારતીય શૈલીની તિરામિસુ, લસણનું અથાણું અને જાંબલી પરાઠાનો સમાવેશ થાય છે. આનાથી બધા હસી પડ્યા.

અનન્યાએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તે એક નહીં પણ બે લગ્ન ઈચ્છે છે. પહેલું લગ્ન ઉદયપુરમાં ભવ્ય હશે, જે ફિલ્મ "યે જવાની હૈ દીવાની" માં દર્શાવવામાં આવેલા લગ્ન જેવું જ હશે. મિત્રો, પરિવાર અને ફિલ્મ ઉદ્યોગના સભ્યો હાજરી આપશે. બીજા લગ્ન ખૂબ જ ખાનગી હશે, એક અઠવાડિયા પછી બહામાસ અથવા માલદીવના સુંદર બીચ પર થશે. ફક્ત ખૂબ જ નજીકના લોકો જ હાજર રહેશે.

અનન્યાએ તાજેતરમાં કાર્તિક આર્યન સાથે ફિલ્મ "તુ મેરી મેં તેરા મેં તેરા તુ મેરી" માં અભિનય કર્યો હતો. તેની આગામી ફિલ્મ "ચાંદ મેરા દિલ" હશે, જે લક્ષ્ય સાથેની રોમેન્ટિક ડ્રામા ફિલ્મ છે. આ ફિલ્મ ૨૦૨૬ માં રિલીઝ થશે.



## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જ્ઞા | ન | ત | ગુ | તા | પ | સ | ક | ગ | શિ | ણ | મા |
| ણે | બ | ક | લા | ર | ગ | ઈ | ઝ | ક્ષ | બૂ | બ | વિ |
| ક | કા | બા | મ | મા | શ | લ | ક | ચ | જ્ઞા | દ | ળો |
| ળ | ક | હા | ક | રા | આ | કા | ગુ | ગી | ક | ઊ | ઈ |
| ચ | મ | ચી | દ | કા | લ | ર | અ | મા | સ | ચા | રી |
| ગી | આ | મા | ગુ | મ | ના | મ | ણ | સ | ન | ર | ર |
| બા | કા | શ | સા | ક | ઈ | બ | ડ | દ | ભ | ન | જી |
| હા | સા | લ | ચા | ગ | ર | વિ | ઊ | મ | ળ | આ | લ |
| પ્રા | ક | શ | દ | લ | ળ | ડ | મ | રી | રો | વા | લ |
| સા | ઉ | ઉ | આ | ભો | ળો | ગી | ક્ષ | મા | ર | ર | લ |
| ગ | ધ | ર | ઔ | કા | ઉ | મા | પ્ર | જ્ઞા | પ્રા | ક | ણ |
| પ્રા | ગ | દ | ળ | સા | મા | કા | ન | ગ | ળો | શિ | દ |

શબ્દ શોધો: ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# અનુષ્કા શર્માએ પોતાને રાની મુખર્જીની ચાહક ગણાવી 'મર્દાની ૩'માં અભિનેત્રીના કામની પ્રશંસા કરી



મુંબઇ,

’મર્દાની ૩’ ટ્રેલર રિલીઝ થયા પછી, અનુષ્કા શર્મા રાની મુખર્જીની પ્રશંસા કરતી સેલિબ્રિટીઓની યાદીમાં જોડાઈ ગઈ છે. અભિનેત્રીએ સોશિયલ મીડિયા પર ફિલ્મ માટે પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો. અનુષ્કાએ કહ્યું કે તેણી હંમેશા રાનીના કામની પ્રશંસા કરી છે અને તેણીને ફરી એકવાર સ્ક્રીન પર આગ લગાવતી જોવા માટે ઉત્સાહિત છે. "મર્દાની ૩", જે ૩૦ જાન્યુઆરીએ રિલીઝ થઈ રહી છે, તે આ વર્ષની સૌથી અપેક્ષિત ફિલ્મોમાંની એક છે.

અનુષ્કા શર્માએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર ટ્રેલર શેર કર્યું અને લખ્યું, "અભિનંદન રાની, મેં હંમેશા તમારા કામ અને તમારા દરેક કાર્યમાં તમારી કૃપાની પ્રશંસા કરી છે. તમારા માટે શું સ્ટોર છે તે જોવા માટે હું ખૂબ જ ઉત્સાહિત છું. એટલા માટે હું તમારી ચાહક છું." સોશિયલ મીડિયા પર ઘણા લોકોએ પણ અભિનેત્રીની પ્રશંસા કરી. દર્શકો આ ફિલ્મની રિલીઝની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, જેણે પહેલાથી જ જબરદસ્ત ચર્ચા જગાવી છે.

રાની મુખર્જીની શક્તિશાળી કોપ ફ્રેન્ચાઇઝ, મર્દાનીના નિર્માતાઓએ તેના ત્રીજા ભાગનું ટ્રેલર રિલીઝ કર્યું છે, જેમાં અભિનેત્રી નિર્ભય અને નીડર આઈપીએસ અધિકારી શિવાની શિવાજી રોય તરીકે પરત ફરે છે. ફ્રેન્ચાઇઝની સ્પષ્ટ શૈલીને જાળવી રાખીને, 'મર્દાની ૩' વધુ એક ખલેલ પહોંચાડતા સામાજિક મુદ્દા સાથે પરત ફરી રહી છે. આ વખતે, શિવાની રાષ્ટ્રીય તપાસ એજન્સી માં જોડાય છે અને બે યુવતીઓના અપહરણ સાથે સંકળાયેલા એક ભયાનક કેસની જવાબદારી સંભાળે છે.

# પદ્મશ્રી આચાર્ય પૂ. ચંદનાજી મહારાજનો ૯૦મો જન્મ મહોત્સવ ઉજવાશે

જામનગર : વિરાયતન વિશે : રાજગીરી-બિહાર એટલે એ પુનીત અને પવિત્ર ભૂમિ છે કે જયાં પ્રભુ મહાવીર સ્વામીના પાવન પગલા પડયાં છે. અને ખરા અર્થમાં આશીર્વાદ પામી છે. આવી મહાન અને પાવન ભૂમિ પર પ્રભુ મહાવીરના ઉપદેશો, સિધ્ધાંતો અને દેષ્ણાઓને ખરા અર્થમાં ચરિતાર્થ કરતાં પ્રચાર અને પ્રસારનું ઉત્તમ માધ્યમ બનીને ઉભરી આવ્યા છે એક જૈન સાધ્વીજી, કે જેઓ આચાર્ય ચંદનાજીના નામથી ખ્યાતી પામ્યા છે. અને તાંઈ માં મહારાજના વિશીષ્ટ ઉપનામ સાથે પણ શ્રાવકોમાં ઓળખાય છે.

પૂ.આચાર્ય ચંદનાજી આગામી તા. ૨૬ મી જાન્યુઆરીના રોજ પોતાના જીવનકાળના ૮૯ વર્ષ પૂર્ણ કરીને ૯૦ માં વર્ષમાં સંપૂર્ણ સ્વસ્થતા અને ઉત્તમ સ્વાસ્થય સાથે મંગલ પ્રવેશ કરી રહ્યા છે. ત્યારે તેમનો પરિચય તાજો કરવો અસ્થાને નહીં ગણાય.

૨૬ મી જાન્યુઆરી ૧૯૩૭ના રોજ મહારાષ્ટ્રના ચાસ્કામન મુકામે કટારીયા પરિવારના સુશ્રાવક પિતા માણેકચંદજી અને સુશ્રાવીકા માતા પ્રેમકુંવરબાના ખોરડે પુત્રી રતન તરીકે જન્મયાં શકુંતલા સાંસારીક નામ સાથે તેમનો ઉછેર થયો ફકત ૩ ધોરણ સુધી પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કર્યું સમય જતાં તેમના નાનાજીની સલાહને અનુસરીને જૈન પૂ. સાધ્વીજી સુમતીકુંવર સાથે જોડાયા કે જેથી જૈનત્વ અને જનસેવા વિષયક વધુ અભ્યાસ કરી શકે. માત્ર ચૌદ વર્ષની વયે જૈન દિક્ષા અંગીકાર કરી અમરમુની સંપ્રદાયના પૂજય ગુરૂદેવ ઉપાધ્યાય અમરમુનીજી મહારાજ સાહેબે દિક્ષા આપી અને સાધ્વી ચંદનાજી નામ આપ્યું. દિક્ષા પર્યાય દરમ્યાન જૈન સ્કીત્પરના અભ્યાસ અર્થે ૧૨ વર્ષ સુધી મૌન રહેવાની આકરી પ્રતિજ્ઞા લીધી. ઉપરાંત ભારતીય વિદ્યા ભવન, મુંબઈમાંથી દર્શનાચાર્યની ડીગ્રી મેળવી, પ્રયાગ ખાતેથી સાહિત્ય રત્નની ઉપાધી મેળવી બનારસ હિન્દુ યુનિવર્સિટી ખાતેથી નાવ્યન્યાય અને વ્યાકરણ વિષયોમાં શાસ્ત્રીની વિશેષ ઉપાધી મેળવી.

તીર્થંકર મહાવીર પ્રભુનો અહિંસા, પ્રેમ અને કરૂણાનો સંદેશ જેમનો જીવનમંત્ર હોય, ચોવીસ કલાક, ત્રણસો પાંસઠે દિવસ જેઓ માનવ કલ્યાણની પ્રવૃતિઓમાં જ નિસ્વાર્થ ભાવે સંલગ્ન હોય, સબળ, સક્ષમ અને ગતિશીલ નેતૃત્વ જેમના ડગલે પગલે ભારોભાર અભિવ્યક્ત થતું અનુભવી શકાય તેમની વિદવતાપૂર્ણ, અસ્ખલિત રણકતી મધુરવાણી સાંભળતા અભિભૂત થઈ જવાય એવી કોઈ સૌમ્યતા અને શાલીનતા સભર, મમતાની મૂર્તિજોવા મળે તો તેઓ નિશ્ચિતપણે પૂ. ચંદનાજી મહારાજ તેમ કહેવામાં કોઈ અતિશ્યોકિત



નહી ગણાય.

વિરાયતન રાજગીરીનો એક પરિચય : પરમ પૂજય ગુરુદેવ ઉપાધ્યાય અમરમુનિજીની પ્રેરણા અને આશીર્વાદથી પરમ શ્રદ્ધેય પદ્મશ્રી આચાર્ય ચંદનાજી દ્વારા વિરાયતનનો પ્રારંભ સન ૧૯૭૩ માં રાજગીરી— બિહારમાં થયો. સેવા, શિક્ષા અને સાધનાના હેતુઓની સાથે માનવ કલ્યાણ અને સામાજીક વિકાસના કાર્યોમાં સમર્પિત વિરાયતન, એક સોશ્યોરીલિજીયસ આંતરરાષ્ટ્રીય સંસ્થાન છે. જે સેવાના માધ્યમથી ભગવાન મહાવીરની કરૂણા અને અહિંસાની તેજસ્વિતાને અનેક લોકો સુધી પહોંચાડવાનો સફળ પ્રયાસ કરી રહી છે.

પરમ શ્રદ્ધેય પદ્મશ્રી આચાર્ય શ્રી ચંદનાજીના નેતૃત્વમાં વિરાયતન-સમર્પિત અને કુશળ સાધ્વી સંઘ, કાર્યકારિણી સમિતિના સદસ્યને ઉત્સાહિત સ્વયંસેવકોના સંયુક્ત પ્રયત્નોથી ચાલતી સંસ્થા છે. સમગ્ર માનવજાતિના ઉત્કર્ષ માટે વિરાયતનનું કાર્ય કોઈ જાતિ કે પંથ, ધર્મ કે સમુદાયના ભેદભાવ વગર સંપન્ન કરવામાં આવી રહ્યું છે. વિરાયતનનો પ્રયાસ છે કે એવું વાતાવરણ બનાવવામાં આવે જેમાં બધા લોકો, લાભાર્થી, સ્વયંસેવકો અને કાર્યકતાઓનો સહયોગ અને સર્વ હિતની વાત વિચારી શકે અને બીજાના કલ્યાણની સુંદર યાત્રામાં સહભાગી બની શકે. છેલ્લા ૫૦ વર્ષોમાં વિરાયતને લાખો લોકોના જીવનને સ્પર્શ કર્યો છે અને પ્રોત્સાહન, સહયોગ અને નિસ્વાર્થ પ્રેમ દ્વારા તેમનામાં નવી આશાઓનો સંચાર કર્યો છે.

પદ્મશ્રી આચાર્યશ્રી ચંદનાશ્રીજી જૈન ધર્મને તો વરેલા રહ્યા છે, સાથોસાથ જૈન સમાજને સંપૂર્ણ રીતે સમર્પિત રહ્યા છે. સમાજના ઉત્થાન અર્થે શિક્ષણને પ્રાધાન્ય આપ્યું. તેઓ દ્રઢતાપૂર્વક માને છે કે, "જે સમાજ શિક્ષિત હોય તે સમાજ સદૈવ સુરક્ષીત હોય અને રહેશે જ. સમાજની દરેક પ્રકારની સેવાઓ પછી તે શિક્ષણ હોય કે આરોગ્ય, ધર્મ ઉપદેશની વાત હોય કે પછી ગરીબોનુ ઉત્થાનની બાબત હોય. પૂ. તાઈ મા સદાય તત્પર, અગ્રેસર અને સમર્પિત રહ્યા છે. પાંચ દાયકા ઉપરાંતની તેમની આ સેવાઓની ભારત સરકારે રાષ્ટ્રીય કક્ષાએ નોંધ લીધી અને તેને આપેલા આ ઉત્તમ યોગદાન બદલ તેમને વર્ષ-૨૦૨૨ માં "પદ્મશ્રી" એવોર્ડથી વિભુષીત કરાયા અને ભારતના રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદના વરદ્ હસ્તે પદ્મશ્રી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.

પદ્મશ્રી આચાર્ય ચંદનાશ્રીજી જે જે ભૂમી પર પગરણ માંડે છે તે દરેક ભૂમીની તાસીર અને કિસ્મત બદલાઈ જાય છે.

વિરાયતન પાલીતાણાનો પરિચય : વિરાયતન પાલીતાણાનું નિર્માણ કાર્ય તથા સંચાલન સંઘમિત્રાજી મહારાજ કરી રહ્યા છે, ચંદનાજી તાઈમના આશિષ તેમજ તેમના માર્ગદર્શન મુજબ પાલીતાણામાં આંખની હોસ્પિટલ તથા પ્રજ્ઞાતીર્થ તથશીલાનું શિલાન્યાસ કરવામાં આવેલ. આ કાર્ય અદ્યતન સંપૂર્ણ સુવિધા સાથે કાર્યરત છે.

સંઘમિત્રાજી મહારાજ મધુરકંઠી, મધુરવાણી મુખથી સરસ્વતી ઝરે એવી શૈલી છે. તેઓએ અમરમુનિ મહારાજ તથા આચાર્ય ચંદનાજી મહારાજ પાસેથી સંસ્કૃત-પ્રાકૃતનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરેલ છે. તેમજ ઈગ્લીશ-હિન્દી-ગુજરાતી ભાષામાં પ્રભુત્વ જ્ઞાન ધરાવે છે. તેઓ અમેરીકામાં ૨૦ વર્ષ પહેલા અને ત્યાંથી આવી અને તાઈમાં મહારાજ આચાર્ય ચંદનાજી પાસે દિક્ષા ગ્રહણ કરેલ છે.

તીર્થંકર મહાવીર વિદ્યા મંદિર શાશ્વત તીર્થ પાલીતાણામાં અનેરી શાળા પરમ શ્રધ્ધેય પૂજય આચાર્ય ચંદનાશ્રીજીની અસીમ પ્રેરણા અને આશિર્વાદથી પવિત્ર અને લોકપ્રિય તીર્થ પાલીતાણામાં ડોળીવાળાના તથા અન્ય જરૂરતમંદ અને પછાતવર્ગના બાળકો માટે તીર્થંકર મહાવીર વિદ્યા મંદિર નિઃશુલ્ક શાળાની જુન-૨૦૧૭ માં શરૂઆત થઈ છે. આ શાળામાં આજની આધુનિક ટેકક્નોલોજી તથા નૂતન પધ્ધતિથી શિક્ષણ વ્યવસ્થા છે. દરેક બાળકને ડ્રેસ, સ્કૂલબેગ, લંચબોકસ, વોટરબોટલ, બુકસ નોટબુક તથા પ્રતિદિન નાસ્તો સાથે શિક્ષણ અંગેની દરેક સુવિધાઓ આપવામાં આવેલ છે. આ સંકુલમાં જ જરૂરીયાતમંદ બહેનો માટે વોકેશનલ ટ્રેનીંગ સેનટરનો શુભારંભ પણ થયેલ છે. જેમાં નિઃશુલ્ક સિવણ કલાસની વ્યવસ્થા છે અને ટૂંક સમયમાં બાળકો માટે કોમ્પ્યુટર કલાસ પણ પ્રારંભ થઈ રહ્યા છે.જ્ઞાનની અમૂલ્ય ભેટ આપી બાળકોને સામર્થ્યવાન બનાવવા માટે આદેશ્વરદાદાની ભૂમિનું આમંત્રણ આપણા તરફથી બાળકોને પ્રોત્સાહન અને આશિર્વાદ મળે, આ અમુલ્ય સેવાનો લાભલેવાની તક ચૂકશો નહી. વડલી, તળાજા રોડ પર સ્કૂલની વિરાયતનની મુલાકાતે અવશ્ય લેવી તેમ યાદીમાં જણાવાયું છે.

**સંકલનઃ- શશીકાંત ઉદાણી મો. ૯૪૨૭૨ ૪૦૬૭૮**

## જોડિયા ભૂંગા વિસ્તારમાં ભૂગર્ભ ગટરના પાણી રોડ પર રેલાયા, તંત્ર મૌન



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના વોર્ડ નંબર-૧ના બેડી જોડીયાભુંગા વિસ્તારમાં ભુગર્ભ ગટરના પાણી છલકાવાની સમસ્યાની રજુઆતો છતાં સમસ્થા યથાવત રહેતા વિસ્તારના લોકો દ્વારા મ્યુ. કમિશનરને નવતર ચિમકી આપવામાં આવી છે. જેમાં જણાવાયું છે કે, તમે અમારી મુલાકાતે આવો, નહીંતર અમે તમારી મુલાકાતે આવશું.

વોર્ડ નંબર-૧ના વિસ્તારોમાં લાંબા સમયથી ભુગર્ભ ગટરો ઉભરાવાની ફરિયાદો રહ્યા કરે છે. શેરીમાં ગટરના પાણીના કારણે લોકોને હાલાકી તો થાય છે. ઉપરાંત રોગચાળાનો ભય રહે છે. તેથી થોડા દિવસો અગાઉ વિસ્તારના કાર્યકર અનવરભાઈ સંઘારે તંત્રના અધિકારીઓને જાણ કરતા સોલીડ વેસ્ટ વિભાગના બે સેનેટરી ઈન્સ્પેક્ટર તેમજ ભુગર્ભશાખાના એક અધિકારી વિસ્તારની મુલાકાતે આવ્યા હતા. પણ લોકોને સાંભળ્યા વગર જતા રહ્યા હતા. હવે આજે તા.૨૧ના બુધવારે ફરી આવી જ હેરાનગતિ થઈ છે.

તેથી વિસ્તારના હુસેનાબેન સંઘારે તંત્રને રજુઆત કરી છે કે, વિસ્તારના રહેવાસીઓ દ્વારા વાંરવાર ગટર અને સફાઈ અંગે રજુઆતો મળી છે. આ પ્રશ્ન વધી ગયા છે. જ્યારથી નવા એસ.એસ. આઈ. આવ્યા છે. ત્યારથી સફાઈની કામગીરી સાવ ખાડે ગઈ છે.

# જામજોધપુરમાં નગરપાલિકા દ્વારા રસ્તા પરના ગેરકાયદે અનેક દબાણો દૂર કરાયા

જામજોધપુર : જામજોધપુર ટાઉનમાં નગરપાલિકા દ્વારા ગઈકાલે બપોર બાદ દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, અને જાહેર માર્ગ પર અડચણ થાય તેવા અનેક દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જેમાં જેસીબી ની મદદ લઈને આ દબાણો હટાવાયા હતા.



જામજોધપુર નગરપાલિકા દ્વારા ગઈકાલે તા. ૨૩ના રોજ જકાત નાકાથી મીની બસ સ્ટેશન સુધી મુખ્ય માર્ગ પરના દબાણ દુર કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ માર્ગ પરના ગેરકાયદેસર દબાણો જેમાં કેબીનો, ચા ની હોટેલો, તેમજ અન્ય દુકાનો દુર કરી ટ્રાફીક નિયમન અને નગરપાલિકા વિસ્તારમાં સફાઈ ઝુંબેશ સઘન રીતે હાથ ધરવામાં આવી હતી.

# જામનગર જિલ્લામાં મહિલા વિકાસલક્ષી કામગીરી કરતી સંસ્થાઓએ અરજી કરવાની રહેશે

જામનગર : ગુજરાત રાજ્યમાં મહિલા વિકાસને માટે કામગીરી કરતી સ્વૈચ્છિક સંસ્થા અને સામાજિક કાર્યકરોએ વર્ષ ૨૦૨૫-૨૬ના 'ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર' માટે તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી મારફત નિયત નમુનામાં શરતોને આધીન અરજીઓ કરવાની રહેશે. જે મુજબ,

ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર ઈચ્છુક સ્વૈચ્છિક સંસ્થા તેમજ સામાજિક કાર્યકર જે ઓછામાં ઓછા છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાત રાજ્યમાં મહિલા કલ્યાણ ક્ષેત્રે, મહિલાઓના સામાજિક, આર્થિક સશક્તિકરણને લગતી પ્રવૃત્તિ કરતા હોય તે જ સ્વૈચ્છિક સંસ્થાઓ, સામાજિક કાર્યકર પુરસ્કાર માટે જરૂરી આધાર પુરાવા સાથે અરજી કરી શકશે. કોઈપણ સરકારી અથવા તો અર્ધ સરકારી અને ૧૦૦ ટકા સરકારી અનુદાનથી ચાલતી સંસ્થા આ પુરસ્કાર માટે અરજી કરી શકશે નહી.

ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર સ્વૈચ્છિક સંસ્થા અને સામાજિક કાર્યકરને એક જ વખત મળવાપાત્ર છે. પુરસ્કાર માટે પસંદગી, પદ્ધતિ, શરતોમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા રાજ્ય સરકારની રહેશે. ઉપરાંત પુરસ્કાર માટે અંતિમ નિર્ણય રાજ્ય સરકારનો રહેશે. અરજી કરવા ઈચ્છુકો ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર મેળવવા અંગેનું અરજી પત્રક મહિલા અને બાળ વિકાસ વિભાગની વેબસાઈટ [illegible] ઉપરથી ડાઉનલોડ કરી શકશે. તેમજ જે તે જિલ્લા ખાતે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી ખાતેથી પણ મળી શકશે.

અરજીકર્તાએ શરતો વાંચીને નિયત નમુનામાં અરજી આગામી તા.૩૧ જાન્યુઆરી સુધીમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી જામનગરને અરજી મળે તે રીતે ફરજીયાત આર.પી.એ.ડી / સ્પીડ પોસ્ટથી મોકલવાની રહેશે જેની નોંધ લેવા જામનગર મહિલા અને બાળ અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## જામનગર મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી વોર્ડ નં. ૬માં કરાશે

જામનગર : જામનગર મહાનગરપાલિકા દ્વારા દેશના ૭૭માં પ્રજાસત્તાક દિનની ઉજવણી વોર્ડ નંબર ૬ માં રવિ પાર્ક વિસ્તારમાં આવેલ કોમન પ્લોટમાં આગામી ૨૬મી જાન્યુઆરીએ સવારે ૯ કલાકે કરવામાં આવશે. જેમાં જામનગરના મેયર વિનોદભાઈ ખીમસૂર્યા દ્વારા હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજયના રાજયકક્ષાના શિક્ષણ મંત્રી રીવાબા જાડેજા, સાંસદ પૂનમબેન માડમ, પૂર્વ કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરા, શાસક પક્ષના નેતા આશિષભાઈ જોષી, દંડક કેતનભાઇ નાખવા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન પરસોત્તમભાઈ કકનાણી, વિરોધ પક્ષના નેતા ધવલભાઇ નંદા, તથા સાંસ્કૃતિક સમિતિના ચેરમેન જીતેશભાઈ શિંગાળા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહી ધ્વજ વંદન કરશે.

# રાજ્યકક્ષાના દિવ્યાંગ પારિતોષક માટે જિલ્લાના ઉમેદવારો પાસેથી અરજીઓ મગાવાઈ

જામનગર : વર્ષ ૨૦૨૫ના રાજ્યકક્ષાના દિવ્યાંગ પારિતોષિકો માટે જામનગર જિલ્લાના ઉમેદવારો પાસેથી જામનગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા અરજીઓ મગાવવામાં આવી છે. ઉમેદવારોએ અરજી બે નકલમાં ૨૭મી ફેબ્રુઆરી સુધીમાં મળી જાય તે રીતે ટપાલ અથવા રૂબરૂ રોજગાર કચેરીને મોકલી આપવાની રહેશે.

આ પારિતોષિક ત્રણ શ્રેણીમાં અપાશે. (૧) શ્રેષ્ઠ કાર્યક્ષમ દિવ્યાંગ કર્મચારીઓ/ સ્વ રોજગાર કરતી દિવ્યાંગ વ્યક્તિઓ (૨) દિવ્યાંગોને નોકરીએ રાખનારા શ્રેષ્ઠ નોકરીદાતા (૩) દિવ્યાંગ વ્યક્તિઓના પ્લેસમેન્ટનું કામ કરતા ઓફિસર્સ. અરજીનો નમૂનો ખાતાની વેબસાઈટ anubandham.gujarat.gov.in/ NOTICEBOARD પરથી અથવા જિલ્લા રોજગાર કચેરી જામનગર ખાતેથી વિનામૂલ્યે મળી શકશે.

દિવ્યાંગ પરિતોષિક મેળવવા ઈચ્છુક દિવ્યાંગ કર્મચારીઓ/અધિકારીઓ અથવા દિવ્યાંગ કર્મચારીઓને નોકરીમાં રાખનાર અધિકારીઓએ લાગુ પડતા ફોર્મમાં જરૂરી વિગતો ભરીને, જરૂરી આધાર સાથે (૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગ હોવાનું- ત્રણ માસથી જૂનું ન હોય તેવું- તબીબી પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાતના તમામ પ્રમાણપત્રો, ખોડ દર્શાવતો પોસ્ટકાર્ડ સાયઝનો ફોટો અને અન્ય વિગતો વગેરે સાથે) મોકલી આપવા જામનગર જિલ્લા રોજગાર અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગર વિભાગીય એસ.ટી. મઝદુર સંઘના હોદ્દેદારોની કરાઈ વરણી

જામનગર : જામનગર વિભાગીય એસ.ટી.મઝદૂર સંઘની વાર્ષિક સાધારણ સભા જામજોધપુર જલારામ મંદિરમાં યોજવામાં આવી હતી. પ્રદેશ પ્રમુખ વંદીપસિંહ, મહામંત્રી મુકેશભાઈ, કાર્યકારી પ્રમુખ જગદીશભાઈ, કોષાધ્યક્ષ ધર્મેશભાઈ, પ્રભારી ચંદુભાઈ, પ્રદેશ મંત્રી રાજદીપસિંહ ઉપસ્થિત રહ્યા હતા.

ચૂંટણીમાં અધિકારી દ્વારા સર્વાનુમતે જામનગર વિભાગની ટીમની વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખપદે જયેન્દ્રસિંહ વાળા, મહામંત્રી ભીમશી ચાવડા, ઉપપ્રમુખ સંજયભાઈ ડોડીયા અને અજયરાજસિંહ ગોહિલ, સહમંત્રી



તસવીરઃ સુનિલ ચુડાસમા

હીતેશ ગઢવી અને હીતેન્દ્રસિંહ જાડેજા તથા કોષાધ્યક્ષ પદે નરેશભાઈ ઠાકરની વરણી કરવામાં આવી છે.

જામનગર ડેપોની ટીમ દ્વારા નવનિયુક્ત મહામંત્રી ભીમશીભાઈ ચાવડાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમા પૂર્વ મહામંત્રી સંજયભાઈ ડોડીયા, પ્રદેશ મંત્રી રાજદીપસિંહ ગોહિલ, કાર્યાલય મંત્રી સોલંકીભાઈ, આગેવાન વાળાભાઈ, જોગલભાઈ, રોહીતભાઈ, રાહુલભાઈ, અનિલભાઈ તથા અન્ય કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

## દ્વારકા યાત્રાધામમાં ત્રણ દિવસની રજાઓમાં યાત્રીકોનું ઘોડાપુર ઉમટશે

દ્વારકા : ભારતના પશ્ચિમ છેવાડે આવેલ સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકામાં આવતીકાલથી વીકેન્ડ સાથે સોમવારે પ્રજાસત્તાક પર્વ શનિ-રવિ-સોમની દિવસની રજાઓ આવતી હોય યાત્રાધામ દ્વારકા તરફથી તમામ ટ્રેનો હાઉસફુલ થઈ ગઈ હોય વીકેન્ડ સહિતના દિવસોમાં મોટી સંખ્યામાં બસો હાઉસફુલ હોવા ભાવિકો ઉમટી પડશે તેવી ધારણા છે.



આ રજાઓના દિવસોમાં ટ્રેનો ઉપરાંત હોટલોમાં પણ નોંધપાત્ર બુકિંગ થઈ ગયા છે. આ ઉપરાંત મંદિરમાં પણ ઠાકોરજીના મનોરથ દર્શનો, દધ્વજા મનોરથ સહિતના ધાર્મિક પ્રસંગો ઉજવવામાં આવનાર છે. દ્વારકા ઉપરાંત દર્શન સર્કિટના બેટ દ્વારકાધીશ મંદિર, નાગેશ્વર જયોર્તિલિંગ, ગોપી તળાવ, રૂકિમણી મંદિર અને શિવરાજપુર બીચ જેવા પર્યટન સ્થળોમાં પણ બહોળી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટશે.

# માછીમારોની હડતાળનુ ત્રીજા દિવસે સમાધાન

સલાયા : સલાયા માછીમાર મંડળી તેમજ માછીમારો દ્વારા સરકાર સમક્ષ વિવિધ માંગણીઓ અંગે વિરોધ નોંધાવી હડતાળ કરી હતી.જેમાં અંદાજે ૬૦૦થી ૭૦૦ જેટલા માછીમારો હડતાળમાં જોડાયા હતા. ત્રણ દિવસ મંડળીની ઓફિસ બહાર બંદર ઉપર માંડવા બાંધી અને માછીમારો હડતાળ ઉપર બેઠા હતા. જેના લીધે બંદર ઉપર સન્નાટો છવાયો હતો.

આમ આ પ્રશ્નનું નિરાકરણ લાવવા જિલ્લા કલેક્ટર રાજેશ તન્ના સાહેબ તેમજ જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળા ના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારી કરમટા, ડીવાયએસપી વિસ્મય માનસાતા તેમજ ફિશરીઝના અધિકારી હડતાળની છાવણીએ પહોંચ્યા હતા.

અધિકારીઓ દ્વારા માછીમાર આગેવાનો સાથે બેઠક યોજી હતી. જેમાં મુખ્ય માંગણીઓમાં બોટ અને કોલના લાઈસન્સ રિન્યુ સમયસર ન થતા હોય તેમજ આ કામગીરી માટે ઓખા સુધી જવું પડતું હોય એ પ્રશ્ન હતો. જે બાબતે



તસવીર : આનંદ લાલ-સલાયા

અધિકારી દ્વારા અઠવાડિયામાં એક વખત ફિશરીઝના અધિકારી સલાયા આવશે અને આ પ્રક્રિયા સલાયામાં થઈ જશે જેથી એ મુદ્દે સમાધાન થયું હતું.

પોલીસ દ્વારા પણ અભણ માછીમારો સાથે સુમેળભર્યું અને સરળ વર્તન કરી અને કાયદા વિષે માહિતગાર કરી અને કાયદાનું પાલન કરવામાં આવશે. તેમજ મત્સ્ય ઉદ્યોગના રિયલ ક્રાફટ સોફ્ટવેરમાં બોટના કલર અપડેટ અને લંબાઈ પહોળાઈ બાબતે તેમજ રિન્યુ તેમજ નામ ચેન્જ બાબતે અપડેટ પ્રક્રિયામાં આવતા પ્રશ્નોનું પણ નિરાકરણ લાવવા સકારાત્મક વલણ અપનાવ્યું હતું.

તેમજ રિયલ ક્રાફટ સોફ્ટવેરમાં કામ કરી શકે એ માટે અવર્નેસ કેમ્પ યોજી માછીમારોને માર્ગદર્શન આપવા પણ રજૂઆત કરાઈ હતી.જે માટે માછીમારોને માર્ગદર્શન મળી રહે એવા કેમ્પનું આયોજન પણ કરાશે. અમુક માંગણીઓ જે નીતિવિષયક હોય જે બાબતે યોગ્ય રજૂઆત ઉપર કરવામાં આવશે એવી ખાતરી અપાઈ હતી.

માછીમાર સમાજના મોટાભાગના પ્રશ્નોનું નિરાકરણ થતા માછીમાર મંડળીના પ્રમુખ સિદીકભાઈ જસરાયા દ્વારા આ હડતાળ પૂર્ણ કરવા તમામને જણાવ્યું હતું. જેથી આ હડતાળ પૂર્ણ જાહેર કરાઈ હતી અને આજથી રાબેતા મુજબ ફિશીંગ ચાલુ કરવા જણાવ્યું હતું. આ હડતાળમાં માછીમારો સાથે રહેનાર વેપારી મિત્રો, એસોસિયેશન તેમજ અન્ય સંસ્થાઓનો માછીમાર મંડળીના પ્રમુખ સિદીકભાઈ જસરાયાએ આભાર વ્યક્ત કર્યો હતો.

# જામનગર એસ.ટી. ડેપો ખાતે નેશનલ રોડ સેફટી અંતર્ગત ટ્રાફિક નિયમન અંગે કાર્યક્રમ યોજાયો



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર એસ.ટી. ડેપો ખાતે GSRTC દ્વારા નેશનલ રોડ સેફ્ટી મંથ—૨૦૨૬ અંતર્ગત રોડ સેફ્ટી મિટિંગનું આયોજન કરવામાં આવેલ હતું. આ મિટિંગમાં વિભાગીય નિયામક જાડેજા, વિભાગીય પરિવહન અધિકારી ઈસરાણી તથા જામનગર ડેપો મેનેજર મોરીની ઉપસ્થિતિમાં ઈ્ ઈન્સ્પેક્ટર આંબલિયા અને ટ્રાફિક પોલીસ સબ ઈન્સ્પેક્ટર કંડોરિયા દ્વારા તમામ ડ્રાઈવર મિત્રોને માર્ગ સલામતી, ટ્રાફિક નિયમોનું પાલન, જવાબદાર અને શિસ્તબદ્ધ વાહન ચલાવવાની મહત્વપૂર્ણ સમજણ આપવામાં આવેલ હતી. કાર્યક્રમ દરમિયાન તમામ ડ્રાઈવર મિત્રોએ માર્ગ સલામતીના નિયમોનું પાલન કરવાની, જવાબદારીપૂર્વક વાહન ચલાવવાની તથા મુસાફરો અને જાહેર જનતાની સલામતી સુનિશ્ચિત કરવાની પ્રતિજ્ઞા લેવાઈ હતી. આ કાર્યક્રમ દ્વારા ડ્રાઈવર મિત્રોમાં માર્ગ સલામતી પ્રત્યે વધુ જાગૃતિ અને જવાબદારીની ભાવના વિકસે તે હેતુ સાથે કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.

## અવસાન નોંધ

**જામનગર :** જામનગર નિવાસી (મુળ રાણ) કાંતિલાલ લક્ષ્મીદાસ પોપટ (ઉ.વ.૬૭), તે સ્વ. શારદાબેન, સ્વ.લક્ષ્મીદાસ (નાથાલાલ) પોપટના પુત્ર તથા રમેશભાઈ, જીતેશભાઈ, કમલેશભાઈ, અશ્વિનભાઈ, સ્વ. કિર્તીબેન હસમુખરાય દતાણી (ખંભાળિયા),ઈલાબેન કિશોરકુમાર દતાણી (રાજકોટ)ના ભાઈનું તા.૨૩ને શુક્રવારના રોજ અવસાન થયું છે. સદગતની પ્રાર્થના સભા (ઉઠમણું) આજે તા.૨૪-ને શનિવારના રોજ સાંજે ૫ થી ૫:૩૦ કલાકે પાબારી હોલ, તળાવની પાળ, જામનગર ખાતે રાખેલ છે.

# જમ્મુમાં ભારે હિમવર્ષાથી વૈષ્ણોદેવી યાત્રા અટકી: શ્રીનગર એરપોર્ટ પણ બંધ કરાયું

## ત્રિકુટા ટેકરીઓ પર સ્થિત માતા વૈષ્ણોદેવી મંદિરમાં પણ સિઝનનો પહેલો બરફવર્ષા

જમ્મુ,

જમ્મુમાં ભારે હિમવર્ષાને કારણે માતા વૈષ્ણોદેવી યાત્રા સ્થગિત કરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઊંચા વિસ્તારોમાં હિમવર્ષાથી જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ સહિત મુખ્ય રસ્તાઓ પર ટ્રાફિક ઠપ્પ થઈ ગયો હતો અને શુક્રવારે પહાડી જિલ્લાઓમાં શાળાઓ બંધ રાખવામાં આવી હતી. ત્રિકુટા ટેકરીઓ પર સ્થિત માતા વૈષ્ણોદેવી મંદિરમાં પણ સિઝનનો પહેલો બરફવર્ષા થયો હતો, જેના કારણે અધિકારીઓને યાત્રા સ્થગિત કરવાની ફરજ પડી હતી. સુરક્ષા કારણોસર કટરામાં, માતા વૈષ્ણોદેવી મંદિરની યાત્રા સ્થગિત કરવામાં આવી છે. યાત્રાળુઓને કટરામાં જ રહેવાનું કહેવામાં આવ્યું છે, અને આગામી સૂચના સુધી બેઝ કેમ્પથી કોઈપણ યાત્રાળુઓને મંદિર તરફ આગળ વધવાની મંજૂરી આપવામાં આવશે નહીં. જમ્મુ શહેર સહિત મેદાની વિસ્તારોમાં હળવો વરસાદ પડ્યો, જેના કારણે બે મહિનાથી વધુ સમયથી ચાલી રહેલા દુષ્કાળનો અંત આવ્યો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, હવામાન વિભાગની આગાહી મુજબ, ગુરુવારે મોડી સાંજે પહાડીઓના ઊંચા વિસ્તારોમાં બરફવર્ષા શરૂ થઈ હતી, જ્યારે જમ્મુ શહેર સહિત મેદાની વિસ્તારોમાં રાતોરાત વચ્ચે-વચ્ચે વરસાદ ચાલુ રહ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે રામબન, ડોડા, કિશ્તવાર, પૂંચ, રાજૌરી, રિયાસી, ઉધમપુર અને કઠુઆ જિલ્લાના ઉપરના વિસ્તારોમાં બરફવર્ષા ચાલુ રહી હતી, જેમાં બરફથી ઢંકાયેલા વિસ્તારોમાં પાંચ ઈંચથી એક ફૂટથી વધુ બરફ જમા થયો હતો. ડિસેમ્બરના છેલ્લા અઠવાડિયામાં ઊંચા વિસ્તારોમાં પણ બરફવર્ષા થઈ હતી અને નવા વરસાદથી લોકોને રાહત મળી હતી.

ભારે બરફવર્ષાને કારણે શ્રીનગર એરપોર્ટ પર ટ્રાફિક સ્થગિત કરવામાં આવ્યો છે. પરિણામે, શુક્રવારે કાશ્મીર જતી અને જતી બધી ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે. હિમવર્ષાને કારણે રનવે વિમાન સંચાલન માટે અસુરક્ષિત બન્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, "સતત હિમવર્ષા, કાર્યકારી વિસ્તારોમાં બરફ જમા થવા અને રૂટ પર પ્રતિકૂળ હવામાનની આગાહીને ધ્યાનમાં રાખીને, શ્રીનગર એરપોર્ટ પરની બધી ફ્લાઇટ્સ મુસાફરોની સલામતીના હિતમાં આજે માટે રદ કરવામાં આવી છે." તેમણે કહ્યું કે મુસાફરોને નવીનતમ માહિતી અને રહેવાની વ્યવસ્થા માટે તેમની સંબંધિત એરલાઈન્સનો સંપર્ક કરવાની સલાહ આપવામાં આવે છે.

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના એક અધિકારીએ અહીં જણાવ્યું હતું કે, "ખરાબ હવામાન અને હિમવર્ષાને કારણે, રનવે હાલમાં સલામત વિમાન સંચાલન માટે ઉપલબ્ધ નથી. મુસાફરોની સલામતીને

# સ્પેન ટ્રમ્પના શાંતિ બોર્ડમાં જોડાશે નહીં: વડાપ્રધાન પેડ્રો સાંચેઝ



સ્પેન,

સ્પેન વૈશ્વિક સંઘર્ષોનો સામનો કરવા માટે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા શરૂ કરાયેલ બોર્ડ ઓફ પીસ પહેલમાં ભાગ લેશે નહીં, એમ કહીને કે આ નિર્ણય બહુપક્ષીયતા અને સંયુક્ત રાષ્ટ્ર પ્રણાલીમાં તેની માન્યતા સાથે સુસંગત છે.

"અમે આમંત્રણની પ્રશંસા કરીએ છીએ, પરંતુ અમે નકારીએ છીએ," સ્પેનિશ વડા પ્રધાન પેડ્રો સાંચેઝે ગુરુવારે મોડી રાત્રે બ્રસેલ્સમાં ઈં સમિટ પછી પત્રકારોને જણાવ્યું.

વોશિંગ્ટન કહે છે કે આ સંસ્થા યુદ્ધવિરામમાં મધ્યસ્થી અને દેખરેખ રાખવામાં મદદ કરશે, સુરક્ષા વ્યવસ્થા ગોઠવશે અને યુદ્ધમાંથી ઉદ્ભવતા સ્થળોએ પુનર્નિર્માણનું સંકલન કરશે. આ ખ્યાલ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજનામાંથી ઉદ્ભવે છે.

સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં આયોજિત બોર્ડના લોન્ચ સમારોહમાં કેનેડા, બ્રિટન જેવા પરંપરાગત યુએસ સાથીઓ અને હંગેરી અને બલ્ગેરિયા સિવાયના તમામ યુરોપિયન યુનિયન સભ્યો ગેરહાજર હતા.

સાંચેઝે આંતરરાષ્ટ્રીય કાયદા, યુએન અને બહુપક્ષીયતા પ્રત્યે મેડ્રિડની પ્રતિબદ્ધતા સાથે સુસંગતતાને મુખ્ય કારણો તરીકે ટાંક્યા હતા કે તે ભાગ લેવાનો ઈનકાર કરી રહ્યો હતો.

સાંચેઝે એમ પણ કહ્યું કે બોર્ડ ઓફ પીસમાં પેલેસ્ટિનિયન ઓથોરિટીનો સમાવેશ થતો નથી.

ઈઝરાયલ કતાર, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત જેવા મધ્ય પૂર્વી દેશો સાથે બોર્ડમાં જોડાયું છે.

# મુંબઈમાં પ્રદૂષણ ઘટાડો નહીં તો સુધરાઈ કમિશનરનો પગાર અટકાવીશું: હાઈકોર્ટ

## સુધરાઈના અધિકારીઓને ૨૭મી સુધીમાં વિગતવાર રિપોર્ટ આપવાનો આદેશ



મુંબઈ:

બોમ્બે હાઈ કોર્ટે આજે વાયુ પ્રદૂષણ ઘટાડવાના તેના આદેશોની અવગણના બદલ પાલિકાના અધિકારીઓની ઝાટકણી કાઢી હતી અને નોંધ્યું હતું કે તેઓ પણ એ જ અશુદ્ધ હવા શ્વાસમાં લઈ રહ્યા છે અને કોઈ પરગ્રહ પર નથી રહેતા.

મુખ્ય ન્યાયાધીશ ચંદ્રશેખર અને ન્યાયાધીશ સુમન શ્યામની બેન્ચે મુંબઈ અને નવી મુંબઈ સુધરાઈના કમિશનરોને ચેતવણી આપી હતી કે જો તેઓ કોર્ટના આદેશોનું પાલન કરવામાં તથા વાયુ પ્રદૂષણ સુધારવાનાં પગલાં લેવામાં નિષ્ફળ જશે તો તેમનો પગાર અટકાવી દેવાશે.

વર્ષ ૨૦૨૩માં કોર્ટે વધતા વાયુ પ્રદૂષણ અંગે આપમેળે નોંધ લીધી હતી અને નાગરિક સંસ્થાઓ અને અન્ય સત્તાવાળાઓને વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે પગલાં લેવા માટે અનેક નિર્દેશો આપ્યા હતા.બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના વકીલ એસ. યુ. કામદારે કોર્ટને જણાવ્યું હતું કે સુધરાઈઓએ અનેક બાંધકામ સ્થળોએ કામ બંધ કરવાની નોટિસ જારી કરી છે અને ૬૦૦ સ્થળોએ જ્યાં હવા ગુણવત્તા મોનિટરની જરૂર હતી, તેમાંથી લગભગ ૪૦૦ સ્થળોએ ઉપકરણો સ્થાપિત કરવામાં આવ્યાં છે.જોકે, હાઈ કોર્ટ આ રજૂઆતથી સંતોષ થયો નહોતો અને તેમણે નિર્દેશ કર્યો હતો કે આ બધી પ્રદૂષણ વિરોધી કાર્યવાહી ફક્ત કોર્ટના આદેશો અનુસાર જ કરવામાં આવી હતી. તમે આટલાં વર્ષો શું કરી રહ્યા હતા? અમે દર વખતે પરિસ્થિતિનો તાગ મેળવવા માટે અહીં નથી બેઠા. મ્યુનિસિપલ કોર્પોરેશન ચલાવવાનું કોર્ટનું કામ નથી, એમ પણ અદાલતે ભારપૂર્વક જણાવ્યું હતું.

કોર્ટે હવાના ગુણવત્તા દેખરેખ પરના ડેટાનો વિગતવાર અહેવાલ માગ્યો અને બીએમસીને નવેમ્બર ૨૦૨૫ પહેલાના ત્રણ મહિનાનો દૈનિક સેન્સર ડેટા સબમિટ કરવાનો નિર્દેશ આપ્યો હતો. અમને આંકડા જોઈએ છે.

# ઉજ્જૈનના તરાનામાં ૨ જૂથ વચ્ચે હિંસા: બસ અને દુકાનોમાં તોડફોડ

ઉજ્જૈન:

મધ્ય પ્રદેશના ઉજ્જૈન જિલ્લાના તરાનામાં બે જૂથ વચ્ચે તોડફોડના બનાવ પછી તણાવપૂર્ણ માહોલનું નિર્માણ ઊભું થયું છે. ગુરુવારે બે જૂથ વચ્ચે હિંસા પછી આજે ફરી આ જ મુદ્દે મામલો બિચક્યો છે, જ્યાં પથ્થરમારા પછી દુકાનો અને બસને નિશાન બનાવતા પોલીસ પ્રશાસન હરકતમાં આવી ગયું છે. હિંસા મુદ્દે પાંચ આરોપીની ધરપકડ કરવાની સાથે સમગ્ર વિસ્તારની દેખરેખ માટે ડ્રોન અને ૩૦૦ જવાનને તહેનાત કરવામાં આવ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

તરાનામાં બનેલી હિંસક ઘટનામાં અનેક બસોને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે, જેમાં એક ડઝનથી વધુ કારની તોડફોડ કરવામાં આવી છે. બીજી બાજુ બસ સ્ટેન્ડના વિસ્તારમાં કરેલી તોડફોડને કારણે સમગ્ર વિસ્તારમાં સન્નાટો પસરી ગયો છે, જ્યારે બસ સ્ટેન્ડ પાછળની દુકાનમાં આગ લાગી દેવામાં આવી હતી. આ આગ કોણે લગાવી એનું કારણ સ્પષ્ટ થયું નથી. તરાના તાલુકામાં પરિસ્થિતિને ધ્યાનમાં લઈને પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે છઠ્ઠા આરોપી ફરાર હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ઉજ્જૈન જિલ્લાના તરાનામાં ગુરુવારે સાંજે બે જૂથ વચ્ચે હિંસક માહોલનું નિર્માણ થયું હતું. તરાનાના રામ મંદિર સામેની સુખલા ગલીમાં બે જૂથ વચ્ચે વિવાદ પછી હિંસા ફેલાઈ હતી. આ હિંસાના માહોલમાં બસ સ્ટેન્ડમાં પાર્ક અગિયાર બસને નિશાન બનાવી હતી. આ ઘટનામાં વિશ્વ હિંદુ પરિષદના એક કાર્યકર સહિત બે જણને ગંભીર ઈજા પહોંચી હતી. તણાવભરી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પોલીસ ફોર્સને તહેનાત કરવામાં આવી હતી.

હિંસા મુદ્દે પોલીસે કહ્યું હતું કે વિશ્વ હિંદુ પરિષદના નગર મંત્રી સોહેલ ઠાકુર મંદિર પાસે ઊભા હતા, ત્યારે ઈશાન મિરજા અને તેના સાથીદાર પહોંચીને સવાલો કર્યા હતા, ત્યાર પછી વિવાદ થયો હતો. વિવાદ વકરતા અમુક લોકોએ સોહેલ ઠાકુર પર હુમલો કર્યો હતો, જેમાં તેના સાથીદાર રજત ઠાકુરને ગંભીર ઈજા પહોંચી હતી.

બે જૂથ વચ્ચે મારપીટ પછી સમગ્ર વિસ્તારમાં તણાવના માહોલનું નિર્માણ થયું હતું. ગઈકાલે સાંજે લોકોએ બસ પર પથ્થરમારો કર્યો હતો, જેમાં ૧૧ બસને નુકસાન થયું હતું. આ ઘટનાના વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. હિંસા પછી હિંદુવાદી સંગઠનના કાર્યકર્તા પણ તરાના પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને આરોપીઓની ધરપકડની માગણી કરી હતી.

ઉજ્જૈનના એસપી પ્રદીપ શર્માએ કહ્યું છે કે આરોપીઓ વિરુદ્ધ સખત કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે.

# સગીર સાથે જાતીય શોષણના આરોપમાં એક ભારતીય-કેનેડિયનની કરાઈ ધરપકડ

ટોરોન્ટો,

૭ સગીરો સાથે હોટલના રૂમમાં મળી આવેલા ૨૨ વર્ષીય ઈન્ડો-કેનેડિયન પુરુષની કેનેડિયન કાયદા અમલીકરણ દ્વારા ધરપકડ કરવામાં આવી છે અને જાતીય હુમલો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

આલ્બર્ટાના લેથબ્રિજ શહેરની પોલીસે ગુરુવારે જારી કરેલા એક પ્રકાશનમાં જણાવ્યું હતું કે તેઓએ તે જ પ્રાંતના ટેબરના રહેવાસી ૨૨ વર્ષીય યુવરાજ સિંહ પર જાતીય હુમલો, જાતીય હસ્તક્ષેપ, જાતીય સ્પર્શને આમંત્રણ આપવા અને શાંતિ અધિકારીને અવરોધવાનો આરોપ મૂક્યો છે.

આ ધરપકડ ૧૨ વર્ષની એક છોકરી સાથે સંકળાયેલી ઘટનાના સંદર્ભમાં કરવામાં આવી હતી જેણે શંકાસ્પદ વ્યક્તિ દ્વારા તેના પર કથિત રીતે જાતીય હુમલો કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું.તે ઘટના એક વર્ષ પહેલાં બની હતી. ૨૪ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ, પોલીસે શહેરના એક હોટલના રૂમમાંથી મિલકતની પુનઃપ્રાપ્તિમાં સહાય માટેની વિનંતીનો જવાબ આપ્યો. પહોંચ્યા પછી, અધિકારીઓએ "૭ બાળકો, એક છોકરો અને ૧૨ થી ૧૪ વર્ષની વયની પાંચ છોકરીઓ સાથે એક પુરુષને રૂમમાં શોધી કાઢ્યો", લેથબ્રિજ પોલીસ સર્વિસ (ન્જી) ના પ્રકાશનમાં જણાવાયું છે."પછીથી જાણવા મળ્યું કે તે પુરુષ, જે તે સમયે ૨૧ વર્ષનો હતો, તેણે શરૂઆતમાં પોલીસને પોતાની ઉંમર વિશે ખોટું બોલ્યું હતું અને પોતાને કિશોર હોવાનો દાવો કર્યો હતો," પ્રકાશનમાં ઉમેર્યું હતું.

# ન્યાયિક પ્રણાલીમાં અવરોધરૂપ બનાવટ અને ચતુરાઈથી ડ્રાફ્ટિંગના પ્રકોપને ઘટાડવા માટે સુધારા જરૂરી

## સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્યોને મિલકતના કેસોમાં બનાવટી કાર્યવાહી ઘટાડવા બ્લોકચેનનો ઉપયોગ કરવા સલાહ આપી

નવી દિલ્હી,

દેશની સર્વોચ્ચ અદાલત સુપ્રીમ કોર્ટે મિલકતના વ્યવહારોમાં બનાવટી પ્રક્રિયા ઘટાડવા માટે બ્લોકચેન ટેકનોલોજીનો ઉપયોગ કરીને જમીનના રેકોર્ડનું ડિજિટાઈઝેશન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે અને કેન્દ્ર અને રાજ્ય સરકારોને આ ખૂબ જ જરૂરી સુધારા હાથ ધરવા સલાહ આપી છે.

ન્યાયાધીશ રાજેશ બિંદલ અને મનમોહનની બેન્ચે જણાવ્યું હતું કે, "આ કોર્ટ બ્લોકચેન જેવી સુરક્ષિત, ચેડા-પ્રૂફ ટેકનોલોજીનો ઉપયોગ કરીને રજિસ્ટર્ડ દસ્તાવેજો અને જમીન રેકોર્ડના ડિજિટાઈઝેશનની તાત્કાલિક જરૂરિયાત અંગે કેન્દ્ર અને રાજ્ય સરકારોને સૂચન કરવું જરૂરી માને છે."

તેમજ બેન્ચે કહ્યું હતું કે, નિષ્ણાતોના મતે, બ્લોકચેન એ એક શેર કરેલી, ડિજિટલ રેકોર્ડ બુક (લેજર) સિસ્ટમનો ઉલ્લેખ કરે છે જેથી ખાતરી થાય કે એકવાર વેચાણ અથવા ગીરો અથવા તેના જેવી પ્રકૃતિનો વ્યવહાર રેકોર્ડ થઈ જાય, તે "અપરિવર્તનશીલ અને ક્રિપ્ટોગ્રાફિકલી સુરક્ષિત" બની જાય.

કોર્ટે કર્ણાટકથી ઉદ્ભવતા જમીન વિવાદનો નિર્ણય લેતી વખતે આ આદેશ આપ્યો હતો, જ્યાં બિદરમાં મિલકત ધરાવતા એક વ્યક્તિએ ૧૯૬૬માં લીધેલા ?૧૦,૦૦૦ ની લોન ચૂકવવામાં અસમર્થતાને કારણે તેની ગીરો રાખેલી મિલકત વેચી દીધી હતી. તેમણે ૧૯૭૧માં વેચાણ દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા હતા, જેનાથી વેચાણ ખરીદનારને મિલકત પર નિયંત્રણ મેળવવાની મંજૂરી મળી હતી. જો કે, ૧૯૭૭માં, મૂળ માલિકે વેચાણ દસ્તાવેજ પર પ્રશ્ન ઉઠાવતો દાવો દાખલ કર્યો હતો. ૧૯૯૯માં એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજે આ કેસ ફગાવી દીધો હતો, પરંતુ ૨૦૧૦માં કર્ણાટક હાઈકોર્ટે તેને ઉલટાવી દીધો હતો, જેના કારણે હાલની કાર્યવાહી શરૂ થઈ હતી.

વેચાણ દસ્તાવેજ પરના વિવાદને કારણે ૪૮ વર્ષથી વધુ સમય સુધી ન્યાયિક પ્રણાલીમાં મુકદમા થયા હતા તે કેસના સંદર્ભમાં બોલતા, ન્યાયાધીશ મનમોહને બેન્ચ માટે ચુકાદો લખતા કહ્યું, "આપણી ન્યાયિક પ્રણાલીમાં અવરોધરૂપ બનાવટ અને 'ચતુરાઈથી ડ્રાફ્ટિંગ'ના પ્રકોપને ઘટાડવા માટે આવા સુધારા જરૂરી છે."બેન્ચે ઉમેર્યું, "નોંધાયેલા દસ્તાવેજોએ વ્યવસાય કરવાની સરળતા સુનિશ્ચિત કરવા અને આધુનિક અર્થતંત્રમાં મિલકતના ટાઈટલની પવિત્રતા જાળવી રાખવા માટે સંપૂર્ણ વિશ્વાસ પ્રેરિત કરવો જોઈએ."

# પશ્ચિમ બંગાળમાં નિપાહ વાયરસના પાંચ કેસ મળી આવતા તંત્ર એલર્ટ થયું

## ૧૦૦ લોકોને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે

કોલકાતા,

પૂર્વ પશ્ચિમ બંગાળમાં નિપાહ વાયરસના પાંચ કેસ મળી આવ્યા છે, જેના કારણે ગભરાટ ફેલાયો છે. વહીવટીતંત્રે આશરે ૧૦૦ લોકોને ક્વોરેન્ટાઈન કર્યા છે. આ અઠવાડિયે ત્રણ નવા કેસ મળી આવ્યા છે, જેમાં એક ડૉક્ટર, એક નર્સ અને એક આરોગ્ય કર્મચારીનો સમાવેશ થાય છે. અગાઉ, બે નર્સોનો પણ નિપાહ વાયરસનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. આ બે નર્સો કોલકાતા નજીક બારાસતની એક ખાનગી હોસ્પિટલમાં કામ કરતી હતી.

વિશ્વ આરોગ્ય સંગઠને નિપાહ વાયરસને ગંભીર રોગ તરીકે વર્ગીકૃત કર્યો છે કારણ કે તે પ્રાણીઓથી માણસોમાં ફેલાય છે અને રોગચાળો તરફ દોરી શકે છે. આ રોગ માટે કોઈ રસી કે ઈલાજ નથી. પહેલો કેસ નોંધાયા પછી, લગભગ ૧૦૦ લોકોને ઘરે સ્વ-સંસર્ગનિષેધમાં રહેવાનું કહેવામાં આવ્યું છે. નવા ચેપગ્રસ્ત દર્દીઓને કોલકાતાના બેલેઘાટા સ્થિત ચેપી રોગોની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યારે અગાઉના બે દર્દીઓ ખાનગી હોસ્પિટલના આઈસીયુમાં રહે છે.

પશ્ચિમ બંગાળ આરોગ્ય વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે પુરુષ નર્સની સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે, પરંતુ મહિલા દર્દીની સ્થિતિ ગંભીર રહે છે. તેમણે કહ્યું કે બંનેની સારવાર સઘન સંભાળ એકમમાં કરવામાં આવી રહી છે. ભારતમાં દર વર્ષે નિપાહ વાયરસના ચેપ જોવા મળે છે. નિષ્ણાતો ચેતવણી

# ઓડિશા સરકારે ગુટખા, પાન મસાલા અને તમામ તમાકુ ઉત્પાદનોના વેચાણ, વિતરણ પર પ્રતિબંધ મૂક્યો

ભુવનેશ્વર,

ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીના નેતૃત્વ હેઠળની ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સરકારે રાજ્યમાં તમાકુ અને નિકોટિન સંબંધિત તમામ ઉત્પાદનોના ઉત્પાદન, વિતરણ અને વેચાણ પર તાત્કાલિક અસરથી સંપૂર્ણ પ્રતિબંધ લાદવાનો નિર્ણય લીધો છે. સરકારે લોકોને નિયમોનું પાલન કરવા વિનંતી કરી છે અને ચેતવણી આપી છે કે જો નવા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે.

ઓડિશા આરોગ્ય વિભાગ દ્વારા એક સત્તાવાર આદેશમાં, સરકારે જણાવ્યું હતું કે આ પ્રતિબંધ તમામ ખાદ્ય ઉત્પાદનો પર લાગુ પડે છે, પછી ભલે તે ચાવવા યોગ્ય હોય કે અન્યથા જે સ્વાદવાળું હોય કે સુગંધિત હોય અથવા કોઈપણ ઉમેરણો સાથે મિશ્રિત હોય. આદેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે રાજ્યમાં "ગુટખા, પાન મસાલા, સ્વાદવાળું કે સુગંધિત ખાદ્ય ઉત્પાદનો અથવા ચાવવા યોગ્ય ખાદ્ય ઉત્પાદનોના નામ અથવા સ્વરૂપ દ્વારા જતા હોય" હવે તમામ ખાદ્ય ઉત્પાદનો પર પ્રતિબંધ છે."આ પ્રતિબંધ બધા ખાદ્ય ઉત્પાદનો પર લાગુ પડે છે, પછી ભલે તે પેકેજ્ડ હોય કે પેક્ડ ન હોય અને/અથવા એક ઉત્પાદન તરીકે વેચવામાં આવે, અથવા અલગ ઉત્પાદનો તરીકે પેક કરવામાં આવે, એવી રીતે વેચવામાં આવે અથવા વિતરિત કરવામાં આવે કે જેથી ગ્રાહક દ્વારા તમાકુ અને/અથવા નિકોટિન ધરાવતા અન્ય કોઈપણ ખાદ્ય ઉત્પાદનો, ઓડિશા રાજ્યમાં કોઈપણ નામથી ઉપલબ્ધ હોય, સરળતાથી મિશ્રણ કરી શકાય," આદેશમાં વાંચવામાં આવ્યું છે.ઓડિશાના આરોગ્ય મંત્રી મુકેશ મહાલિંગાએ કહ્યું છે કે સરકાર પ્રતિબંધનો સફળતાપૂર્વક અમલ થાય તે સુનિશ્ચિત કરવા માટે એક ખાસ ટુકડી બનાવશે, સાથે જ લોકોને રાજ્યને તમાકુ મુક્ત બનાવવામાં મદદ કરવા વિનંતી પણ કરી છે.ઓડિશા સરકારના જણાવ્યા અનુસાર, સુપ્રીમ કોર્ટના નિર્દેશો અને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (હ્લજીજીછૈં) દ્વારા નિર્ધારિત માર્ગદર્શિકા અનુસાર આ આદેશ જારી કરવામાં આવ્યો હતો. આ પ્રતિબંધ દ્વારા, સરકારે કહ્યું કે તેનો ઉદ્દેશ્ય લોકોને એવા ઉત્પાદનોનું સેવન કરવાથી રોકવાનો છે જે સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે, ખાસ કરીને યુવાનોમાં."પાન મસાલા, પાન પાન, સોપારી, ચૂનો અને અન્ય પ્રોસેસ્ડ/સુગંધિત/ સ્વાદવાળા મસાલા જેવી ખાદ્ય ચીજો સાથે ધુમાડા રહિત તમાકુનો વ્યાપક ઉપયોગ જાહેર આરોગ્યને જોખમમાં મૂકે છે અને ખાસ કરીને બાળકો અને યુવાનોના સ્વાસ્થ્ય માટે ઘાતક છે," તેમાં કહેવામાં આવ્યું છે.

# રાત્રે થતા અકસ્માતો પાછળ બ્લાઈન્ડિંગ લાઈટ્સ કારણભૂત

## વાહનોમાં આંખો અંજાવી દેતી LED લાઈટ હશે તો થશે કાર્યવાહી

નવી દિલ્હી,

આજકાલ લોકો ડ્રાઈવિંગ સમયે વધુ સારો પ્રકાશ મેળવવા માટે વાહનમાં વ્હાઈટ ન્ઈઙ્ઘ લાઈટ લગાવવાનું પસંદ કરે છે. જો કે આવું કરવું મોટર વાહન અધિનિયમ મુજબ ગેરકાયદેસર છે અને તેના માટે દંડની જોગવાઈ છે.

સાવધાન, જો વાહનમાં ન્ઈઙ્ઘ લાઈટ લગાવી હશે તો જેલ અથવા દંડ થઈ શકે છે. સફેદ લાઈટવાળા કારચાલકો સામે સ્પેશિયલ ડ્રાઈવ યોજાશે. રાત્રે થતા અકસ્માતો પાછળ બ્લાઈન્ડિંગ લાઈટ્સ કારણભૂત હોવાનું સામે આવ્યું છે. દેશમાં ૪૦ ટકા અકસ્માત રાત્રેના સમયે થાય છે. હવે, જે લોકો બજારમાં આવતા ન્ઈઙ્ઘ બલ્બ વાહનમાં લગાવે છે, તેઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે, કારણ કે ટ્રાફિક પોલીસ ભારે દંડ ફટકારી શકે છે. મોટર વાહન અધિનિયમ મુજબ, આમ કરવું ગેરકાયદેસર છે અને દંડ પણ ભરવો પડે

ગાંધીનગર વાહન વ્યવહાર કમિશનરની કચેરી દ્વારા તમામ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી અને કચેરીઓને અનિધકૃત વ્હાઈટ લાઈટ સામે કાર્યવાહી કરવા તાકીદ કરાઈ છે. વાહનો પર અનધિકૃત વ્હાઈટ એલઈડી લાઈટ અને વધુ તીવ્રતાવાળા હેડ લેમ્પના કારણે આંખ અંજાઈ જતા વાહનોના અકસ્માત થવાની ભીતિ અંગે સતત રજૂઆતો કરવામાં આવી હતી. આવા વાહનોના કારણે અન્ય વાહન ચાલકોને પણ તકલીફ પડતી હોવાથી અકસ્માત સર્જાવાનું પ્રમાણ વધ્યું છે. આ બાબતને ગંભીરતાથી લઈને તંત્ર દ્વારા આવા પ્રકારના વાહનો સામે નિયમિત કાર્યવાહી કરવાનો નિર્ણય લેવાયો છે. તેમાં જે વાહનો ઉપર અનધિકૃત અતિ તીવ્રતા સાથેની હેડલાઈટ લગાવાઈ હોય તેવા વાહનો સામે આરટીઓ સ્ટાફ દિવસથી લઈને રાત્રે પણ રોડ ઉપર ઉતરીને સઘન ચેકિંગ ઝુંબેશ હાથ ધરશે. તેમાં જે વાહનોની હેડ લાઈટ નિયત કરતા વધુ તીવ્રતા ધરાવતી અને ગેરકાયદે હશે તેમની સામે કાર્યવાહી કરાશે.

ઘણા લોકો કાર કે બાઈક ખરીદ્યા પછી આફ્ટરમાર્કેટ ન્ઈઙ્ઘ લાઈટ લગાવે છે. છેલ્લા પાંચ વર્ષમાં આ ટ્રેન્ડ વધુને વધુ પ્રચલિત થયો છે. તેનો ક્રેઝ મોટે ભાગે યુવાનોમાં જોવા મળે છે. આ લોકોને જોઈને, અન્ય લોકો પણ તેમના વાહનોમાં બહારથી ન્ઈઙ્ઘ લાઈટ લગાવે છે. પરંતુ હવે, જે લોકો આફ્ટરમાર્કેટ ન્ઈઙ્ઘ બલ્બ લગાવે છે તેઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે, કારણ કે ટ્રાફિક પોલીસ આ માટે ભારે દંડ ફટકારી રહી છે.

આજકાલ, કારમાં સફેદ લાઈટ લગાવવાનો ટ્રેન્ડ ઝડપથી વધી રહ્યો છે. કેટલીક કંપનીઓ પહેલાથી જ તેમના વાહનોમાં સફેદ લાઈટ્સ ઓફર કરે છે.

# જામનગરમાં વણિક યુવાનની હત્યા નિપજાવનાર બંને આરોપીઓ જામકંડોરણા પાસેથી પકડાયા


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના વંડાફળી વિસ્તારમાં વણિક યુવાનની હત્યા કરીને નાસી છૂટેલા બે હત્યારાઓને લોકલ ક્રાઈમ બ્રાન્ચ તથા સિટી એ. ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમે કમાન્ડ એન્ડ કન્ટ્રોલ વિભાગની ટુકડીની મદદ મેળવીને જામ કંડોરણાં પાસેથી પકડી પાડ્યા છે, અને જામનગર લઈ આવ્યા બાદ બંન્નેની ધનિષ્ઠ પૂછપરછ હાથ ધરી છે.

જામનગરના વંડા ફળી વિસ્તારમાં આદિનાથ એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર. ૫૦૨માં રહેતા નીલયભાઈ અશોકભાઈ કુડલીયા (૪૦) ની તેના સાળા મનીષભાઈ જેરામભાઈ મોરી તથા સોહીલ સલીમભાઈ સોઢાએ ગઈકાલે સવારના તેના ઘરે આવી આડેધડ છરીના ઘા ઝીંકી હત્યા નિપજાવી ભાગી છૂટ્યા હતા. આ બનાવ સંદર્ભે જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈનીએ બન્ને આરોપીઓને તાત્કાલીક શોધી કાઢવા સૂચના આપી હતી, તેમજ નાયબ પોલીસ અધિક્ષક જયવિરસિંહ એન. ઝાલાના માર્ગદર્શન મુજબ એલ.સી.બી.ના પો.ઈન્સ. વી.એમ.લગારીયા અને સ્ટાફની ટીમ તથા સીટી એ. ડીવીઝનના પોલીસ ઈન્સ. એન.એ. ચાવડા અને તેઓની સર્વેલન્સ સ્કોડની ટીમો બનાવી બનાવવાળી જગ્યા આસપાસ ટેકનીકલ મદદથી તથા હ્યુમન સોર્સની મદદથી તપાસ શરૂ કરાવી હતી.

દરમિયાન હકીકત મળેલ કે ઉપરોક્ત બન્ને આરોપીઓએ હત્યા નિપજાવ્યા બાદ મોટરસાયકલમા નાશી ગયા છે. જેથી તે બાઈકની મુવમેન્ટ મેળવવા કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રૂમના ઈન્ચાર્જ પો.સબ.ઈન્સ. બી.બી.સિંગલનો સપર્ક કરતાં તેઓ દ્વારા બાઈકનું ટેકનીકલ એનાલીસીસ કરાયું હતું. જેમાં બાઈકની કાલાવડ વાવડી ચોકડી આસપાસ મુવમેન્ટ જોવામાં આવી હતી. જેથી તુરત જ અલગ અલગ ટીમો કાલાવડ તરફ રવાના થઈ હતી, અને જીલ્લાના અન્ય પો.સ્ટે.ને જાણ કરવામા આવી હતી. જે દરમ્યાન ઉપરોકત બન્ને આરોપીનું ટેકનીકલ એનાલીસીસ તથા હ્યુમન સોર્સથી જાણવા મળેલું કે, તેઓ કાલાવડથી જામકંડોરણા સાઈડ નાશી રહ્યા છે. જેથી પોલીસ સબ ઈન્સપેકટર એમ વી. ભાટીયા તેમજ જામ કંડોરણા પોલીસની ટીમની મદદથી આરોપીઓનો પીછો કરી સાતુદડ ગામની સીમમાથી પકડી પાડી હત્યાના બંન્ને આરોપીઓને ગણતરીની કલાકોમાં પકડી લેવામાં આવ્યા છે. જેઓને જામનગર લઈ આવ્યા બાદ સિટી એ. ડિવિઝન પોલીસ મથકમાં સુપ્રત કરાયા છે, જ્યાં બંનેની પુછપરછ ચલાવવામાં આવી રહી છે.

# ધ્રોલના જાયવા ગામ પાસે કાર અને બાઈકના અકસ્માતમાં આધેડનો ભોગ લેવાયો



તસવીરઃ સંજય ડાંગર

જામનગર : જામનગર જિલ્લામાં વાહન અકસ્માતની પરંપરા આવીરત ચાલુ રહી છે, અને જામનગર-રાજકોટ ધોરી માર્ગ વધુ એક વખત રકતરંજીત બન્યો છે. ધ્રોળ નજીક જાયવા ગામ પાસે કાર અને બાઈક વચ્ચેના અકસ્માતમાં બાઈક સવારનો ભોગ લેવાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ ધ્રોલમાં રાધે પાર્ક વિસ્તારમાં રહેતા રાજેશભાઈ ઉર્ફે ભુરાભાઈ વિનોદભાઈ વાજા (૫૧) કે જે ગઈકાલે સવારે પોતાનું જી.જે. ૧૦ આર ૨૨૬૯ નંબરનું બાઈક લઈને જાયવા ગામના પાટીયા પાસેથી પસાર થઈ રહ્યા હતા, જે દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેતી જીજે -૬ એલ.કે. ૨૧૩૫ નંબરની કારના ચાલકે બાઈકને ઠોકરે ચઢાવતાં અકસ્માત સર્જાયો હતો, અને બાઈક ચાલક યુવાન રાજેશભાઈનું ગંભીર ઈજા થવાથી કરુણ મૃત્યુ નીપજયું છે.

આ અકસ્માતના બનાવ અંગે રાજેશભાઈના મિત્ર ધ્રોલમાં રહેતા પૂરણદાસ નવનીતલાલ અગ્રાવતે ધ્રોલ પોલીસમાં કાર ચાલક સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે કાર ચાલક ખંભાળિયા પંથકના રણમલભાઈ મારખીભાઈ માડમ સામે અકસ્માત અંગે ગુનો નોંધ્યો છે.

# જામનગર તાલુકાના ઢંઢા ગામે ઘરકામ બાબતે માતાએ ઠપકો આપતા પુત્રીનો આપઘાત

જામનગર : જામનગર તાલુકાના ઢંઢા ગામમાં રહેતી એક યુવતીને માતાએ ઘરકામ બાબતે ઠપકો આપતાં માઠું લાગવાથી તેણીએ ઝેરી દવા પી આપઘાત કરી લીધો છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગર નજીક ઢંઢા ગામમાં રહેતા અને ખેતી કામ કરતા નીરુભા અણદુભા સોઢા નામના ૫૫ વર્ષીય ખેડૂતની ૧૯ વર્ષની પુત્રી જાનવીબા નિરુભા સોઢાએ ગત ૧૭મી તારીખે પોતાના ઘેર ઘઉંમાં નાખવાની ઝેરી દવા પી જતાં સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં તેણીનું સારવારમાં મૃત્યુ નિપજ્યું હોવાનું જાહેર કરાયું હતું.

આ બનાવ અંગે મૃતકના પિતા નીરુભા સોઢાએ પોલીસને જાણ કરતાં એ.એસ.આઈ. ડી.બી. જોગીયા જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને જાનવીબાના મૃતદેહનો કબજો સંભાળી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસની પૂછપરછ દરમિયાન મૃતક યુવતિને તેણીની માતાએ ઘર કામ કરવા બાબતે ઠપકો આપતાં માઠું લાગી આવ્યું હોવાથી આ પગલું ભરી લીધું હોવાનું જણાવ્યું છે.

# મનાઈ છતાં....બેટ-દ્વારકા વચ્ચે ચાલતી પેસેન્જર બોટ ઉપર કોના આશીર્વાદ ??


તસવીર : બુધાભા ભાટી

## જીએમબી તંત્રએ મનાઈ કરી છે ત્યારે ગઈકાલે વિદ્યાર્થીઓ અને યાત્રિકો ભરેલ બોટ સમિયાણી ટાપુ પાસે જોવા મળી હતી, અકસ્માત થશે તો જવાબદારી કોની?

ઓખા : બેટ-દ્વારકા જેટીએથી એક બોટમા બહારથી આવેલા વિદ્યાર્થીઓ અને યાત્રિકોને કોઈ પણ જાતની પરવાનગી વગર બેસાડીને સમિયાણી ટાપુ તરફ ડોલફિન માછલી જોવા અને બોટ મારફતે સમુદ્ર સહેલગાહ કરવા લઈ ગયા હતા. આવું પ્રથમ વખત નથી બન્યું પણ વારંવાર બન્ને છે. અને પેસેન્જર પાસેથી મનફાવે તેટલું ભાડું લઈને આ ભયજનક મુસાફરી કરાવાય રહી છે.

બેટ ઓખાના પેસેન્જર બોટ ધારકોને ઓખા પ્સ્મ તંત્રએ આવી બોટ બંધ કરાવી દીધેલી છે ત્યારે બેટના અમુક મોટા માથાઓની બોટ આવી ગેરકાયદેસર ભયજનક મુસાફરી કરાવે ત્યારે સરકારી તંત્ર કે અધિકારીની મીઠી નજર હોય તો જ આ શક્ય છે.

એક સપ્તાહ પહેલા આ અંગે ઓખા GMB ના અધિકારી ભાવેશ ચૌહાણ સાથે મોબાઈલ મારફતે ફરિયાદ કરેલ ત્યારે તેઓએ કાર્યવાહી કરવાનું કહ્યું હતું. પરંતુ કોઈ પણ કાર્યવાહી થયેલ નથી. ગઈકાલે પણ કોઈ પણ પરવાનગી વગર સર્વે થયેલ નથી અને પેસેન્જર લાઈસન્સ નથી તેવી બોટથી બહારના યાત્રિકોને કોઈ પણ જીવન રક્ષક સાધનો વિના બેરોકટોક સંવેદનશીલ ગણાતા સમુદ્રમાં ફરાવી રહેલ હોઈ ત્યારે સલામતી-સુરક્ષા સામે પણ સવાલ ઊભા થઈ રહેલ છે. શું આ ગેરકાયદેસર બોટિંગથી મળતી રકમમાં કોઈ તંત્રની હિસ્સેદારી હસે ? ઓખા GMBની માલિકીની જેટીનો કાયમી આવી રીતે ઉપયોગ થાય છે તે શું સ્થાનિક ઓખા GMBના જવાબદારોને ખબર નથી કે બધું "વહીવટ" થી ચાલે છે ? તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.

# જામનગરમાં વિપ્ર યુવાનનો અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત

જામનગર : જામનગરમાં ખોડીયાર કોલોની નજીક ચિત્રકૂટ સોસાયટીમાં રહેતા એક વિપ્ર યુવાને ગઈકાલે પોતાના ઘેર કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધાનો બનાવ પોલીસ ચોપડે ઉઠવા પામ્યો છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ખોડીયાર કોલોની નજીક ચિત્રકૂટ સોસાયટીમાં રહેતા રાજનભાઈ મનસુખભાઈ જોશી નામના ૩૦ વર્ષના વિપ્ર યુવાને ગઈકાલે પોતાના ઘેર કોઈ અગમ્ય કારણોસર રસોડામાં પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી, અને તેનું સ્થળ પર જ મૃત્યુ નીપજયું હતું.

આ બનાવ અંગે મૃતક ના પિતા મનસુખભાઈ રણછોડભાઈ જોશીએ પોલીસને જાણ કરતાં સીટી સી. ડિવિઝનના એ.એસ.આઈ. ટી.કે. ચાવડા ઘટના સ્થળે દોડી ગયા હતા, અને વિપ્ર યુવાનના મૃતદેહ નો કબજો સંભાળી તેણે કયા સંજોગોમાં આત્મહત્યાનું પગલું ભરી લીધું છે, તે જાણવા માટે તપાસ શરૂ કરી છે, અને પરિવારજનોના નિવેદનો નોંધ્યા છે.

# જામનગરમાં બર્ફીલો ઠંડો ફૂંકાતા શહેરીજનો ઠુઠવાયા

## કાતિલ પવનની સાથે ઠંડીમાં જોર વધતા રાત્રીના માર્ગો થયા સુમશાન



જામનગર : જામનગર શહેર અને જિલ્લામાં ઠંડી ધીમે ધીમે બોકાસો બોલાવી રહી છે. છેલ્લા બે દિવસથી ઠંડીના પ્રમાણમાં વધારો જોવા મળી રહ્યો છે, જેમાં ખાસ કરીને પ્રતિ કલાકના ૩૦ થી ૩૫ કિ.મી ની ઝડપે ફૂંકાઈ રહેલા બરફીલા ઠંડા પવને શહેરીજનો તેમજ પશુ-પક્ષીઓને પણ ધ્રુજાવ્યા છે, અને લોકો થરથર કાપી રહ્યા છે.

છેલ્લા બે દિવસથી હવામાનમાં પલટો આવ્યો હતો, અને સુસ્વાટા મારતા બરફીલા ઠંડા પવને જનજીવનને અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. વહેલી સવારે પણ લોકોની ઓછી હાજરી જોવા મળે છે, અથવા તો ગરમ વસ્ત્રોમાં જ લપેટાઈને નીકળવાનું લોકો પસંદ કરી રહ્યા છે.

ઉપરાંત સાંજના સમયે પણ બરફીલા પવનના કારણે શહેરના મુખ્ય માર્ગો સુમસામ નજરે પડી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી ભેજના પ્રમાણમાં પણ વધારો થયો હોવાના કારણે પ્રતિદિન ઝાકળભીની સવાર થાય છે, અને માર્ગો પણ ભીંજાયેલા રહે છે, જેથી પરોઢિયે વાહનચાલકોને હાલાકી વેઠવી પડે છે. જોકે હવામાન વિભાગ દ્વારા ઠંડીનો પારો ૧૨ ડિગ્રી સુધી ઉપર દર્શાવાઇ રહ્યો છે, જે આંકડા બરોબર ન હોવાનો નગરજનોનો મત છે.

જામનગર જિલ્લા કલેકટર કચેરીના કંટ્રોલરૂમના જણાવ્યા અનુસાર આજે સવારે ૮ વાગ્યે પુરા થતા ૨૪ કલાક દરમિયાન લઘુતમ તાપમાન ૧૨.લ ડીગ્રી સેન્ટીગ્રેડ જ્યારે મહત્તમ તાપમાન ૨૩.૫ ડિગ્રી સેન્ટિગ્રેડ નોંધાયું છે. જ્યારે પવનની ગતિ સરેરાશ પ્રતિ કલાકના ૩૦ થી ૩૫ કિ.મી ની ઝડપે રહી હતી.

# બેડી તેમજ ખીજડિયા વિસ્તારમાં ત્રણ બાઈકની ચોરી કરનાર શખ્સ ઝડપાયો


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના બેડી વિસ્તાર તેમજ ખીજડિયા બાયપાસ પાસે તાજેતરમાં ત્રણ બાઈકની ચોરી થવા પામી હતી. જે ગુનામાં લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમેં એક વાહન ચોરને પકડી પાડ્યો છે. જેની પાસેથી ચોરી કરેલ ત્રણ બાઈક કબજે કર્યા છે.

જામનગર શહેરના બેડી વિસ્તારમાં તેમજ નજીક ખીજડીયા બાયપાસ પાસેથી તાજેતરમાં અલગ અલગ ત્રણ બાઈકની ચોરી થઈ ગયાની ફરિયાદ પંચકોશી બી. ડિવિઝન પોલીસ મથક તેમજ બેડી મરીન પોલીસ મથકમાં નોંધાવવામાં આવી હતી.

જે ફરિયાદના અનુસંધાને જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ વાહન ચોરને શોધી કાઢવા માટે પેટ્રોલિંગ કરી રહી હતી, દરમિયાન એલસીબીની ટુકડીને મળેલી બાતમીના આધારે જામનગરના બેડી વિસ્તારમાં રહેતા આમિદ રજા ઉર્ફે આમિદ રીંગણો જાકુભાઈ ખોડ નામના શખ્સની અટકાયત કરી લીધી છે, અને તેની પાસેથી ત્રણ નંગ ચોરાઉ મોટરસાયકલ કબજે કરી લીધા છે. જે ઉપરોક્ત ત્રણેય સ્થળેથી મોટરસાયકલની ચોરી કરી લીધી હોવાની કબુલાત કરી છે.

# જામનગરમાં જુનાનાગના ગામે હિટાચીમાંથી બેટરીની ચોરી કરનાર બેલડી ઝડપાઈ


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના જુના નાગના ગામની સીમમાંથી એક હીટાચી મશીનમાંથી બે નંગ બેટરીની ચોરી કરવામાં આવી હતી. જે ગુનામાં એલસીબી પોલીસે બે આરોપીઓને ઝડપી લઈ તેઓ પાસેથી ચોરી કરેલ બેટરીઓ કબ્જે કરી છે.

એલસીબીના પો.ઈન્સ. વી.એમ. લગારીયાના માર્ગદર્શન મુજબ પો.સ.ઈ. સી.એમ.કાંટેલીયા તથા પો.સ.ઈ. એમ.વી.ભાટીયા તથા સ્ટાફના માણસો જામનગર શહેર વિસ્તારમાં વાહન ચોરી તથા ઘરફોડ ચોરીના અનડીટેકટ ગુન્હા શોધી કાઢવા અંગે પેટ્રોલીંગમા હતા,

દરમ્યાન સ્ટાફને મળેલ બાતમીના આધારે જુનાનાગના ગામની સીમ બંધ રેલ્વે ફાટક પાસે બેટરીની ચોરી કરનાર આરોપીઓ ખીમજીભાઈ અરજણભાઈ છીપરીયા (નવાગામ ઘેડ મધુરમ સોસાયટી ટાવરની બાજુમાં) અને ઘેલુભાઈ ઉર્ફે રફલો દેવાભાઈ જોગસવા

(રહેવાસી નવાગામ ઘેડ શંકરના મંદિર પાછળ) ને ઝડપી લીધા હતા અને તેઓ પાસેથી રૂપિયા ૨૦ હજારની કિંમતની ચોરી કરેલ બે નંગ બેટરી કબજે કરી હતી. બન્ને આરોપીઓ સામે સીટી બી. ડીવી પોલીસ સ્ટેશનમાં અગાઉ ૬ ગુના દાખલ થઈ ચૂક્યા છે.

# જામનગરના નીલકંઠ મહાદેવ મંદિરમાંથી પાણીના સબમર્સીબલ પંપની તસ્કરી



તસવીરઃ સુનિલ ચુડાસમા



જામનગર : જામનગર શહેર તથા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી હિન્દુ ધાર્મિક સ્થળોને તસ્કરો નિશાન બનાવી રહ્યા છે. ત્યારે ગઈકાલે વધુ એક મંદિરમાંથી પાણીના સબમર્સીબલ પંપની ચોરી થવા પામી છે. આ અંગે પોલીસને જાણ કરવામાં આવતા તપાસ શરૂ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરના કાલાવડ નાકા બહાર આવેલ નીલકંઠ મહાદેવના મંદિરમાં ગઈકાલે કોઈ તસ્કરોએ તાળા તોડીને અંદર પ્રવેશ કર્યો હતો અને મંદિર પરિસર માંથી પાણી ખેંચવાની રૂપિયા ૧૦ હજારની કિંમતના સબમર્સીબલ પંપની ચોરી કરી લઈ ગયા હતા.

આ અંગે નિયમિત મંદિરમાં જતા અને સેવા પૂજા કરતા જીતુભાઈ જમનાદાસ ખત્રીએ સિટી એ.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

અત્યારે ઉલ્લેખનીએ છે કે માસમાં આ મંદિરમાં બીજી વખત ચોરી નો બનાવ બનવા પામ્યો છે. આ ઉપરાંત પાંચ છ વર્ષ પહેલા પણ આ મંદિરમાં ચોરી થવા મામી હતી. આમ તસ્કરો હિન્દુ મંદિરોને ટાર્ગેટ કરી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.

# જામજોધપુરમાં બાળા સાથે અડપલા કરવાના કેસમાં વેપારી આરોપીને પાંચ વર્ષની સખત કેદ

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુરમાં એક વેપારીએ પોતાની દુકાનમાં વસ્તુ લેવા આવેલી ૧૧ વર્ષની બાળકી સાથે અડપલાં કરી છેડછાડ કરી હતી, જેમાં પોકસો સહિતની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો, જે કેસ અદાલત સમક્ષ ચાલી જતાં આરોપીને પાંચ વર્ષની સખત કેદની સજા, અને દંડનો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત એવી છે કે જામજોધપુર પંથકમાં રહેતા એક ફરિયાદીની ૧૧ વર્ષની સગીર વયની પુત્રીને આ કામના આરોપી ચંદુ નાથાભાઈ ચાવડા (૪૫ રહેવાસી જામજોધપુર) વાળાએ ભોગ બનનાર આરોપીની દુકાને નાસ્તો લેવા ગઈ હતી, ત્યારે આરોપીએ પોતાના ઘરના વાસણ સાફ કરી દે તેમ કહી હાથ પકડી આરોપીની દુકાનની બાજુમાં જ પોતાનું ઘર હોય ત્યાં લઈ જઈ અને ભોગ બનનાર સાથે જબરજસ્તી કરી શરીરે હાથ ફેરવવા લાગ્યો હતો.

ત્યારબાદ ભોગ બનનારના નીચેના કપડા કાઢી આરોપીએ પોતાના પેન્ટ ખોલી પોતાનું અંગ ભોગ બનનારના શરીરને અડાડવા લાગતાં ભોગ બનનાર રડવા લાગી હતી. જેથી આરોપીએ ભોગ બનનારને કહયું હતું કે આ વાત કોઈને કહીશ તો હું તને ગળુ દબાવી જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી.

જેથી ભોગ બનનારે તેમના ભાભુને બનાવની હકીકત જણાવી હતી, જેથી આરોપી વિરુદ્ધ જામજોધપુર પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ ૩૫૪, ૩૫૪ ક.૧ ,૨ તેમજ ૫૦૬-૨ તથા પોક્સોની કલમ ૮.૧૨ મુજબ ફરિયાદ નોંધાવી હતી.

જે કેસ મેજી. આર. પી. મોગેરાની પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકાર તરફે ૧૨ જેટલા સાહેદ તથા દસ્તાવેજ પુરાવા રજુ કરાયા હતા, તેમજ સરકાર તરફની દલીલ ગ્રાહય રાખી આરોપીને તકસીરવાન ઠરાવી આરોપીને પાંચ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૧૫,૦૦૦ નો દંડ, અને દંડ ન ભરે તો છ માસની વધુ સખત કેદની સજા તેમજ પોક્સો કલમ ૧૨ મુજબ ત્રણ વર્ષની સખત કેદની સજા, તથા રૂપિયા ૧૦,૦૦૦ દંડ અને દંડ ના ભરે તો વધુ ત્રણ માસની સખત કેદની સજા, તથા આઈપીસી કલમ ૫૦૬-૨ મુજબ ત્રણ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૫,૦૦૦ નો દંડ અને દંડના ભરે તો વધુ ત્રણ માસની સખત કેદની સજા તેમજ ભોગ બનનારને વળતર પેટે રૂપિયા બે લાખ પુરા ચૂકવવા હુકમ કર્યો છે. આ કેસમાં સરકારી વકીલ તરીકે ભારતીબેન વાદી રોકાયેલા હતા.

# જામનગરમાં ઘોડીપાસાના જુગાર પર પોલીસે દરોડો પડતા આરોપીઓમાં નાશભાગ

## સ્થળ પરથી ચાર ખેલંદાઓ ઝડપી લીધા, જયારે પાંચ ભાગી છૂટતા શોધખોળ

જામનગર : જામનગરમાં દિગજામ ઓવરબ્રિજની નીચે ગઈકાલે સાંજના સમયે કેટલાક શખ્સો એકત્ર થઈને ઘોડીપાસાનો જુગાર રમી રહ્યા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડતાં નાસભાગ થઈ હતી, અને ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. પોલીસે પાંચ ખેલંદાઓને ઝડપી લીધા છે, જ્યારે પાંચ ભાગી છૂટયા હોવાથી તેઓને ફરારી જાહેર કરાયા છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરના નવા આંબેડકર ઓવરબ્રિજની નીચે કેટલાક શખ્સો એકત્ર થઈને ઘોડીપાસા વડે જુગાર રમી રહ્યા છે, તેવી બાતમી સીટી સી. ડિવિઝનના પોલીસને મળી હતી. જેથી ઘટનાસ્થળે જઈ સ્ટાફે દરોડો પાડ્યો હતો. જે દરોડાને લઈને નાશ ભાગ થઈ હતી, અને જુગારીયા તત્વો અને પોલીસ વચ્ચે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. અને બનાવના સ્થળ આસપાસથી સિરાજ જુસબભાઈ નોયડા, મિલન અમરશીભાઈ શેખવા, જગતસિંગ રામસિંગ માલપાડા, મનોજ કાનાભાઈ કોળી, અને જગજીતસિંગ શેરસિંગ વગેરે પાંચ શખ્સોની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૩૧,૩૦૦ ની રોકડ રકમ અને ઘોડીપાસા ના જુગારનું સાહિત્ય કબજે કર્યું છે. જ્યારે અમર કોળી, વિક્રમ કોળી, કિશોર કોળી, કમલ કાનાભાઈ કોળી, અને રાજકુમાર કોળી નામના પાંચ શખ્સો ભાગી છૂટયા હોવાથી પોલીસે પાંચેયને ફરારી જાહેર કર્યા છે, અને તેઓની શોધખોળ હાથ ધરી છે.